Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH
Sales Representative
Dir: 647-995-5640
KOMAL SHAH
Sales Representative
Dir: 647-624-5640
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 20 MAY, 2022 Vol. 19, No. 20 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## યુક્રેનના બહાને અમેરિકા-રશિયા વચ્ચેનું નવું કોલ્ડવોર ટાળવાની મથામણમાં

# વૈશ્વિક અર્થતંત્રના 1.6 ટ્રિલિયન ડોલર ધોવાયા

**નવી દિલ્હી**

1947થી સતત 4 દાયકા સુધી અમેરિકા અન રશિયા વચ્ચે વર્ચસ્વની જંગમાં ચાલેલા કોલ્ડવોર બાદ દુનિયા હવે વધુ એકવાર કોલ્ડવોર જોઈ રહી છે. આજે યૂક્રેનના બહાને બંને મહાસત્તાઓ કોલ્ડવોર કરી રહી છે. અમેરિકા સીધેસીધું યુદ્ધમાં ઉતર્યું નથી.

રશિયા દ્વારા યૂક્રેન પર આક્રમણ અને ચીનમાં કોવિડ ઝીરો લૉકડાઉનના પરિણામે સપ્લાઈ ચેઈન વેરવિખેર થઈ રહી છે તેની વૃદ્ધિ પર અસર થઈ રહી છે. અને પરિણામે ફુગાવો ૪૦ વર્ષની ઊંચી સપાટી પર પહોંચી ગયો છે. આ બધા મુખ્ય કારણો વચ્ચે બ્લૂમબર્ગના અર્થશાસ્ત્રીઓએ અંદાજ મુક્યો છે કે ૨૦૨૨માં વૈશ્વિક અર્થતંત્રના ૧.૬ ટ્રિલિયન ડોલર ધોવાઈ જશે. પરંતુ આ તો ફક્ત પ્રારંભિક ફટકો જ હોય તો શું? બ્લૂમબર્ગ ઈકોનોમિક્સે એ બાબતનું અનુકરણ કર્યું છે કે લાંબા ગાળામાં વૈશ્વિકરણના ત્વરિત ઉત્ક્રમણ કેવું દેખાઈ શકે છે. આ બાબત ચીન વિશ્વ વ્યાપાર સંગઠનમાં સામેલ થયું તે પહેલાંના સ્તર પર વ્યાપારની સાથે એક ખૂબ જ નબળા અને ઓછા ઉત્પાદક ગ્રહની તરફ ઈશારો કરે છે. જો એક વધારાનો ઝટકો લાગશે તો ફુગાવાનો દર વધારે ઊંચો જઈ શકે અને વધારે અસ્થિર થશે. આશરે છ ટ્રિલિયન ડોલરના ગુડ્ઝ જે ગ્લોબલ જીડીપીના સાત ટકા કે બરાબર થાય છે તેનું ટ્રેડિંગ ડેમોક્રેટિક અને ઓટોક્રેટિક દેશોની વચ્ચે થાય છે. આ સ્થિતિના જોખમનો અંદાજ લગાવવા માટે બ્લૂમબર્ગ ઈકોનોમિક્સ ગ્લોબલ ઈકોનોમીના દરેક મોડલના ટ્રાફિક પર ૨૫ ટકા ટેરિફ દાખલ કરી હતી.



### વિક્ષેપની હારમાળાથી સ્થિતિ વધુ વણસી

ચાર વર્ષમાં વિક્ષેપની હારમાળાઓ સર્જાઈ છે. અમેરિકા અને ચીન વચ્ચેના વ્યાપાર યુદ્ધથી ટેરિફમાં અનેકગણો વધારો થયો હતો. રોગચાળાથી લોકડાઉન આવ્યું અને હવે પ્રતિબંધો અને નિકાસ નિયંત્રણો કોમોડિટીઝ અને ગુડ્ઝની સપ્લાયને વધારે ખોરવી રહ્યા છે.

## એસએન્ડપી 500 અને ડાઉજોન્સમાં લગભગ બે વર્ષનો સૌથી મોટો કડાકો

# ભારતીય શેરબજારમાં 1400 પોઈન્ટનો કડાકો રોકાણકારોના રૂ. 6.50 લાખ કરોડ ધોવાયા

**મુંબઈ**

ગુરવારે ભારતીય શેરબજાર ખૂલતાની સાથે જ ધડામ થયા બાદ દિવસના અંતે કડાકા સાથે બંધ રહ્યા હતા. તેની પાછળ વૈશ્વિક બજારોની ચાલ જવાબદાર છે તેવું નિષ્ણાતોનો મત હતો. બીએસઈ ખાતે સેન્સેક્સ 1416 અંકના કડાકા સાથે 52792 પર બંધ રહ્યો. જ્યારે એનએસઈ ખાતે નિફ્ટી 430 અંકના જંગી કડાકા સાથે 15809 અંક પર બંધ રહી.

સેન્સેક્સે આજે 53000ની સપાટી તોડી નાંખી છે. તો નિફ્ટીમાં 400 અંકથી વધુનું ગાબડું પડયું હતું. શેરબજારમાં આ મોટી નુકસાનીના લીધે રોકાણકારોની 6.50 લાખ કરોડની મૂડીનું ધોવાણ થઈ ગયું.

દુનિયાભરના શેરબજારમાં હાલ વેચવાલીનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. બુધવારે એટલે કે ગઈકાલે તો અમેરિકન બજારો ભયંકર રીતે તૂટ્યા હતા. વોલસ્ટ્રીટની તબાહીએ રોકાણકારોને ફરીથી ધોળા દિવસે તારા દેખાડી દીધા હતા. એસએન્ડપી 500 અને ડાઉજોન્સમાં લગભગ બે વર્ષનો સૌથી મોટો કડાકો બોલાયો. અમેરિકન બજારોને રેકોર્ડબ્રેક મોંઘવારી રડાવી રહી છે. એપ્રિલમાં રિટેલ મોંઘવારી 8.3 ટકા પર પહોંચી ગઈ, બીજીબાજુ ફેડે આ સપ્તાહે સ્પષ્ટતા કરી કે જ્યાં સુધી મોંઘવારી કાબૂમાં નહીં આવે ત્યાં સુધી વ્યાજ દર વધતા રહેશે. તેની બજાર પર અસર પડી છે.

# રોડરેજ કેસમાં નવજોત સિદ્ધુને 1 વર્ષની જેલ



ચંડીગઢ : કોંગ્રેસના નેતા નવજોત સિંહ સિદ્ધુને રોડરેજ કેસમાં મોટો ઝાટકો લાગ્યો છે. તેમને સુપ્રીમ કોર્ટે એક વર્ષની સજા સંભળાવી છે. આ રોડ રેજનો કેસ 1988ની સાલનો છે. નવજોત સિંહ સિદ્ધુને પહેલાં આ કેસમાં રાહત મળી હતી. પરંતુ રોડ રેજમાં જે શખ્સનું મૃત્યું થયું હતું તેમના પરિવારે રિવ્યુ પિટિશન દાખલ કરી હતી. હવે તેના પર સુનવણી કરતાં સિદ્ધુને એક વર્ષની જેલની સજા સંભળાવામાં આવી છે. IPCની કલમ 323ની અંતર્ગત સિદ્ધુ પર 33 વર્ષ પહેલાં કેસ નોંધાયો હતો. તેમાં વધુમાં વધુ એક વર્ષની સજા થઈ શકે છે.

27 ડિસેમ્બર 1988ના રોજ સાંજે સિદ્ધુ પોતાના મિત્ર રૂપિંદર સિંહ સંધૂની સાથે પટિયાલાના શેરાવાલે ગેટના બજારમાં પહોંચ્યા હતા. માર્કેટમાં કાર પાર્કિંગને લઈ તેમની 65 વર્ષના વૃદ્ધ ગુરનામ સિંહ સાથે અણબન થઈ. વાત મારમારી સુધી પહોંચી ગઈ હતી. સિદ્ધુએ ગુરનામ સિંહના ઘૂંટણને તોડી નાંખ્યો હતો. ત્યારબાદ ગુરનામ સિંહને હોસ્પિટલ લઈ જવાયા હતા જ્યાં તેમનું મોત થયું. રિપોર્ટમાં સામે આવ્યું હતું કે ગુરનામ સિંહનું મોત હૃદયરોગના હુમલાથી થયું હતું.



આસામમાં પૂર: 8નાં મોત, 5 લાખથી વધુ લોકો પ્રભાવિત

PAGE NO. 15

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

CIBC
Mortgage advice that comes to you
For expert advice contact me today
Dhiresh Shah
Mobile Mortgage Advisor
Tel : 647-248-0246
dhiresh.shah@cibc.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203 Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં ઘરોની કિંમતમાં સતત બીજા મહિને ઘટાડો

## કોરોના કાળ બાદ હોમલોનના વ્યાજ દરમાં થયેલા વધારાની સીધી અસર રિઅલ એસ્ટેટ પર પડી

**ટોરોન્ટો**

કેનેડામાં હોમ લોનના વ્યાજદરમાં વધારાને પગલે રીયલ એસ્ટેટ બજારમાં મંદી જોવા મળી રહી છે. એપ્રિલમાં મકાનોની કિંમતમાં વધુ ૧૨ ટકાનો ઘટાડો થતા એ ૭૪૬,૦૦૦ યુએસ ડોલર જેટલા થયા હતા. કેનેડીયન રીયલ એસ્ટેટ એસોસિયેશને સોમવારે જણાવ્યું હતું કે, આ મોટો ઘટાડો છે, જેની અસર ખાસ ટોરન્ટો જેવા શહેરમાં જોવા મળી છે અને એ છેલ્લા બે મહિનાથી ચાલી રહી છે.

આ વર્ષના ફેબ્રુઆરીમાં ૮,૧૬,૦૦૦ યુએસ ડોલર જેટલી ઉચી કિંમત જોવા મળી હતી. પરંતુ છેલ્લા બે માસથી એમાં સતત ઘટાડો જોવા મળી રહયો છે. માર્ચમાં સરેરાશ કિંમત ૭,૯૬,૦૦૦ યુએસડી જેટલી હતી. જેમાં વધુ ૬ ટકાના ઘટાડા સાથે એપ્રિલમાં એ ઓછી થઈ ગઈ હતી. આ માસ ખાસ કરીને રીયલ એસ્ટેટ માટે તેજીનો ગણાય છે. એસોસિયેશનના અધ્યક્ષ જિલ ઔડીલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોથી કેનેડાના કેટલાક શહેરોમાં પ્રોપર્ટી બજારમાં મંદી જોવા મળી રહી છે. એમાંય જયારથી હોમલોન પરના વ્યાજમાં વધારો થયો છે ત્યારથી એટલે કે છેલ્લા બે માસથી એની અસર ગ્રાહકની ખરીદ શકિત પર પડી રહી છે.

એસોસિયેશન કહે છે કે, મકાનની સરેરાશ કિંમત વિશે પણ ગેરસમજો ઉભી થાય એવા આંકડાઓને કારણે વાન્કુંવર અને ટોરન્ટો જેવા શહેરોમાં મોંઘા મકાનોમાં ખરીદીમાં અચાનક ફેરફાર જોવા મળ્યો છે. એમાં મકાનની કિંમતને હાઉસ પ્રાઈઝ ઈન્ડેક્ષ (એચપીઆઈ) ગણવામાં આવે છે. જેમાં બજારમાં મકાનોના વેચાણના કદ અને પ્રકારને સમતોલ કરવામાં આવે છે. આ વર્ષે એપ્રિલમાં એચપીઆઈમાં ૦.૬ ટકા ઘટયો છે. જે છેલ્લા બે વર્ષનો પહેલો માસિક ઘટાડો છે. જયારે મકાનોની કિંમતોમાં થયેલો ઘટાડો અંદાજે ૭ ટકા જેટલો છે જે ગયા વર્ષની સરખામણીમાં વધુ છે. રીટેલર ડેનિયલ ફોચ કહે છે કે, અત્યારનું બજાર ગ્રાહકો માટેનું ન હોય એવું લાગે છે. કેમ કે, આ તો કોઈ સૌંદર્ય સ્પર્ધાના બજાર જેવું બની ગયું છે. જો કે, ખરીદનારા તો પણ મકાન ખરીદી રહ્યા છે પણ કયારેક વેચનાર અને ખરીદનારના ભાવોમાં તફાવત વર્તાય રહ્યો છે.

# સ્વિડન અને ફીનલેન્ડનાં નાટો પ્રવેશને માન્યતા આપનારામાં કેનેડા પ્રથમ દેશ

**ઓન્ટેરિયો**




સ્વિડન અને ફીનલેન્ડે નાટો સાથે જોડાવાના સંકેતો આપતાં કેનેડાએ આ બંને દેશોના નાટોનાં સભ્યપદને માન્યતા આપનાર દેશોમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ સભ્યપદ ટ્રાન્સ એટલાન્ટા મિલિટરી એલાયન્સ કેનેડા ખાતે આપવામાં આવ્યું હતું, એમ કેનેડાના વિદેશી બાબતોનાં મંત્રીએ જણાવ્યું હતું. એક વાર નોર્થ એટલાન્ટિક કાઉન્સિલના 30 દેશોના સભ્યોએ ચર્ચા કર્યા બાદ સ્વિડન અને ફીનલેન્ડને નાટો સૈન્યજૂથમાં પ્રવેશને મંજુરી આપી હતી. બ્રસેલ્સમાં યોજાયેલા એક કાર્યક્રમમાં જર્મની, બેલ્જિયમ, જી7, નાટો અને યુરોપિયન દેશોના વિદેશપ્રધાનો હાજર રહ્યા હતા, ત્યારે પોતાના સમકક્ષ મંત્રીઓની સામે પત્રકારોને સમક્ષ બોલતાં વિદેશપ્રધાન મેલેની જોલીએ જણાવ્યું હતું કે, સ્વિડન અને ફીનલેન્ડને નાટોમાં સામેલ કરવાનું ગ્રાઉન્ડવર્ક પૂરું થયા બાદ તેમને પ્રવેશ આપવામાં આવ્યો છે, જેને અમે આવકાર આપીએ છીએ.

# અલ્બર્ટામાં બાળકોનાં અસ્થિ મળતાં તપાસ શરૂ

## લાર્જે નિવાસી શાળા પરિસરની મુલાકાત લીધા બાદ સભ્યોના નિવેદન નોંધ્યા

**ટોરોન્ટો**

સેડલ લેક ક્રી નેશન કે જે પૂર્વ અલ્બર્ટામાં આવેલું છે, ત્યાં આશરે 200 બાળકોનાં મોત થયાં હોવાના પુરાવા મળ્યા છે. આ બાળકો નિવાસી શાળામાં અભ્યાસ કરતાં હતાં. નિવાસી શાળાઓમાં બનેલા આ બનાવમાં આ સૌથી ખોફનાક અને કંપાવી દેનારો બનાવ છે, આમ એસિમોવિન ઓપેસ્પિવ સોસાયટીના એરિક લાર્જે એડમન્ટન ખાતે મંગળવારે પત્રકારોને જણાવ્યું હતું. તેઓ લાર્જ દફનાવી દેવામાં આવેલાં બાળકોનાં અસ્થિનાં અવશેષોની તપાસ કરી રહ્યા હતા.

આ બનાવ આલ્ટાનાં સેન્ટ પોલ ખાતે આવેલી બ્લુ ક્વિલ્સ ઈન્ડિયન નિવાસી શાળામાં બન્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, 215 વિદ્યાર્થીઓનાં મોત થયાં હતાં. આ બાળકોની ઉંમર 6થી 11 વર્ષની હતી. પરંતુ હજુ પણ તેનો ચોક્કસ આંકડો મળતો નથી. ગુમ થયેલાં બાળકોની સંખ્યા વધારે હોવાનું જણાય છે. જે જગ્યાએ આ બનાવ બન્યો હતો, તે અત્યંત સખત હતી અને માંદગી, ભૂખમરો તથા બેકારીને કારણે હિંસા પણ ફાટી નીકળી હતી. ઘણીવાર લાર્જે પોતે પણ આ નિવાસી શાળાનાં બનાવનાં સ્થળની મુલાકાત લીધી હતી. લાર્જે કેથોલિક ચર્ચ પાસેથી મોટા પ્રમાણમાં અસ્થિ મેળવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, 12000 પરિવારનાં 5 સભ્યો અને જે બીજાં બાળકો ગુમ થયાં છે, એ બાબતે કોઈ માહિતી મેળવી શકાઈ નથી. અમે તપાસ માટે સભ્યનાં નિવેદનો નોંધી રહ્યા છીએ અને દેશ તથા દેશની બહારનાં લોકોનો સતત સંપર્ક સાધી અપરાધી સુધી પહોંચવાના પ્રયત્નો કરી રહ્યા છીએ. સેડલ લેક ખાતેનાં એક કાઉન્સિલરને એકાએક જ થોડાં અસ્થિ મળી આવ્યાં હતાં, જે આ કરુણાંતિકાનો ભોગ બનેલાં બાળકોનાં હતાં અને હજુ વધુ કબરો ખોદવા માટે સેકર્ડ હાર્ટ સિમેટ્રીના સભ્યોની મદદ લેવાઈ રહી છે.

# એરલાઈન્સની સુવિધામાં ફેરફાર અંગે ભૂતપૂર્વ ચીફ ઓપરેટિંગ ઓફિસરની ટ્વિટ બાદ વિવાદ

## પરિવહન મંત્રીનો ખુલાસો, અમે કોઈને સમય ઘટાડવા સુચના આપી જ નથી

**ટોરોન્ટો**

કેનેડાનાં પરિવહન મંત્રીએ કેન્દ્ર સરકારે એરલાઈન્સને તેનાં ઉડ્ડયન સમયમાં કાપ મૂકવા માટે કે તેમનાં સમયપત્રકમાં ફેરફાર કરવા માટે કોઈ આદેશ આપ્યો નથી. હાલ કેટલીક વિમાની સેવાઓમાં વિલંબ થઈ રહ્યો હોવાથી સરકાર ઉપર આ આક્ષેપ કરવામાં આવ્યો હતો, તેનો મંત્રી દ્વારા આ પ્રકારે જવાબ આપવામાં આવ્યો હતો.

પરિવહન મંત્રી ઓમર અલઘાબરાની ઓફિસે કેનેડિયન હવાઈમથકો ઉપર હાલની સ્થિતિ બાબતે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં જણાવાયું હતું કે, તેની સરકાર આ સમસ્યાનાં ઉકેલ માટે પ્રયત્નો કરી રહી છે. જો કે, તેમણે એરલાઈન કંપનીને સમયમાં કાપ મૂકવા બાબતે સીધો જવાબ આપ્યો નહોતો. અમારી સરકારે એરલાઈન્સ કંપનીઓને તેમની ફ્લાઈટના સમયમાં કાપ મૂકવાનું ક્યારેય કહ્યું નથી અને ભવિષ્યમાં પણ કહેવાના નથી.

ભૂતપૂર્વ ચીફ ઓપરેટિંગ ઓફિસર જે એર કેનેડામાં કામ કરતા હતા, તેમણે કરેલાં એક ટ્વિટને કારણે આ હોબાળો મચ્યો હતો. ટ્વિટમાં જણાવવામાં આવ્યું હતું કે, એરલાઈન્સને તેમનો ઉડ્ડયનનો સમય ઓછો કરવાનું સરકાર તરફથી કહેવામાં આવ્યું છે અને તેને કારણે હવાઈમથકો પર આ ગરબળ ઊભી થઈ છે.






# સત્તા મળશે તો ટોરોન્ટો સિટી કાઉન્સિલની જુની સ્થિતિ ફરી બહાલ કરીશું: એનડીપી

## ડગફોર્ડની સરકારે કાયદો પસાર કરીને કાઉન્સિલરોની સંખ્યામાં કાપ મુક્યો હતો

**ટોરોન્ટો**

ટોરોન્ટો મહાનગરપાલિકાની છેલ્લી ચૂંટણી જીત્યા બાદ ડગફોર્ડની સરકારે એક કાયદો પસાર કરી કાઉન્સિલરોની સંખ્યામાં કાપ મુક્યો હતો. એ કાયદો હવે રદ કરવા માટે એનડીપીએ ટોરોન્ટો ખાતે વચન આપ્યું હતુ. એનડીપીના ઉમેદવાર અને ભૂતપૂર્વ કાઉન્સિલર ક્રિસ્ટિન વોંગ ટેમે રવિવારે ટોરોન્ટો સેન્ટર ખાતે જણાવ્યું હતું કે, જો એનડીપી આ ચૂંટણીમાં જીતી જશે તો કાઉન્સિલની ૨૦૧૮ ચૂંટણી બાદ ઝડપી અને કરકસરયુક્ત વહિવટના બહાને ફોર્ડે કાઉન્સિલરોની સંખ્યા ૪૫ ઉપરથી ઘટાડીને ૨૫ કરી નાખી છે. તે અમે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં વધુને વધુ લોકો ભાગ લઈ શકે એ માટે ટોરોન્ટો કાઉન્સિલને ફરીથી યથાવત સ્થિતિમાં લાવવા માટે નવો કાયદો લાવીશું. ડગફોર્ડના આ સુધારાનો અનેક સામાજિક સંસ્થાઓએ વિરોધ કર્યો હતો. પરંતુ સર્વોચ્ચ ન્યાયાલયે ઓક્ટોબર ૨૦૨૧ના ચુકાદામાં જણાવ્યું હતું કે, સરકારે બંધારણની હદમાં રહીને કામ કર્યું છે. આ શહેરના વિકાસ માટે લોકો સાથે મળીને કામ કરવા પ્રતિબદ્ધ, દરેક નાગરિકને પ્રગતિ સાધવાની તક મળે અને સ્વમાન જળવાય એવી સરકાર મેળવવા માટે ઓન્ટેરિયો હકદાર છે.

### એનડીપીના વચનો

- વાસ્તવિક ભાડા નિયંત્રણ કાયદો પાછો લાવશે
- જાહેર નાણાં ભંડોળ દ્વારા માનસિક આરોગ્યની યોજના તૈયાર કરાશે. જેમાં ઓએચએચ પી કાર્ડ્ઝની વ્યવસ્થા કરવામાં આવશે
- વધુ પ્રમાણમાં ટીટીસી કરવામાં આવશે, મ્યુનિસિપલ ટ્રાન્ઝીટ.
- ઓપરેશન માટે ૫૦ ટકા ભંડોળ રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે
- ૨૦૫૦ સુધીમાં ઓન્ટારીઓને નેટ ઝીરો કરાશે
- પ્રોવિન્શિયલ આર્ટ્સ સ્ટેટેજી તૈયાર કરવામાં આવશે

# ઓન્ટેરિયોમાં 2012 બાદ 2022ના વર્ષમાં સૌથી વધુ ઘાતક બનાવો

## નબળું અને બેદરકારીભર્યું ડ્રાઈવિંગ જીવલેણ અકસ્માતો પાછળનું મુખ્ય કારણ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોમાં 2022માં ડઝનબંધ ઘાતક બનાવો બન્યા હતા, 2012માં ઘાતક બનાવોનો દર સૌથી ઊંચો રહ્યો હતો.

ઓન્ટેરિયો રાજ્યની પોલીસે જણાવ્યું હતું કે, આ વર્ષમાં વાહનો વચ્ચે 100થી વધુ જીવલેણ અથડામણો થઈ હોવાનાં અમારી પાસે પુરાવા છે. જે અન્ય દાયકાઓ કરતાં આ દાયકામાં સૌથી વધુ હોવાનું સૂચવે છે. પોલીસે એમ પણ જણાવ્યું હતું કે, નબળું અને બેદરકારીભર્યું ડ્રાઈવિંગ આ જીવલેણ બનાવોમાં સૌથી મુખ્ય કારણ છે. મે મહિનાનાં બીજાં સપ્તાહમાં 107 જીવલેણ અકસ્માત પેટ્રોલથી ચાલતાં વાહનો દ્વારા થયા છે. ગત વર્ષે ઓપીપી ઉપર 100થી વધુ લોકોનાં મોત થયાં હતાં અને 2012માં રોડ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોની સંખ્યા સૌથી વધુ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે, કારના ચાલકો 79 માઈલ પ્રતિ કલાકથી વધુ ઝડપથી વાહન ચલાવતા હોવાને કારણે આવા ગંભીર અકસ્માતમાં ચાલકોને ઈજા થાય છે.

એક જ દિવસમાં 25 મોતનો એક નવો રેકોર્ડ બન્યો છે. ગયા વર્ષે આ જ સમયે ગંભીર અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા 14 હતી. આલ્કોહોલ પણ આવાં વાહન અકસ્માતો માટેનું મુખ્ય કારણ છે. ગયા વર્ષે 11 મોત આલ્કોહોલ પીને વાહન ચલાવવાને કારણે થયાં હતાં, જ્યારે આ વર્ષે અત્યાર સુધીમાં આવાં 15 મોત નોંધાયા છે. પોલીસે નોંધ લીધી હતી કે, 27 જીવલેણ અકસ્માતો વાહનની વધુ ઝડપને કારણે થયાં છે. જ્યારે ગયા વર્ષે 15 બનાવ બન્યા હતા.

# આઈઆરસીસીની અરજી મંજૂરીની પ્રક્રિયા પહેલા જેવી સામાન્ય બનાવવા કવાયત

**ઓન્ટેરિયો**

કેનેડીયન સંસદની સ્ટેન્ડીંગ કમિટી ઓન સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશનને કમિટીના નવા સ્ટડી રીપોર્ટની ચર્ચા પહેલા ઈમીગ્રેશન મિનીસ્ટર સીન ફ્રેઝરે કહ્યું હતું કે, આઈઆરસીસીની અરજીઓના ભરાવા અને એને મંજુરીની પ્રક્રિયા હવે પહેલા જેવી સામાન્ય બની શકશે.

ફેડરલ સરકારના અધિકારીઓ સહિતની સંસદીય સમિતિ ઈમીગ્રેશન અને મલ્ટીકલ્ચરીઝમ વિશે ચર્ચા વિચારણા કરી રહી છે. ઉપરાંત ઈમીગ્રેશન વિભાગ અને રેફ્યુજી બોર્ડની કામગીરીની સમીક્ષા પણ કરશે.

તેમણે એ વિશે એક અભ્યાસ પણ કરાવ્યો છે, જે ઈમીગ્રેશન પોલીસીમાં સુધારાની તકોને શોધી એ વિશે ભલામણો કરશે. ઈમીગ્રેશન મિનીસ્ટરને આઈઆરસીસીના પ્રતિનિધી તરીકે આ ચર્ચામાં નિમંત્રિત કરવામાં આવ્યા હતા. એપ્રિલની ૨૯મી તારીખ સુધીમાં ૨.૧ મિલીયન અરજીઓ પડતર છે અને પ્રતિક્ષામાં છે જે સીટીઝનશીપ, ઈમીગ્રેશન અને કામચલાઉ નિવાસી તરીકેની મંજુરીની રાહ જોઈ રહ્યા છે. એપ્રિલ ૨૦૨૧ની સરખામણીમાં આ વખતની અરજીઓ બમણી સંખ્યામાં છે એનું એક કારણ કેનેડા -યુક્રેન ઓથોરાઈઝેશન ફોર ઈમરજન્સી ટ્રાવે (સીયુએઈટી) છે.

ફ્રેઝરે એમ પણ કહ્યું હતું કે, આઈઆરસીસી પ્રક્રિયાના સમયને સાચવવામાં હવે પહેલાની સ્થિતિમાં આવી જશે અને આ વર્ષ પુરૂં થાય એ પહેલા બાકી અરજીઓની પ્રક્રિયા પુરી થઈ શકશે. અમે એ અંગેની સમયમર્યાદા પણ સમયે સમયે જાહેર શકતા રહીશું.

આ લક્ષ્ય પુરૂ કરવા વિભાગમાં કર્મચારીઓની સંખ્યામાં પણ વધાપો કરાશે અને ઈમીગ્રેશન સિસ્ટમને પણ અપગ્રેડ કરશે.

# આડેધડ ગર્ભાધાનને કારણે આરોગ્ય ક્ષેત્રને ૩૨૦ મિલિયન ડોલરનો વધારાનો ખર્ચ

## કેનેડામાં કાયમી ધોરણે મફત ગર્ભનિરોધકો પુરા પાડવા મેડિકલના વિદ્યાર્થીઓની માંગ

**ઓન્ટેરિયો**

કેનેડામાં મેડિકલ સેકટરના વિદ્યાર્થીઓએ દેશમાં વિના મૂલ્યે વ્યાપક અને કાયમી ધોરણે ગર્ભનિરોધક પુરા પાડવા કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી કરી છે. કેનેડામાં રાજ્ય સરકારો મેડિકલ ઈન્શ્યોરન્સ માટે ગર્ભનિરોધક સહિતના તમામ સાધનો અંગે નિર્ણય કરે છે, પરંતુ ગર્ભનિરોધકનું પ્રમાણ રાજ્ય રાજ્ય વચ્ચે જુદું જુદું હોય છે અને ઘણા લોકો સુધી આ સાધનો પહોંચતા નથી. કારણ કે, સરકારી કે ખાનગી વિમા યોજના અને હોસ્પિટલોમાં ગર્ભનિરોધકોના જથ્થા તરફ ધ્યાન આપવામાં આવતું નથી. તેથી જ



કેનેડીયન ફેડરેશન ઓફ મેડિકલ સ્ટુડન્ટ્સ તરફથી કેન્દ્ર સરકારને આ બાબતે પગલાં લેવા માંગણી કરવામાં આવી છે. ધ જર્નલ ઓફ ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજીસ્ટ-૨૦૧૫ના એક અહેવાલ મુજબ ગર્ભનિરોધકો પુરા પાડવામાં દાખવાતી બેદરકારી પરિવાર અને સરકારને મોંઘા પડે છે. કેનેડામાં આયોજન વિનાના ગર્ભાધાનને કારણે દર વર્ષે આરોગ્ય ક્ષેત્રને ૩૨૦ મિલિયન ડોલરનો વધારાનો ખર્ચ થાય છે. યુનિવર્સિટી ઓફ બ્રિટિશ કોલંબિયાની બીજા વર્ષની મેડિકલની વિદ્યાર્થી નિડેની લાઉએ આયોજક ગ્લોરીયા મેકરેનકોને કહ્યુ હતુ કે, આયોજન વિનાનું ગર્ભાધાન જીવન માટે જોખમી છે. શિક્ષણમાં અવરોધ અને વધતા જતા આરોગ્ય ખર્ચને કારણે આવાં અનુભવોની હારમાળા સર્જાય છે. ફેડરેશને કહ્યું હતું કે, કલિનિકો અને હોસ્પિટલોમાં કામ કરવા મેડિકલના વિદ્યાર્થીઓને ગર્ભનિરોધકો બાબતે અનેક વખત બેદરકારી જોવા મળી છે. તેથી અમે ઈચ્છીએ છીએ કે, સરકાર ગર્ભનિરોધકોના ઉપયોગ અંગે પ્રોત્સાહન આપે અને લોકોમાં જાગૃતિ લાવવા ગર્ભનિરોધકોનો પ્રચાર કરે તથા આખા કેનેડામાં તે સરળતાથી મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવે.

# પીસી ઓફ બ્રામ્પ્ટનના ઉમેદવારોનો વિજય સર્વાંગી વિકાસ માટે જરૂરી: નવલ બજાજ

## નવલ બજાજ દ્વારા પ્રાંતીય ચૂંટણી પહેલા મીટ એન્ડ ગ્રીટનું આયોજન

**બ્રામ્પ્ટન**

નવલ બજાજે આગામી પ્રાંતીય ચૂંટણીઓ, બ્રામ્પટન ઈસ્ટ હરદીપ તેમજ બ્રામ્પટનની તમામ પાંચ રાઈડિંગ્સ માટે ઓન્ટેરિયોની P.C. પાર્ટીના ઉમેદવારો માટે મીટ એન્ડ ગ્રીટનું આયોજન કર્યું હતું. ગરેવાલ, બ્રામ્પટન સેન્ટર કેરામાઈન વિલિયમ્સ, બ્રામ્પટન નોર્થ ગ્રેહામ મેકગ્રેગોર, બ્રામ્પટન વેસ્ટના અમરજોત સંધુ અને બ્રામ્પ્ટન સાઉથ હોન.ના પ્રબમીત સરકારિયાએ મીટ એન્ડ ગ્રીટ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

સમુદાયના આગેવાનો, ઘણી વેપારી સંસ્થાના આગેવાનો, સામાજિક અને ધાર્મિક સંસ્થાના વડાઓ તથા મીડિયાકર્મીઓની હાજરીમાં નવલ બજાજે જાહેર જીવનમાં મજબૂત બેકગ્રાઉન્ડ ધરાવતા પાંચેય ઉમેદવારોનો પરિચય આપ્યો હતો. બજાજે આ તકે કહ્યું હતુ કે, આ ઉમેદવારો પ્રાંતીય મુદ્દાઓને સમજે છે. પ્રાંતીય મુદ્દાઓ પર પ્રતિનિધિત્વ કરવા માટે તૈયાર છે તેમજ બ્રામ્પટનને વિવિધ મુદ્દાઓ પર પ્રતિનિધિત્વ કરવા માટે યોગ્ય પ્રતિનિધિત્વ મળે આપી શકે તેમ છે. હાલમાં બ્રામ્પ્ટનમાં કેટલીક સમસ્યાઓ છે. 2જી હોસ્પિટલ, યુનિવર્સિટી, હાઈવે, એફોર્ડેબલ હાઉસિંગ, શૈક્ષણિક સંસ્થાના મુદ્દાઓ વિકાસશીલ શહેર બ્રામ્પટન માટે મહત્વના છે.

તે જ સમયે પ્રાંતીય મુદ્દાઓની વાત આવે ત્યારે મજબૂત અવાજ હોવો જરૂરી છે. બજાજે વધુમાં કહ્યું હતુ કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ, વીમો તથા આર્થિક સમૃદ્ધિ માટે મહત્વના ગણાતા નાના અને મધ્યમ વેપારીની મદદ જેવા મુદ્દા આપણી પ્રગતિ માટે મહત્વના છે. બ્રામ્પ્ટનના લોકો અને ઑન્ટારિયોના એકંદર લોકો માટે વ્યવસાયો, નોકરીઓનું સર્જન જરૂરી છે. નવલ બજાજે પ્રીમિયર ડગ ફોર્ડના નેતૃત્વ હેઠળની વર્તમાન સરકારે છેલ્લા 4 વર્ષમાં શું કર્યું છે તેનો ચિતાર પણ આપ્યો હતો.

કાર્યક્રમમાં બ્રામ્પ્ટન સાઉથના ઉમેદવાર પ્રબમીત સરકારિયાએ અત્યાર સુધીમાં તેઓ શું હાંસલ કરી શક્યા છે તેની ચર્ચા કરી છે. તેમણે ઓન્ટેરિયોમાં પ્રીમિયર ડગ ફોર્ડ સરકારનું નેતૃત્વ, બ્રામ્પ્ટન માટે 2જી હોસ્પિટલ, મેડિકલ યુનિવર્સિટી, હાઈવે 413, ગેસના બિલમાં ટેક્સ ઘટાડવો જેવા પ્રશ્નો પણ રજૂ કર્યા હતા. ઉમેદવાર કેરામાઈન વિલિયમ્સે બ્રામ્પટન સિટી માટે વોર્ડ 7 અને 8 માટે કાઉન્સિલર તરીકેના તેમના ટ્રેક રેકોર્ડ પર ભાર મૂક્યો હતો. 2018માં તેઓ બ્રામ્પ્ટન સિટી કાઉન્સિલ માટે ચૂંટાયા હતા. આ સમયે તેઓ કાઉન્સિલ માટે ચૂંટાયેલી પ્રથમ અશ્વેત મહિલા બની હતી. આ તકે અમરજોત સંધુએ છેલ્લા 4 વર્ષમાં જે કંઈ પ્રાપ્ત થયું હતું તે કોઈપણ ઉદારવાદી સરકારે બ્રામ્પ્ટન માટે કર્યું નથી તેવો દાવો કર્યો હતો.

# પાક. અને ચીનની હરકતો રોકવા ભારત રશિયન S-400 મિસાઇલ સિસ્ટમ ગોઠવશે

**વૉશિંગ્ટન**

ચીન અને પાકિસ્તાનની સામે ટક્કર લેવી પડે તો તે માટે ભારત આગામી મહિનાથી રશિયન બનાવટની S-400 મિસાઈલ સિસ્ટીમ આગામી મહિનાથી જ ગોઠવવી શરૂ કરશે તેના સૈન્યનું ઝડપભેર આધુનિકીકરણ કરવું શરૂ કરી દીધું છે. આ માહિતી પેન્ટાગોનના ટોચના જાસૂસી અધિકારીએ અમેરિકી કોંગ્રેસની સંરક્ષણ બાબતોની સમિતિ સમક્ષ રજૂ કરી હતી.

તાજેતરમાં કોંગ્રેસના હીયરીંગ દરમિયાન ડાયરેક્ટર ઓફ ડીફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી લેફ્ટે. જનરલ સ્કોટ બેરીયરે આ માહિતી આપતાં સેનેટ આર્મ્ડ સર્વિસિઝ કમિટીને વધુમાં કહ્યુ હતું કે, 'ઓક્ટોબર ૨૦૨૧માં ભારતીય સેનાએ તેની ભૂમિ અને આકાશી સીમાઓના સંરક્ષણ માટે સર્વિલન્સ સિસ્ટીમ (જાસૂસી સિસ્ટીમ) અને 'સાયબર કેપેબિલિટીઝ'ની રક્ષણાત્મક તથા આક્રમક તેમ બંને પ્રકારની પદ્ધતિ વિકસાવવા માંગે છે તેથી તે અંગેની એડવાન્સ સિસ્ટીમ પણ પ્રાપ્ત કરનાર છે.

ડીસેમ્બર ૨૦૨૧માં ભારતે S-400 એરડીફેન્સ સિસ્ટીમનો પહેલો હપ્તો પ્રાપ્ત કરી લીધો છે. જ્યારે ઉપરોક્ત સિસ્ટીમ તો તેણે ઓક્ટોબર ૨૦૨૧માં પ્રાપ્ત કરી લીધી હતી. જ્યારે ચીન અને પાકિસ્તાન સામે તે જૂન ૨૦૨૨માં રશિયાની S-400 એરડીફેન્સ સિસ્ટીમ ગોઠવવાનું છે. લેફ્ટ. જનરલ બેરીયરે સેનેટની સમિતિ સમક્ષ કરેલા નિવેદનમાં તેમ પણ કહ્યું હતું કે, ભારત સ્વનિર્મિત તેવા હાઈપર સોનિક ક્રૂઝ અને એરડીફેન્સ મિસાઈલ્સ વિકસાવી રહ્યું છે. તેનાં તેણે ૨૦૨૧માં જ ઘણાં પરીક્ષણો કરી લીધા છે. તેણે ઘણા ઉપગ્રહો પણ ભ્રમણ કક્ષામાં મુકી દીધા છે તથા તેની અંતરિક્ષ ક્ષમતાઓ વધારી અંતરિક્ષમાંથી પણ આક્રમણ કરવાની શક્તિ વધારી રહ્યું છે.

બેરીયરે તે પૂર્વે પણ સાંસદોનું ધ્યાન દોર્યું હતું કે, નવી દિલ્હી મોટા પાયે સેનાનું આધુનિકીકરણ હાથ ધરી રહ્યું છે. તેણે વાયુદળ, નૌકાદળ અને ભૂમિદળને સાંકળતો 'ઈન્ટીગ્રેટેડ થીએટર કમાન્ડ' તૈયાર કર્યા છે જેથી સેનાની ત્રણે પાંખોની સંકલિત ક્ષમતા વધી શકે.

તંત્રી સ્થાનેથી

# પેરારીવલનની મુક્તિ : SCનો નિર્ણય છતાં દોષારોપણ મોદી સરકાર ઉપર



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતના રાજકારણમાં હવે નજીવા મુદ્દે પણ રાજકારણ ગરમાય જાય છે. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધી હત્યાકાંડમાં દોષિત ઠરેલા એ.જી. પેરારીવલનને સુપ્રીમ કોર્ટે છોડી મૂકવાનો આદેશ બે દિવસ પહેલા આપ્યો. સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપીને બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાને મળેલા વિશેષ અધિકારનો ઉપયોગ કર્યો અને કેસના આરોપી પેરારીવલનની મુક્તિ શક્ય બની. રાજીવ હત્યા કેસમાં આરોપી એવા પેરારીવલને ૩૧ વર્ષ જેલમાં ગાળ્યા છે.

રાજીવ ગાંધીની હત્યાનું કાવતરું લંકામાં તમિલોના હીરો મનાતા પ્રભાકરને ઘડેલું. પ્રભાકરને ૧૯૭૬માં તમિલ ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ (એલટીટીઈ)ની સ્થાપના કરીને શ્રીલંકામાંથી અલગ તમિલ દેશ માટે હિંસક જંગ શરૂ કરી હતી. એલટીટીઈને આતંકવાદી સંગઠન જાહેર કરાયું પણ એલટીટીઈ લશ્કરની જેમ કામ કરતું તેથી તેનો પ્રભાવ ના ઘટયો. કોઈ દેશના લશ્કર પાસે હોય એવી ટેન્ક્સ, અત્યાધુનિક હથિયારો, બોમ્બ, રોકેટ લોંચર અને વીસ હજારથી વધારે સૈનિકો એલટીટીઈ પાસે હતાં. એલટીટીઈએ સાડા ત્રણ દાયકા લગી જંગ છેડીને શ્રીલંકાના લશ્કરને હંફાવી દીધું હતું. જાફના તથા આસપાસના વિસ્તારો પર વરસો સુધી એલટીટીઈનો કબજો હતો.

શ્રીલંકાનું લશ્કર એલટીટીઈ સામે ઝીંક નહોતું ઝીલી શકતું તેથી ભારતની મદદ માંગતાં રાજીવ ગાંધીએ ૧૯૮૫માં ભારતીય લશ્કરને શ્રીલંકા મોકલેલું. રાજીવના આ નિર્ણયને કારણે ભારતે ડીલંકામાં ઘણા સૈનિકો ખોયા પણ એલટીટીઈનો સફાયો ન થયો, રાજીવ ગાંધીના આ પગલાના કારણે પ્રભાકરન તથા તમિલો તેને દુશ્મન ગણવા માંડ્યા હતા. પરિણામે એલટીટીઈએ ૧૯૯૧માં તમિલનાડુના શ્રીપેરામ્બુદુરમાં સુસાઈડ બોમ્બર દ્વારા રાજીવ ગાંધીની હત્યા કરાવી દીધી હતી. ૧૯૯૧માં રાજીવ ગાંધીની હત્યાના આ કેસમાં મૂળ તો પચ્ચીસ લોકોને ટ્રાયલ કોર્ટે ફાંસીની સજા ફટકારી હતી. પણ હાઈકોર્ટે તેમાંથી ચાર લોકોને ફાંસીની સજા માન્ય રાખી હતી. જેમાં સંથન ઉર્ફે સુધેન્દ્રરાજા, મુરૂગન, મુરૂગનની પત્ની નલિની અને પેરારીવલન ઉર્ફે અરીવુને ફાંસી થઈ હતી. આ પૈકી નલિની ઉપર સોનિયા અને પ્રિયંકા ગાંધીને દયા આવી જતાં તે જેલની બહાર આવી ગઈ હતી. જ્યારે બાકીના ત્રણ આરોપી અટવાઈ ગયા હતા. રાજીવ ગાંધીની હત્યા માટે બનાવાયેલી ટુકડીમાં નલિની હતી. બાકીના ચારનાં મોત થયા હતા જ્યારે નલિની જ બચી હતી. નલિનીનું નસીબ જોર કરતું હતું કે, ફાંસીની સજા થવા છતાં તે બચી ગઈ.

નલિની સિવાયના બાકીના ત્રણેય આરોપીઓએ રાષ્ટ્રપતિ સમક્ષ ૨૦૧૧ના ઓગસ્ટમાં દયાની અરજી કરી હતી. જેને રાષ્ટ્રપતિએ ફગાવી દીધી હતી. ત્રણેયને ફાંસી આપવા ૯ સપ્ટેમ્બર, ૨૦૧૧નો દિવસ પણ નક્કી થયો હતો. જે બાદ મદ્રાસ હાઈકોર્ટે તેના પર સ્ટે આપ્યો હતો. જયારે ૧૧ વર્ષથી તેમની દયાની અરજીનો નિકાલ ન થતાં ૨૦૧૪મા સુપ્રીમ કોર્ટે ત્રણેય કેદીની ફાંસીની સજા આજીવન કારાવાસમાં ફેરવી નાંખી હતી. ૨૦૧૪માં તમિલનાડુની સરકારે તમામ સાત આરોપીને છોડી મૂકવા નિર્ણય લીધો હતો. પણ મનમોહનસિંહની સરકારે અપીલ કરતાં આ મામલો બંધારણીય બેંચનો સોંપી દેવાયો હતો. આ મામલાનું નિરાકરણ આવે તે પહેલાં ૨૦૧૫માં પેરારીવલને દયાની અરજી કરીને તમિલનાડુના રાજ્યપાલ પાસે માફી માંગવા કહેવાયું હતુ. અહીં પણ રાજ્યપાલે કોઈ જવાબ ના આપતાં પેરારીવલને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં રાજ્યપાલને અરજી પર નિર્ણય લેવાનો અધિકાર હોવાનું સ્વીકારીને નિર્ણય લેવા કહ્યું પણ રાજ્યપાલે કોઈ નિર્ણય ન લીધો. રાજ્યપાલે કશું ના કરતાં સુપ્રીમ કોર્ટે પણ ચીમકી આપવી પડેલી. એ પછી રાજ્યપાલ જાગ્યા અને આ ભલામણ રાષ્ટ્રપતિને મોકલી દીધી. રાષ્ટ્રપતિ ભવનમાં પણ ફાઈલ આગળ ના ચાલી તેથી છેવટે સુપ્રીમ કોર્ટે પેરારીવલનને છોડી મૂકવાનો આદેશ આપી દીધો છે.

સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૬૧ હેઠળ રાજ્યપાલને મળેલા મુક્તિના અધિકારની સમીક્ષા કરવાનું પણ નક્કી કર્યું છે. ટૂંકમાં પેરારીવલનના કેસમાં જે કંઈ થયું એ સુપ્રીમ કોર્ટે કર્યું છે, તેની સાથે મોદી સરકારને કંઈ લેવાદેવા નથી. આમ છતાં કોંગ્રેસે આ મામલામાં પણ મોદી સરકારને જવાબદાર ગણાવી છે. કોંગ્રેસને ચુકાદો ના ગમે તે સમજી શકાય તેમ છે. પરંતુ કોંગ્રેસે તો આ ચુકાદા માટે સીધે સીધો મોદી સરકાર પર આરોપ મુકી દીધો. કોંગ્રેસના એક દીગ્ગજ નેતા રણદીપ સૂરજેવાલાએ આ અંગે પ્રતિક્રયા આપતા કહ્યું કે, મોદી સરકારે રાજીવ ગાંધીના હત્યારાને છોડી મૂક્યો છે. સૂરજેવાલાએ સવાલ પણ કર્યો છે કે, મોદી જવાબ આપે કે આ જ રાષ્ટ્રવાદ છે ? કોંગ્રેસનું કહેવું છે કે, તમિલનાડુના ભૂતપૂર્વ રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત અને રાષ્ટ્રપતિ રામવાથ કોવિંદે નિર્ણય ના લીધો એટલે સુપ્રીમ કોર્ટે પેરારીવલનને છોડી મૂકવાનો આદેશ આપ્યો છે.

રાજીવ ગાંધી માત્ર કોંગ્રેસના નેતા નહીં, પણ તે સમયે દેશના વડાપ્રધાન હતા. આજે તેમના એક હત્યારાને છોડી મૂકાયો તેથી આજનો દિવસ દેશ માટે પણ દુઃખનો દિવસ છે. જો કે, સુપ્રિમના ચુકાદાથી કોંગ્રેસ ભલે રાજી નથી, પરંતુ તેનો સાથી પક્ષ ડીએમકે રાજીનો રેડ થઈ ગયો છે. ડીએમકેએ આ ચુકાદાને ઐતિહાસિક ગણાવીને તેનો જશ પણ ખાટી લીધો છે. ડીએમકેનું કહેવું છે કે, રાજ્ય સરકારના પ્રયાસોથી પેરારવલન છૂટયો છે અને રાહુલ ગાંધીને પણ તેનો જશ જાય છે. રાહુલ ગાંધીએ કહ્યું હતુ કે, તેઓ પોતાના પિતાના હત્યારાઓને માફ કરી રહ્યા છે. તેથી આ ચુકાદા બદલ રાહુલની પ્રસંશા કરવી જોઈએ. દોષારોપણમાં કોંગ્રેસનાં બેવડાં ધોરણોનો ચિતાર મળી રહ્યો છે. પ્રિયંકા-સોનિયાએ નલિનીને છોડાવી ત્યારે પણ આ નેતાઓ કોંગ્રેસમાં જ હતા જેઓ આજે મોદી સરકાર પણ આરોપો મુકી રહ્યા છે. રાજીવની હત્યાના કેસમાં નલિનીને પણ ફાંસીની સજા થઈ હતી. નલિનીએ જેલમાં દીકરીને જન્મ આપ્યો હતો. તેણે પોતાની દીકરીને ખાતર પોતાને માફ કરવા સોનિયા ગાંધીને પત્ર લખ્યો હતો. સોનિયા ના જઈ શક્યાં પણ પ્રિયંકા પિતાની હત્યામાં સામેલ નલિનીને મળવા ગયાં હતાં. નલિનીની વાત સહાનુભૂતિપૂર્વક સાંભળ્યા પછી પ્રિયંકાએ તેને માફી પણ આપી હતી. પ્રિયંકા-સોનિયાના કહેવાથી નલિનીની સજા માફ થઈ ગઈ હતી. હવે એ જ કામ સુપ્રીમ કોર્ટે કર્યું તેમાં કોંગ્રેસને પેટમાં ચૂંક આવી છે.

manoj1968@yahoo. ca






# લગ્નમાં મળેલી ગિફ્ટ ખોલતા જોરદાર બ્લાસ્ટ, વરરાજા અને ભત્રીજાને ઈજા

## વાસંદામાં પ્રેમીકા અને તેની પુત્રીની હત્યા કરવા પ્રેમીએ ડિટોનેટર મૂકેલું ટેડીબેર ભેટ આપ્યું હતું : પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો

**નવસારી**

નવસારી જિલ્લાના વાંસદામાં લગ્નમાં મળેલી ગિફ્ટમાં બ્લાસ્ટની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં વરરાજા અને તેના ભત્રીજાને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. શરીર દાઝી જવાને કારણે હવે તેઓ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. વાંસદાના મિંઢાબારી ગામે મંગળવારે સવારે એક નવપરિણીત યુવક પોતાના લગ્નની ગિફ્ટ ખોલી રહ્યો હતો. તે સમયે એક ટેડીબેર જેવું ગિફ્ટ ચેક કરવા જતાં અચાનક તેમાં ધડાકો થયો હતો, જેમાં વરરાજા અને તેના ભત્રીજાને ગંભીર ઈજાઓ થઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર મિંઢાબારી ગામના યુવક લતેશ ગાવિતના ગત 12 મેના દિવસે લગ્ન હતા. યુવકના સસરાના જણાવ્યા અનુસાર તેમની નાની દીકરી અને જમાઈ ગિફ્ટ ચેક કરી રહ્યા હતા ત્યારે ઘટના બની હતી. મોટી દીકરીના પૂર્વ પ્રેમી રાજૂ ધનસુખ પટેલે આરતી પટેલ નામની આશા વર્કર દ્વારા આ ટેડીબેર જેવું ઈલેક્ટ્રોનિક ગિફ્ટ મોકલાવ્યું હતું. પોલીસ તપાસમાં પ્રેમીકા અને પુત્રીની હત્યા કરવા માટે પૂર્વ પ્રેમિએ ટેડીબિયરમાં ડિટોનેટર મૂકી ભેટ આપ્યું હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે આરોપી રાજેશ પટેલની પૂછપરછ કરી હોવાનું જાણવા મળ્યું છે.

REQUIRED
Part Time and Full Time Indian/
Gujarati Cook Ladies for Kitchen
Helper and Waitstaff
AMAR CHAUHAN
Cell 416-988-9518
India Grill House and Banquet
16-2800, Markham, Ontario L3R 0E4
(14th Ave and Woodbine).

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets
10% Off
on your first home service
*Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી
(with sweet & Farsan)
$9.00 +Tax
Limited થાળી
(without sweet & Farsan)
$7.50 +Tax
CATERING SPECIAL
$ 14.99 10 items
+Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# પેટલાદ-સોજિત્રાના શિક્ષકોની સહકારી મંડળી સાથે રૂ. 64.69 લાખની ઉચાપત

## મંડળીના મંત્રી તરીકે ફરજ બજાવતા નડિયાદના ઈસમે ઉચાપત કરતાં કાર્યવાહી

**આણંદ**

પેટલાદ-સોજિત્રા માધ્યમિક શાળાઓના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના પ્રમુખ તરીકે ગત તા.૯-૭-૨૦૧૬ના રોજથી જયેશભાઈ રણછોડભાઈ પટેલે ચાર્જ સંભાળ્યો હતો. આ મંડળીમાં મંત્રી તરીકે નડીયાદના પીજ રોડ ઉપર ઘનશ્યામ નગર સોસાયટીમાં રહેતા ઈશ્વરભાઈ કાંતિભાઈ પટેલ ફરજ બજાવતા હતા. આ મંડળીમાં માધ્યમિક શિક્ષકો સભાસદ બની તેઓની માસિક બચત દર મહિને મંડળીમાં જમા કરાવતા હતા અને જમા થયેલ નાણાંનો સભાસદોને લોન પેટે ધિરાણ આપવામાં આવે છે. મંડળીના તમામ ચોપડા, હિસાબી પત્રકો રાખવા અને વ્યવસ્થિત તથા નિયમિત લખવા તથા લખાવવાતથા વ્યવસ્થાપક કમિટિ ઠરાવે તે હદમાં રહીને મંડળીની સિલક રાખવી તેમજ હિસાબી રેકર્ડ તૈયાર કરી ઓડીટ સમયસર રજુ કરવુ વિગેરે કામગીરી આ મંડળીના મંત્રી ઈશ્વરભાઈ પટેલનાઓની ફરજમાં આવતી હતી. જો કે જયેશભાઈ પટેલે મંડળીના રજીસ્ટ્રર, ચેકબુક સહિતનો રેકોર્ડ ચેક કરતા તેમાં નાણાંકીય ગેરરીતિઓ હોવાનું જણાઈ આવતા તા.૧-૪-૨૦૧૬ થી તા.૩૧-૩-૨૦૨૧ સુધીનું ઓડીટ કરાવતા મંત્રી તરીકે ફરજ બજાવતા ઈશ્વરભાઈ કાંતિભાઈ પટેલ (રહે.નડીયાદ) નાઓએ પોતાની ફરજ દરમ્યાન રૂા.૫૯,૩૦,૭૪૦ની હંગામી ઉચાપત ને રૂા.૪,૯૮,૭૬૫ની કાયમી ઉચાપત કરી હોવાનું ખુલવા પામ્યું હતું.

# વડોદરામાં કારમાં આગઃ અમીન ઓર્ચિડ ફાર્મના માલિકનું મૃત્યુ

**વડોદરા**

વડોદરા નજીક શેરખીમાં સોનારકુઈ ગામ નજીક અમીન ઓર્ચિડ ફાર્મના ૬૮ વર્ષના માલિક હરીશ દાદુભાઈ અમીનનું સિંઘરોટરોડ પર મિનિ નદી પહેલા ગુરુવારે વહેલી સવારે ઈકો ગાડીમાં સળગી જવાથી રહસ્યમય સંજોગોમાં થયેલા મોતની તપાસ તાલુકા પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે. ભીમપુરા-સિંઘરોટરોડ પર વડોદરા તરફ વડોદરા પાસિંગની એક ઈકો ગાડી વહેલી સવારે પાંચ વાગે સળગી ગઈ હતી. આ અંગેનો મેસેજ ૧૦૮ એમ્બ્યુલન્સને મળ્યો હતો બાદમાં ફાયર બ્રિગેડ અને પછી તાલુકા પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ પહોંચી ત્યારે આખી ઈકો ગાડી સળગી ગઈ હતી અને અંદર બેસેલ શખ્સ પણ ભડથું થઈ ગયો હતો. ઈકોના ચાલકની ઓળખ માટે પોલીસે ઈકોના નંબરના આધારે માલિક હિતેશ પટેલની ઓળખ મેળવી હતી. પોલીસે હિતેશ પટેલનો સંપર્ક કરતા તેને પોતાની ગાડી અમીન ઓર્ચિડ ફાર્મમાં આપી હોવાનું જણાવ્યું હતું. પોલીસ પાસે ફાર્મના માલિકનો નંબર હોવાથી માલિકનો સંપર્ક કર્યો હતો પરંતુ તેમનો સંપર્ક નહી થતા આખરે ફરીથી હિતેશ પટેલનો સંપર્ક કરતાં મૃતક અમીન ઓર્ચિડ ફાર્મના માલિક હરીશ અમીન હોવાનું જાણવા મળ્યું હતું.

# ડીજેના ગીતો ઉપર નાચતી વખતે બબાલ થતાં પથ્થરમારો, 4ને ઈજા

**વડોદરા**

વિશ્વામિત્રી ટાઉનશિપ નજીક રહેતા દર્શન પંચાલે પોલીસને કહ્યું છે કે, સોમવારે રાત્રે મારા મિત્ર વિષ્ણુના લગ્ન હોવાથી અમે જાન લઈ ન્યુ વીઆઈપી રોડ ખોડીયાર નગર નજીક ઘોડાના વાઈટ વુડાના મકાન ખાતે જવા નીકળ્યા હતા. ખોડીયાર માતાના મંદિર પાસે જાન ઉભી રાખી અમે ડીજે પર નાચતા હતા તે દરમિયાન મારા પિતાને બ્રહ્મા નગરના યુવકો સાથે ધકો વાગવા બાબતે તકરાર થઈ હતી. મારા પિતા પડી ગયા હોવાથી તેમણે યુવકને ઠપકો આપ્યો હતો જેથી 8થી 10 યુવકોએ મારા પિતાને માર માર્યો હતો. આ વખતે મારી માતાએ ફોન કરીને મને જાણ કરતા હું તેમજ અમારા મિત્રો મારા પિતા પાસે દોડી જતા કેટલાક યુવકો દંડા લઈને ઉભેલા હતા. જેથી મેં તેઓને મારા પિતા ને કોણે માર્યો છે અને કેમ માર માર્યો છે તેમ કહેતા યુવકોએ પથ્થરમારો કર્યો હતો. જેમાં મને મારા પિતાને તેમ જ અન્ય ત્રણ મિત્રોને ઈજા થઈ હતી. બનાવ અંગે હરણી પોલીસે રાહુલ સોલંકી, સુર્યા સોલંકી, ભરત સોલંકી, કરણ સોલંકી તેમજ અન્ય છ યુવકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# આંકલાવમાં એક કોમના બે જૂથ વચ્ચે ગાયો ચરાવવાની સામાન્ય બાબતમાં અથડામણ

## મારામારીમાં ત્રણને ઇજા પહોંચી : પોલીસ મથકે બંને પક્ષ દ્વારા સામસામી ફરિયાદ કરાઇ

**આણંદ**

આંકલાવ તાલુકાના અંબાવ ગામે રાખોડીયા વિસ્તારમાં રહેતા નવઘણભાઈ ઉર્ફે પિન્ટુ રાયસંગભાઈ ઉર્ફે રાહાભાઈ બોળીયા અને રાયસીંગભાઈ બુધવારના રોજ બપોરના સુમારે આસોદર સીમ વિસ્તારમાં ખેતરમાં ગાયો ચારતા હતા ત્યારે શેલાભાઈ ભરવાડ, કનુભાઈ ભરવાડ, નથુભાઈ ભરવાડ, જહાભાઈ ભરવાડ અને નાથાભાઈ ભરવાડ લાકડીઓ લઈ અહીંયા ગાયો કેમ ચારો છો. અમારી ગાયો ચરાવવાની હતી તેમ કહી અપશબ્દો બોલી રાયસીંગભાઈ ઉપર મારી નાખવાના ઈરાદે હુમલો કર્યો હતો. દરમ્યાન કનુભાઈ શેલાભાઈ ભરવાડે રાયસીંગભાઈના હાથના ભાગે લાકડીના ત્રણ ફટકા માર્યા હતા અને શેલાભાઈ તથા નથુભાઈએ પણ લાકડી વડે ગડદાપાટુનો માર માર્યો હતો.

સામા પક્ષે કનુભાઈ ભરવાડે આપેલ ફરિયાદમાં કહ્યું કે, કનુભાઈ તેમજ સાહેદો ગાયો ચરાવવા માટે જઈ રહ્યા હતા ત્યારે રાયસીંગભાઈ સીંધાભાઈ ભરવાડે ગાયો ચરાવવાની ના પાડી છે તેમ છતાં કેમ આવો છો તેમ કહી અપશબ્દો બોલ્યા હતા. દરમ્યાન નવઘણભાઈ રાયસીંગભાઈ ભરવાડ અને ભરતભાઈ રાવસીંગભાઈ ભરવાડ તેઓનું ઉપરાણું લઈ લાકડીઓ સાથે ત્યાં આવી ગયા હતા અને કનુભાઈ ભરવાડ ઉપર હુમલો કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.



# વલ્લભીપુર પાલિકામાં ભડકો : ભાજપના 5 નગરસેવકે ચેરમેન પદેથી રાજીનામા આપ્યા

## પાલિકામાં 24માંથી 21 સભ્ય ભાજપના છતાં ડખ્ખો : રાજીનામા આપતા રાજકારણ ગરમાયું

**વલ્લભીપુર**

ભાવનગરની વલ્લભીપુર પાલિકામાં અલગ અલગ વિભાગના અંદાજીત કુલ પાંચ ચેરમેનોએ ચેરમેન પદ પરથી રાજીનામા ધરી દીધા હોય જેમાં ભાજપના અંગત સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ વલ્લભીપુર ભાજપ શહેર પ્રમુખને આ રાજીનામા આપનાર નગરસેવકોએ રાજીનામામાં દર્શાવ્યા મુજબ જે વિભાગના ચેરમેનો હોય તેમને તે વિભાગોનું કોઈ પુછતા ન હોય અને ચર્ચાઓ કરતા ન હોય ફક્ત પાલિકાના અમુક પદાધિકારીઓ અને અધિકારીઓ પોતાની મનમાની કરતા હોય તેમજ અમુક ગંભીર શંકાઓ કરી રાજીનામા ચેરમેન પદ ઉપરથી આપી દીધા છે.

ભાજપના નગરસેવક મહેશભાઈ કાલાણી (ચેરમેન લાઈટ સમિતી), ભોળાભાઈ ચાવડા (ચેરમેન પા.પુ. સમિતી), પાયલબેન મકવાણા (આરોગ્ય સમિતી ચેરમેન), વિજયસિંહ ગોહિલ (ચેરમેન બાંધકામ સમિતી), હંસાબેન સાગઠીયા (ચેરમેન ન્યાય સમિતી) જેમ કુલ પાંચ નગરસેવકોએ ચેરમેન પદ ઉપરથી રાજીનામા ધરી દીધા હતાં.

આ અગાઉ પણ અમુક પ્રશ્નોને લઈ સભ્યો વચ્ચે ખેંચતાણ થવા લાગી હતી જેમાં જિલ્લા પ્રમુખ દ્વારા ભાવનગર તાબડતોબ બોલાવી ને ઘીના ઠામમાં ઘી ઢોળી દીધુ હતું. પરંતુ આ વખતે પ્રશ્ન જિલ્લા લેવલે પણ ઉકેલાયો નથી. શહેર પ્રમુખ સાથે વાતચીત થતા તેમણે જણાવ્યું હતું કે, રાજીનામા નહિં પણ તમામે ફરજ મુક્ત કરવા અને આ તમામની ટર્મ પણ પૂર્ણ થતી હતી. એવા બચાવ કરી છુટકારો મેળવેલ હતો. રાજીનામા (ફરજ મુક્તિનો પત્ર) સ્વીકાર કરશે કે કેમ ? આવા અનેક પ્રશ્નોને લઈ વલ્લભીપુર સહિત જિલ્લાનું રાજકારણ ગરમાયું છે.

# રાજુલાના કાતર ગામે એક સાથે 13 સિંહ દેખાતા લોકોમાં ગભરાટ

**અમરેલી**

અમરેલી જિલ્લાના રાજુલાના કાતર ગામ નજીક આવેલા એક વિસ્તારમાં એક સાથે 13 જેટલા સિંહોનું ટોળું જોવા મળ્યું હતું . અને આ સમગ્ર સિંહોની ચહલ પહલનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.એક સાથે સિંહ,સિંહણ તેમજ સિંહ બાળ પણ સાથે હોવાનું ચર્ચાઈ રહ્યું છે

અમરેલી જીલ્લાના રાજુલા જાફરાબાદના દરિયાઈ કાંઠાના વિસ્તારોને સિંહોએ પોતાનું નવું રહેઠાણ બનાવ્યું છે ખાસ કરીને રાજુલાના કાતર ગામે દરરોજની માટે સિંહો માટે ફરવાનુ સ્થળ બની ચૂક્યું છે રાત્રીના સમયે અવાર-નવાર સિંહો ગામમાં ઘુસી આવે છે જેને લઈને ગામ લોકો અને સ્થાનિક પશુઓમાં ભયનો માહોલ બનીને રહે છે અહીં એક-બે ત્રણ સિંહો અવાર-નવાર જોવા મળતા હોય છે પરંતુ આજે સામે આવેલો એક વિડીયો ચોંકાવનારો છે અને આ વિડીયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અમરેલી જિલ્લાને સિંહોનો ગઢ માનવામાં આવે છે અને ગામડાઓમાં સિંહોના આંટાફેરા જોવા મળતા હોય છે અવાર- નવાર એક બે સિંહો ધારી, સાવરકુંડલા, રાજુલા, ખાંભા અને લીલીયા વિસ્તારના ગામડાઓમાં જોવા મળતા હોય છે.

# દેશને પ્રથમ રજવાડું આપનાર મહારાજા કૃષ્ણકુમાર સિંહને ભારતરત્ન અપાવવા રેલી

**ભાવનગર**

દેશને પ્રથમ રજવાડુ અર્પણ કરનાર ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્ન આપવાની માંગણી સાથે કોંગ્રેસ દ્વારા રેલી કઢાઈ હતી અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું હતું. નિલમબાગ સર્કલ ખાતે મહારાજા કૃષ્ણકુમારસિંહજીની પ્રતિમા પાસે મંગળવારે સાંજે ૪.૩૦ કલાકે કોંગ્રેસ કાર્યકરો એકઠા થયા અને ત્યારબાદ જિલ્લા કલેક્ટર કચેરી સુધી રેલી કાઢી મહારાજા કૃષ્ણકુમારસિંહજીને ભારતરત્ન આપવા માંગણી કરી હતી. ભારત દેશમાં સૌ પ્રથમ અઢારસો પાદરના ધણી ગોહીલવાડના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ ૫૬૩ રજવાડામાં સૌ પ્રથમ પોતાનું રાષ્ટ્રને અર્પણ કર્યું હતું જેથી તેમને ભારતની રચનામાં તેમનું યોગદાન મહત્ત્વનું છે.

# રાજકોટમાં પુત્ર-વહૂએ ઘર પચાવતાં બેઘર દંપતી દ્વારા ઈચ્છા મૃત્યુની માંગ

**રાજકોટ**

સીનિયર સિટિઝન્સની સહાયતા માટે સરકારે અનેક જોગવાઈઓ કરેલી છે પણ વાસ્તવમાં તેમાંથી ક્યારે કેટલી કામ લાગે છે એ નક્કી નથી હોતું. રાજકોટ નજીકનાં સરધાર ગામના એક દંપતીએ પુત્ર- પુત્રવધૂના ત્રાસ બાબતે કરેલી રજૂઆતો કંઈક આવી જ સ્થિતિમાં તંત્રએ કાને નહીં ધરતાં તેમણે ઈચ્છામૃત્યુની મંજૂરી માગી છે.

ખેતમજૂરી કરીને જીવનનિર્વાહ ચલાવતા સરધારના કુરજીભાઈ ભુરાભાઈ રોજાસરા અને તેમના પત્ની હંસાબેને મજૂરીકામની પાંખી આવકમાંથી પણ થોડી- થોડી રકમ જમા કરીને ગામમાં એક મકાન વસાવ્યું હતું, જ્યાં દંપતી અને ત્રણ પુત્રોના હર્યાભર્યા પરિવારનો વસવાટ હતો. બાદમાં મોટા દિકરા મહેશના લગ્ન થઈ ગયાના થોડા સમય પછી મહેશ અને તેની પત્ની રીટાએ મકાન પર કબજો કરી લેવાના ઈરાદે મારકૂટ કરીને તથા મારી નાખવાની ધમકી આપીને કુરજીભાઈ- હંસાબેનને ઘરમાંથી કાઢી મુક્યા. પોલીસ કમિશનરને કરેલી અરજીમાં એ શ્રમિકે આવા આક્ષેપ સાથે ઉમેર્યું કે જો અમે ઘેર પાછા જઈએ તો મારા વિરૂધ્ધ છેડતીની ફરિયાદ કરવા પણ પુત્રવધૂએ ચીમકી આપી હતી. હાલ આ દંપતી અને તેના બે નાના પુત્રો અરવિંદ તથા ભાવેશ ગામના જ એક ખેડૂતની વાડીએ આશરો લઈ રહ્યા છે.

# રાજકોટમાં સાતમા માળેથી નીચે પટકાતાં વડોદરાની તરૂણીનું કંપારીજનક મોત

**રાજકોટ**

વડોદરાની મારૂતિધામ સોસાયટીમાં રહેતી અને ધો.૯માં અભ્યાસ કરતી ધ્વની ગત શનિવારે માતા શીતલબેન સાથે રાજકોટ બજરંગવાડીનાં પુનીતનગર-રમાં રહેતા મામા તુષારભાઈનાં ઘરે વેકેશન કરવા આવી હતી. શુક્રવારે તે તેની માતાની માસીયાઈબેનના ઘરે સીટી કોટયાર્ડમાં માતા સાથે જમવા આવી હતી. બપોરે બધાએ જમી લીધા બાદ ધ્વની માતા શીતલબેન સાથે રૂમમાં સેટી ઉપર બેઠી હતી. સેટી ઉપર ચડી તે બારીમાંથી નજીકનો કબુતરનો માળો જોવા જતાં બેલેન્સ ગુમાવતા તેણી નીચે પટકાઈ હતી. જો કે, પહેલા માળે છાપરૂ હોવાથી તેની ઉપર પડી હતી. ઈજા થતાં ધ્વનીને સિવિલમાં ખસેડાઈ હતી. જ્યાં મંગળવારે પરોઢીયે તેણે દમ તોડી દીધો હતો.


SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
CANADA IMMIGRATION
iccrc crcic

SPOUSAL SPONSORSHIP SPECIALIST (98 percent success ratio)

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

Last minute student admission
Please contact us on
416-745-2466 or 91-9428973911

• Conestoga • Fanshawe • Algoma
• Seneca • Georgian • Saskatchewan polytechnic
• Humber • Algoma • Mohawk
• Lambton • Canadore

• LMIA/WORK PERMIT • EXPRESS ENTRY
• CANADIAN EXPERIENCE CLASS
• SUPER VISA & VISITOR VISA
• STUDY & WORK PERMIT
• Work / Study /Visitor Permit Extension
• PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
• REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
• POST GRADUATION WORK PERMIT
• CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

CANADA: 94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont. Ph : 416-745-2466, 905-230-7855
VADODARA: 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817
AHMEDABAD: 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

: Specialized in :
Job Offer & LMIA
Entrepreneur
Investor Business
Self Employed
Farm Investor

Email.: info@siis.ca / Website.: www.siis.ca

# જેતપુરમાં પ્રેમી સાથે ફરાર પરિણીતાનું મૂંડન કરાયું, નાક-કાન કાપી લેવાયા

**જેતપુર**




સમાજમાં એકસ્ટ્રા મેરીટાલ રીલેશનને કયારેય કોઈ સાંખી કે સ્વીકારી શકતા નથી. જેતપુરની ત્રણ સંતાનોની માતા એવી એક પરિણીતાની આંખ એક યુવાન સાથે મળી ગયા બાદ બાળકો અને કુટુંબને છોડીને નાસી જવાનો અગાઉ બનાવ બન્યો હતો. આ પ્રેમી યુગલ જેતપુર પરત આવતા એ બન્નેને પકડીને પરિવારજનોએ બાંધીને જુદી જુદી જગ્યાએ લઈ જઈને ઢોર માર મારીને માથાનું મૂંડન કરી ગુપ્ત ભાગે એક રૂપિયાના સિકકાના ધગધગતા ડામ દઈ, ધોકા વડે ધોકાવીને પરિણીતાને બ્લેડથી નાક કાન કાપી લેવાની ઘટના બની છે.

શહેરના સામાકાંઠા વિસ્તારની એક પરિણીતા એમની જ જ્ઞાતિના અરવિંદ પરમાર નામના એક કુંવારા યુવાન સાથે પ્રેમના તાંતણે બંધાઈ હતી. બન્ને એક બીજા એક નહી થઈ શકે એમ લાગતા બન્ને પ્રેમી પંખીડા જેતપુરમાંથી બાળકોને મુકીને ઉડી ગયા હતા. એક મહિના સુધી બન્ને જુદા જુદા સ્થળોએ ફર્યા હતા. એ પછી પૈસા ખૂટી જતાં ફરી જેતપુર આવી ગયા હતા ! આ બાબતની જાણ યુવતીના સાસરિયાને થતા જ બધા ત્યાં પહોંચી ગયા હતા. અને બન્નેને વારાફરતી ઝડપી લીધા હતા ! એ પછી બન્નેની લાકડાના ધોકાથી ધોલાઈ કરી નાંખી હતી. એ પછી એક ગાડીમાં બાંધીને લઈ ગયા હતા. બન્નેને જુદી જુદી અવાવરૂ જગ્યાએ લઈ ગયા હતા. અને લાકડાના ધોકા અને પ્લાસ્ટિકના પાઈપથી માર માર્યો હતો. બાદમાં બન્નેના મુંડન કરી તેના નાક અને અને કાન પણ કાપી નાંખવામાં આવ્યા હતા. આ ઘટનાથી બન્ને બેભાન થઈ ગયા હતા. જેને સોમનાથ લઈ જઈને દરિયા કાંઠે ફેંકી આવ્યા હતા.

# ગિરનાર રોપ-વે પ્રોજેક્ટથી ૨૦ મહિનામાં રૂ. ૫૬ કરોડની આવક

**ગિરનાર**

ગિરનાર રોપ- વે પ્રોજેકટથી પ્રવાસીઓની સગવડતામાં ખૂબ જ વધારો થયો છે. અત્યારસુધી કુલ ૧૧ લાખ લોકો ગિરનાર રોપવે પ્રોજેકટનો લાભ લઈ ચૂકયા છે અને તેનાથી કુલ રૂપિયા ૫૬ કરોડની આવક થઈ છે. છેલ્લા ત્રણ મહિનાથી કોરોનાના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે અને તેની સાથે જ ગિરનાર રોપવે માટે પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો નોંધાયો છે. ફેબુરઆરી ૨૦૨૨માં કુલ ૫૯૧૮૮ પ્રવાસીઓએ રોપવેની સેવા માણી હતી, જે માર્ચમાં વધીને ૭૭૭૯૬ થઈ ગઈ છે. આવકની દ્રષ્ટિએ ફેબુરઆરીમાં ૩.૧૦ કરોડની સરખામણીએ માર્ચમાં ૪.૦૩ કરોડ સાથે એક કરોડનો વધારો જોવા મળ્યો છે. ૨૩૩૦ મીટર લાંબા અને ૮૯૮.૪ મીટર ઊંચા રોપવેમાં અત્યારે દૈનિક સરેરાશ ૫૫૧ ટ્રીપ લગાવાય છે.

# રાજકોટમાં જમીન પ્રશ્ને ખેડૂતની હત્યાનો પ્રયાસ, આઠ સામે ગુનો

## આરોપીઓમાં ખેડૂતના મામાના પુત્રોનો સમાવેશ, કારની સાથે કાર અથડાવી ખેડૂતને મારી નાખવા પ્રયાસ કરાયો

**રાજકોટ**

શહેરનાં જામનગર રોડ ઉપર પરાપીપળીયા ગામ પાસે મંગળવારે બપોરે જમીનનાં પ્રશ્ને ખેડૂત વિક્રમભાઈ કાનાભાઈ સોનારા (ઉ.વ. 36, રહે, એસઆરપી ગેઈટની સામે, વર્ધમાનનગર સોસાયટી) ની હત્યાનો તેના મામાના પુત્રો સહિતની આઠ શખ્સોએ પ્રયાસ કરતા ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે. આરોપીઓ ભાગી જતાં મોડી સાંજ સુધી હાથમાં આવ્યા ન હતાં. ફરીયાદમાં વિક્રમભાઈએ જણાવ્યા પ્રમાણે ગઈકાલે બપોરે ખંઢેરી ગામે આવેલી પોતાની વાડીએથી કાર લઈ ઘરે જતા હતા. પરાપીપળીયા ગામની ગૌશાળા પાસે પહોંચતા બોલેરો ગાડીના ચાલકે તેને મારી નાખવાના ઈરાદે તેની કાર સાથે એક્સીડન્ટ કર્યો હતો.

માંડ માંડ તેણે પોતાની કાર કંટ્રોલ કરી સાઈડમાં લીધી હતી અને જોયું તો બોલેરોમાં તેના મામાના દિકરાઓ મેરામ મેણંદ જળુ, ઘનશ્યામ લાખાભાઈ જળુ અને પ્રકાશ લાખાભાઈ જળુ (રહે, કોઠારીયા રોડ) હતાં. ત્રણેય ગાડીમાંથી ઉતર્યા હતાં. તે સાથે બીજી ત્રણ ફોર વ્હીલમાં અજાણ્યા પાંચ શખ્સો આવ્યા હતાં.

આઠે આરોપીઓનાં હાથમાં ધોકા પાઈપ હતાં. આરોપીઓ તેની કાર પાસે આવ્યા હતાં અને ખંઢેરી ગામની જમીન બાબતે છેલ્લા પાંચેક મહિનાથી ઝઘડો ચાલતો હોવાથી તેની અદાવત રાખી તે જમીન પડાવી લેવાના ઈરાદાથી ધોકા મારી તેની કારનાં આગળ, પાછળ અને સાઈડનાં કાચનો ભુક્કો બોલાવી દીધો હતો. ત્યારબાદ આરોપીઓએ તેની ઉપર ધોકા વડે હુમલો કર્યો હતો. પગ આડા કરતાં તળીયામાં ચારથી પાંચ ધોકાના ઘા ઝીકી દીધા હતાં.

# પાટીદારો નિર્મિત હોસ્પિટલનાં આમંત્રણ કાર્ડમાં ખોડલધામને બાકાત રખાતા વિવાદ

## આટકોટ હોસ્પિટલનો કાર્યક્રમ ફરી બદલાયો, મોદી હવે 28 તારીખે આવશે

**રાજકોટ**

રાજકોટથી આશરે 50 કિ.મી. દૂર આટકોટમાં પાટીદાર સમાજ નિર્મિત મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલનો લોકાર્પણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યોજાનાર છે. આ કાર્યક્રમની તારીખમાં ફરી એક વાર ફેરફાર થયો છે અને હવે તા. ૨૮ મીએ વડાપ્રધાન આવી રહયા છે. તારીખમાં વારંવાર ફેરબદલ ઉપરાંત, આમંત્રણ કાર્ડમાં ખોડલધામનું નામ બાકાત કરાતા વિવાદ ડોકાઈ રહ્યો છે. હોસ્પિટલનાં લોકાર્પણ કાર્યક્રમનાં આમંત્રણ કાર્ડમાં ખોડલધામનું નામ લખવામાં ન આવતા અને નરેશ પટેલને આમંત્રણ ન અપાતા એક નવો વિવાદ ઉભો થયો છે. સોશ્યલ મીડિયામાં મેસેજ વાઈરલ કરી આ મૂદે કેટલાક પાટીદારોએ નારાજગી વ્યકત કરી છે.

આશરે રૂ. ૪૦ કરોડનાં ખર્ચે આધુનિક હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. અગાઉ તા. 28 મીએ કાર્યક્રમ નકકી થયો હતો પરંતુ પીએમઓની સુચનાથી તા. 29મીએ નકકી થયો અને હવે ફરી વાર કાર્યક્રમની તારીખ બદલવામાં આવી છે અને તા. 28 મી મે એ કરવામાં આવી હોવાનું સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટીએ જણાંવ્યુ હતુ. વડાપ્રધાન આ હોસ્પિટલનાં લોકાર્પણમાં આવી રહયા હોવાથી ટ્રસ્ટીઓ અને પાટીદાર સમાજ દ્વારા વધુ લોકો એકત્ર થાય તે માટે બેઠકોનો દોર કરવામાં આવી રહયો છે.

# સંબંધિત અધિકારીઓને સીએમથી દૂર રાખી પ્રોજેક્ટસ વિશે વિંટો વાળી દેવાયો

**રાજકોટ**

ગઈકાલે રાજકોટ આવીને મુખ્યમંત્રીએ સ્થાનિક પ્રશ્નો અંગે બેઠક રાખી ત્યારે જે પ્રોજેક્ટ્સ ઢીલમાં ચાલી રહ્યા છે તેમાં ઝડપ આણવા શું ખૂટે છે તે વિશે પૂરી હકીકત મુખ્યમંત્રી સુધી કદાચિત પહોંચી જ નહોતી શકી એવો ગણગણાટ તંત્રમાં છવાયો છે. સંબંધિત વિભાગોના કેટલાંક અધિકારીઓએ પોતાનો વારો આવવાની રાહમાં કોન્ફરન્સ રૂમની બહાર જ બેસી રહેવું પડયું હતું, તો વળી આ મીટિંગ રાજ્યના તંત્રવાહકો સાથે હોવાનાં બહાને કેન્દ્ર સરકારના સંબંધિત અફસરોને તો બોલાવવાનું જ ટાળવામાં આવ્યું હતું. અલબત્ત, રાજકોટ- અમદાવાદ હાઈ- વે અને હીરાસર એરપોર્ટ જેવા પ્રોજેક્ટ બાબતે સરકારનો સપોર્ટ મગાયો છે.

મુખ્યમંત્રી સમક્ષ રાજકોટ જિલ્લા કલેક્ટરે જુદા- જુદા પ્રોજેક્ટ્સ બાબતે પ્રેઝન્ટેશન કર્યું હતું પરંતુ લોકપ્રતિનિધિઓ ઉપરાંત રાજ્યના જુદા- જુદા (ખાસ કરીને મહેસુલ) વિભાગના અધિકારીઓની વધુ સંખ્યા થઈ જતાં વિલંબિત કામકાજવાળા પ્રોજેક્ટ્સના કેટલાંક સંબંધિત વિભાગોના અધિકારીઓને બહાર બેસાડી રાખવામાં આવ્યા હતા અને વારો આવે એટલે બોલાવાશે તેમ કહી દેવાયું હતું પરંતુ છેક સુધી બોલાવાયા જ નહોતા, જેથી તેમના કયા કામ શા માટે ઢીલમાં છે તેની સાચી અને પૂરતી વિગતો મુખ્યમંત્રી સુધી પહોંચી જ નહોતી એવો નિષ્કર્ષ એ અધિકારીઓ સાથેની ટેલિફોનિક વાતચીત પરથી નીકળ્યો છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોકયુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની
હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga WE MOVED TO 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.



## નીના ગુપ્તાની બાયોપિક બનાવવા ફિલ્મ સર્જકો તૈયાર


મુંબઇ : બાલિવુડની પ્રતિભાશાળી પરંતુ પોતાની એક્ટિંગ કરતા બોલ્ડ અને બિન્દાસ અભિગમને કારણે વધારે ચર્ચામાં રહેતી અભિનેત્રી નીના ગુપ્તાની અંગત જિંદગી પરથી બાયોપિક બને તેવી શક્યતા છે. કેટલાક સર્જકોએ આ માટે નીનાનો સંપર્ક કર્યો છે. નીનાની જિંદગી એક ફિલ્મી સફર જેવી જ રહી છે. ક્રિકેટર વિવિઅન રિચર્ડસ સાથેના અફેર અને તેની સાથેના સંબંધથી જન્મલી મસાબાનો એક અપરિણિત માતા તરીકે સ્વીકાર તેના જીવનની સૌથી ચર્ચાયેલી ઘટના છે. એ પછી નીનાએ ૨૦૦૮માં વિવેક મહેરા સાથે લગ્ન કરી લીધા.


# સ્વદેશ

FRIDAY, 20 MAY, 2022




## કોસ્મેટિક સર્જરીમાં ગફલત થતાં 21 વર્ષની કન્નડ એક્ટ્રેસનું મોત



મુંબઇ : કન્નડ ટીવી એક્ટ્રેસ ચેતના રાજુનું કોસ્મેટિક સર્જરી દરમિયાન ગફલતના કારણે નિધન થઈ જતાં મનોરંજન ઉદ્યોગમાં આઘાતની લાગણી વ્યાપી છે. માત્ર ૨૧ વર્ષની ચેતના માતા-પિતાને જાણ કર્યા વિના જ બેંગ્લુરુની હોસ્પિટલમાં ફેટ ફ્રી સર્જરી કરાવવા ગઈ હતી. માતા-પિતાએ હોસ્પિટલ સામે તબીબી બેદરકારી બદલ પોલીસ ફરિયાદ દાખલ કરી છે. ચેતના ગઈકાલે સવારે બેંગુલુરના રાજાજી નગરનાં શેટ્ટી કોસ્મેટિક સેન્ટરમાં ફેટ ફ્રી સર્જરી માટે દાખલ થઈ હતી. તેણે પોતાના માતા-પિતાને આ વિશે જાણ કરી ન હતી અને તે કેટલાક મિત્રો સાથે જ હોસ્પિટલ આવી હતી.

## કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં અભિનેત્રી દીપિકા પદુકોણનો દેશી અંદાજ



નવી દિલ્હી: કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો દર્શકોની સાથે જ સેલિબ્રિટીઝ પણ આતુરતાથી રાહ જોતા હોય છે. બધા પ્રખ્યાત સ્ટાર્સ ફ્રેન્ચ રિવેરા પહોંચી ચૂક્યા છે. હાલમાં જ ઉર્વશી રૌતેલા, એશ્વર્યા રાયની તસવીરો સામે આવી હતી. તો બીજી તરફ પ્રથમ વખત કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ જૂરી મેમ્બર બનીને સામેલ થેયેલ દિપીકા પાદુકોણનું લુક પણ જોવા લાયક હતું. છેલ્લા દિવસોમાં દીપિકાનું પ્રથમ લુક વાયરલ થયું હતું હવે હાલમાં જ દીપિકાની નવી તસવીરો સામે આવી છે. જેને ફેન્સ ખૂબ જ પસંદ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર તેની તસવીરો તેજીથી વાયરલ થઈ રહી છે.


એક્ટ્રેસ દીપિકા પાડુકોણે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના રેડ કાર્પેટ પર પોતાની શાનદાર એન્ટ્રી કરી હતી. તે બ્લેક અને ગોલ્ડન સાડીની સાથે હેવી સ્મોકી મેકઅપમાં નજર આવી હતી.આ સાડીને સબ્યસાચીએ ડિઝાઈન કરી છે. આની સાથે જ તેના ઓવરઓલ લુકની વાત કરીએ તો દીપિકાએ પોતાના હેરને 90sનું લુક આપી હાઈ ટાઈ હેર્સમાં નજર આવી રહી છે. તેના આ લુકને જોઈને દરેક લોકો તેને કોમ્પ્લીમેન્ટ આપી રહ્યા છે. દીપિકા પાદુકોણ છેલ્લા અનેક વર્ષોથી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો સતત હિસ્સો બની રહી છે. તેમણે ઘણા વર્ષોથી પોતાના આઉટફિટ્સને લઈને ટોપ આઉટફિટ્સમાં પોતાનું સ્થાન બનાવી રાખ્યું છે. આ વખતે દિપીકા જાણીતી મેકઅપ બ્રાન્ડ લોરિયલનું પ્રમોશન કરી રહી છે.

## કિયારા અડવાણી કરણ જોહરની તરફેણમાં



મુંબઈ : કિયારા અડવાણી અને કાર્તિક આર્યન પોતાની આગામી ફિલ્મ ભૂલભૂલૈયા ટુને લઈને પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ઉપરાંત તે કરણ જોહરની આવનારી ફિલ્મ જુગ જુગ જિયોમાં પણ જોવા મળવાની છે. હાલમાં જ કિયારાએ નેપોટિઝમને લઈને કરણ જોહરનો બચાવ કર્યો હતો. તેણે કહ્યુ હતુ કે, બોલીવૂડમાં મારું કોઈ સ્થાન નહોતું અને મને કોઈ ઓળખતું નહોતું ત્યારે મારી વહારે કરણ આવ્યો હતો. હવે કરણને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં નેપોટિઝમ માટે ટારગેટ કરવામાં આવતો હોય છે. કિયારાનું કહેવું છે કે, કરણ જોહરને ખોટી રીતે ટારગેટ કરવામાં આવે છે. હું જ્યારે બોલીવૂડમાં સ્ટ્રગલ કરતી હતી અને મને દરેક જગ્યાએથી રિજેકશનનો સામનો કરવો પડતો હતો. કિયારાએ વધુમાં કહ્યુ હતું કે, બોલીવૂડની એજન્સીઓ પણ મને કામ અપાવતી નહોતી. પરંતુ અચાનક જ ૨૦૧૮માં કરણે મને લસ્ટ સ્ટોરીઝમાં કાસ્ટ કરી હતી.

## અર્જુન-મલાઇકા આ વર્ષના અંત સુધીમાં વિધિપૂર્વક પરણી જશે




મુંબઇ : મલાઈકા અરોરા પોતાના કરતાં ૧૨ વરસ નાના અર્જુન કપૂર સાથે આ વર્ષના અંત સુધીમાં લગ્ન કરવાની તૈયારી કરી રહી છે તેવી ચર્ચાએ આજે જોર પકડયું હતું. તેઓ છેલ્લાં પાંચ વર્ષથી રિલેશનશિપમાં છે. અહેવાલો મુજબ મલાઈકા અને અર્જુન આ વર્ષના નવેમ્બર કે ડિસેમ્બરમાં એક સાદગીભર્યા સમારંભમાં લગ્ન કરી લેશે. આ સમારંભમાં માત્ર ગણતરીના મહેમાનો અને પરિવારજનો જ હાજર રહેશે. લગ્ન પછી બંને કેટલાક મિત્રો માટે એક વેડિંગ પાર્ટી પણ યોજશે. મલાઈકા અને અરબાઝ ખાને ૨૦૦૮માં લગ્ન કર્યાં હતાં. તેમનો પુત્ર અરહાન હાલ ૧૯ વર્ષનો છે.

## જેક્વેલિને વિદેશ જવા ખોટાં બહાના બનાવ્યાં : ભાંડો ફૂટતાં અરજી પાછી ખેંચી લીધી



મુંબઈ : અભિનેત્રી જેક્વેલિનિ ફર્નાન્ડિઝની વિદેશ જવાની મુરાદ પર પાણી ફરી વળ્યું છે. વિદેશ જવા માટે તેણે કરેલી અરજીમાં દર્શાવેલાં કારણો ખોટાં હોવાનું એન્ફોર્સમેન્ટની તપાસમાં પુરવાર થયું હતું. ઈડી દ્વારા આ તપાસની વિગતો કોર્ટમાં રજૂ કરાયા બાદ જેક્વેલિને સામે ચાલીને જ વિદેશ જવાની મંજૂરી માગતી પોતાની અરજી પાછી ખેંચી લીધી હતી. જેક્વેલિન ખંડણી સહિતના આરોપોના કારણોસર જેલવાર ભોગવતા સુકેશ ચન્દ્રશેખર સાથેના સંબંધો અને તેની પાસેથી કરોડોની ગિફ્ટસ સ્વીકારવાના મુદ્દે તપાસનો સામનો કરી રહી છે. આ કારણોસર ગયા ડિસેમ્બરમાં પણ તેને મુંબઈ એરપોર્ટ પરથી વિદેશ જતાં અટકાવવામાં આવી હતી. હવે જેક્વેલિને દિલ્હીની કોર્ટમાં અરજી કરીને જણાવ્યું હતું કે પોતાને અબુધાબી આઈફાના એવોર્ડ માટે અને ફ્રાન્સ કાન ફેસ્ટિવલમાં ભાગ લેવા જવાનું છે. આ ઉપરાંત નેપાળની એક ઈવેન્ટમાં હાજરી પણ આપવાની છે. પરંતુ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોટે તપાસ કરતાં ખ્યાલ આવ્યો હતો કે અબુધાબીની એવોર્ડ નાઈટ મુલત્વી થઈ ગઈ છે. નેપાળની ઈવેન્ટમાં તો જેક્વેલિનને આમંત્રણ જ નથી અને ફ્રાન્સ જવા તેણે આપેલા દસ્તાવેજો પણ અપૂરતા છે.

## ક્રિકેટર શિખર ધવનની બોલિવુડ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ



મુંબઇ : ભારતીય ક્રિકેટર શિખર ધવને પોતાની બોલિવુડ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કર્યું છે. આ ફિલ્મ ચાલુ વર્ષે રિલીઝ થાય તેવી ધારણા છે. જોકે, શિખર ધવન તરફથી આ ફિલ્મ અંગે કોઈ સત્તાવાર ઘોષણા કરાઈ નથી. શિખર ધવનને ફિલ્મોનો બહુ શોખ છે. તેણે પુષ્પા ના એક ડાયલોગ પરથી રિલ પણ બનાવી હતી. આથી, તેણે ફિલ્મમાં એક્ટિંગ કરવાની તક તરત જ ઝડપી લીધી હતી. શિખર ધવન પહેલા એકટિંગની દુનિયામાં ઘણા ક્રિકેટરો પોતાના ભાગ્ય અજમાવી જોયા છે. પરંતુ તેઓ નિષ્ફળ ગયા છે.

## નવાઝુદ્દિનને હોલિવુડ ફિલ્મ 'લક્ષ્મણ લોપેઝ'માં મુખ્ય ભૂમિકા મળી



મુંબઇ : નવાઝુદ્દિન સિદ્દિકીને હોલિવુડના ય દિગ્દર્શક રોબર્ટો જિરોલ્ટની ફિલ્મ 'લક્ષ્મણ લોપેઝ'માં મુખ્ય ભૂમિકા મળી છે. નવાઝ હાલ કાન ફેસ્ટિવલમાં રેડ કાર્પેટ ઇવેન્ટ માટે ફ્રાન્સમાં છે. ત્યાંથી જ તેણે આ સમાચાર શેર કર્યા હતા. નવાઝના જણાવ્યા અનુસાર આ એક ઇન્ડો અમેરિકન ફિલ્મ છે અને દિગ્દર્શક જિરોલ્ટ જે રીતે કેમેરા પર કામ કરે છે અને કલાકારની નવી બાજુ દર્શાવે છે તે મને પડકાર જનક લાગ્યું છે. દિગ્દર્શક જિરોલ્ટે કહ્યું હતું કે પોતે આ ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચવાની શરુ કરી ત્યારે જ મુખ્ય કલાકાર તરીકે તેમની સામે નવાઝનો ચહેરો ઉભર્યો હતો.

## રીમેક'ના રવાડે બોલિવુડઃ ક્લાસિક ફિલ્મ આનંદની પણ રીમેક બનશે

મુંબઈઃ બોલિવુડ પાસે ઓરિજિનલ સ્ટોરી આઇડિયાની ભારે તંગી પ્રવર્તી રહી હોય તેમ રીમેક, સિક્વલ અને ડબ ફિલ્મોના સહારે ગાડું ગબડાવાઈ રહ્યું છે. અગાઉ અનિલ કપૂર અને માધુરી દીક્ષિતની કલ્ટ ફિલ્મ તેજાબની રીમેક બનાવવાની જાહેરાત થયા બાદ હવે અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્નાની ક્લાસિક ફિલ્મ આનંદની પણ રીમેક બનાવવાની જાહેરાત થઈ છે. આનંદ ફિલ્મના ઓરિજિનલ




પ્રોડ્યુસર એન. એન. સિપ્પીના પૌત્ર સમીર રાજ સિપ્પીએ જ આ ફિલ્મ ફરી બનાવવાની જાહેરાત કરી છે. સમીરના કહેવા અનુસાર નવી પેઢીને આ ફિલ્મ નવી શૈલીથી દર્શાવવી જરૂરી બની છે. તેમની સાથેના સહ નિર્માતા વિક્રમ ખખ્ખરનું કહેવું છે કે આપણે જ્યારે નવી નવી સ્ટોરીઝ શોધી રહ્યા છીએ ત્યારે જો આપણી જ ઓરિજિનલ ક્લાસિક્સમાં શોધ ચલાવીએ તો આપણને નવાં રત્નો મળી શકે તેમ છે.



# ॥ સંસ્કૃતિ ॥




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ભારતીય સંગીતના જગતના તારલા પંડિત શિવકુમારની ફાની દુનિયાને અલવિદા

# સંતુરવાદન અને પંડિત શિવકુમાર એકમેકના પર્યાય

શ્રદ્ધાંજલિ
ધવલ શુક્લ

કાશ્મીરના ૧૦૦ તારના લોકવાદ્ય સંતુરને શાસ્ત્રીય સંગીતની આલમમાં મોભાદાર સ્થાન અપાવનારા શિવકુમાર શર્માનું મંગળવારે હાર્ટઅટેકને લીધે નિધન થયું હતું. છેલ્લાં ઘણાં સમયથી તેઓ અનેક શારીરિક સમસ્યાથી પીડાતા હતા. ગત શનિવારે વિશ્વ- વિખ્યાત સંતુરવાદક અને સંગીતકાર પંડિત શિવકુમાર શર્માનો પાર્થીવદેહ ફિલ્મ અને સંગીત ક્ષેત્રની હસ્તીઓની હાજરીમાં વિલેપાર્લેના પવનહંસ પાસેના સ્મશાનમાં પંચમહાભૂતમાં વિલિન થઈ ગયો હતો. સદગતને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. અંતિમવિધિ પહેલાં પંડિત શિવકુમારના પાર્થિવદેહને તેમના જૂહુ સ્થિત નિવાસસ્થાને રાખવામાં આવ્યો હતો. જ્યાં અમિતાભ બચ્ચન, જયા બચ્ચન, જાવેદ અખ્તર, શબાના આઝમી સહિતના કલાકારો- કસબીઓએ સદગતના અંતિમદર્શન કરી પુષ્પાંજલી અર્પણ કરી હતી. ત્યારબાદ શણગારેલા વાહનમાં સંગીતની દુનિયાના આ દિગ્ગજ કલાકારની સ્મશાનયાત્રા નીકળી હતી. શિવજીના સંગીતકાર પુત્ર રાહુલ અને રોહિતે સદગતના શરીરને અગ્નિદાહ આપ્યો હતો.

પંડિત શિવકુમાર શર્માનો જન્મ 1938માં જમ્મુમાં થયો હતો. તેઓ જમ્મુમાં જન્મેલા એવા પહેલા સંગીતકાર ગણાય છે જેમણે લોકવાદ્ય સંતુર પર શાસ્ત્રીય સંગીત વગાડ્યું. જમ્મુ કાશ્મીરના લોકવાદ્યને વૈશ્વિક સ્તરે ઓળખ મળવાનું કારણ પંડિત શિવકુમાર શર્મા જ છે. બાળપણમાં તેમણે તબલાવાદન શીખવાની શરૂઆત કરી અને બાદમાં પિતાના પ્રોત્સાહન તરફથી સંતુર તરફ વળ્યા. તેમણે શાસ્ત્રીય ગાયનની તાલીમ પણ મેળવી હતી. તેમના કાર્યક્રમોમાં ઘાસમાંથી વહી જતા પવનથી માંડીને કાશ્મીરના શિકારામાં જુવાન છોકરીને મળતા ભરવાડનું દ્રશ્ય અને ઘાસ ચરતા ઘેંટાઓનું ટોળું સંતુરના સ્વરોમાંથી જીવતું થઈ દર્શકો સુધી પહોંચતું. ધ્યાનની માફક સંતુરવાદન કરનારા પંડિત શિવકુમાર શર્મા લોકોને હ્દયમાં સોંસરવા ઊતરતા.



સંતુર શબ્દ સાંભળવામાં જેટલો મધુરો છે તેના કરતાં કંઈક ગણા મધુરા તેના સ્વર છે. આવા વાદ્યની પારંગતતા જેની પાસે હોય તેની પ્રતિભાની સૌમ્યતાનો પર્યાય હોય તે સ્વાભાવિક છે. પંડિત શિવકુમાર શર્માના નિધનથી ભારતીય શાસ્ત્રીય સંગીતની દુનિયાને કદી ન પુરી શકાય તેવી ખોટ પડી છે. સંતુરવાદન સુફી સંગીત સાથે જોડાયેલું છે અને પંડિત શિવકુમાર શર્માએ સંતુરવાદનનું આ આધ્યાત્મ હંમેશાં પ્રતિબિંબિત કર્યું છે.

સંતુરના મૂળ બંધારણમાં, તેને જે રીતે લાકડાના સ્ટેન્ડ પર વગાડવામાં આવતું, તે પદ્ધતિમાં પંડિત શિવકુમાર શર્માએ ફેરફાર કરવાનું સાહસ કર્યુ. તેને પગલે સંતુરવાદન કરનારા બીજા કલાકારોએ પણ સંતુરની બાંધણીમાં ફેરફાર કર્યા. શાસ્ત્રીય સંગીતના અવકાશમાં સંતુરને સેન્ટર સ્ટેજ મળે તે માટે પંડિત શિવકુમાર શર્માએ ભગીરથ પ્રયાસો કર્યા છે. જેને કારણે તેઓએ સિધ્ધિ મેળવી હતી. ભૂતકાળમાં ટીકાકારો કહેતા કે, શાસ્ત્રીય વાદનમાં જે 'મીંડ'હોય છે - જેમ એક સ્વરથી બીજા સ્વર તરફનું નજાકત ભર્યું ચઢાણ - ઢળાવ હોય છે તે સંતુરમાં શક્ય નથી. પરંતુ પંડિત શિવકુમાર શર્માની આંગળીઓએ ઝાલેલી દાંડીથી એ પણ શક્ય બન્યું, પરિણામે ભારતમાં સમગ્ર સંગીત જગતને પંડિત શિવકુમારની કલાનો પરિચય મળ્યો. દાયકાઓથી સંતુર અને પંડિત શિવકુમાર શર્મા એકબીજાના પર્યાય બન્યા છે.

### જમ્મુમાં જન્મેલા પંડિત શિવકુમાર શર્માની આંગળીઓએ ઝાલેલી દાંડીથી એક સ્વરથી બીજા સ્વર તરફનુ નજાકત ભર્યું ચઢાણ અને ઢળાવ સંતુરમાં પણ શક્ય બન્યું, અને ભારતને પંડિતની કલાનો પરિચય મળ્યો

સંતુરની ઓળખ ઘડનારા પંડિત શિવકુમાર શર્મા જ્યારે નાના હતા, ત્યારે તેમને સંતુર શીખવામાં ઓછો રસ હતો. તેમના પિતા ઉમા દત્ત શર્મા એક પંડિત હતા અને ઑલ ઈન્ડિયા રેડિયો માટે કામ કરતા હતા. તેમણે દીકરા શિવને સંતુર તરફ વાળ્યો. શરૂઆતનાં વર્ષોમાં તબલા અને સંતુર બંન્નેમાં આવડત કેળવનારા શિવકુમારે રવિશંકર અને ઉસ્તાદ અલી અકબર ખાનની સંગત માટે તબલા પણ વગાડ્યા. સંતુરને શાસ્ત્રીય વાદ્ય તરીકે ક્યારે પણ સ્વીકૃતિ નહીં મળે તેવું તેઓ સતત સાંભળતા હતા. આ વાત તેમણે પોતાની આત્મકથા 'જર્ની વીથ અ હન્ડ્રેડ સ્ટ્રીંગ'માં વિગતવાર લખી છે.

સૂરોના દોસ્ત શિવકુમાર શર્મા ઈકોનોમિક્સમાં માસ્ટર્સ ડિગ્રી ધરાવતા હતા. સંગીતને લગતું કામ શોધવા માટે તેઓ 22 વર્ષની વયે મુંબઈ આવ્યા. તેમણે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, તબલા છોડવા અને ગજવામાં 500 રૂપિયા લઈને મુંબઈ આવી કામ શોધવું તેમની જિંદગીના સૌથી મોટા જુગાર હતા. પંડિત શિવકુમાર શર્મા વિશે વિગતવાર બહુ ઓછું જાણનારી આજની પેઢીએ એ પણ જાણવું રહ્યું કે 'સિલસિલા', 'ડર', 'ચાંદની' અને 'લમ્હે' જેવી મેનસ્ટ્રીમ બૉલિવૂડ ફિલ્મોમાં પણ તેમણે સંગીત આપ્યું હતું. બાંસુરીવાદક પંડિત હરિપ્રસાદ ચૌરસિયા અને શિવકુમારની જોડી 80ના દાયકાથી પ્રચલિત હતી. તેઓએ અનેક ફિલ્મોમાં સંગીત ઉપરાંત વૈશ્વિક સ્તરના કાર્યક્રમોમાં પણ અનેક વાર સાથે પરફોર્મન્સ આપ્યું છે. વળી પછીથી તેમની સાથે ઉસ્તાદ ઝાકિર હુસેન પણ જોડાતા હતા.

પંડિત શિવકુમાર શર્મા અને પંડિત હરિપ્રસાદ ચૌરસિયા એવા પહેલા ભારતીય સંગીતકાર હતા જેમણે એલ્ટન જોન, ફિલ કોલિન્સ અને એલનિસ મેરિસેટ સાથે 1998ની નોબલ પ્રાઈઝ સેરિમનીમાં ઓસ્લોમાં પરફોર્મન્સ આપ્યું હતું.

જ્યારે પણ આ દરજ્જાના કોઈ કલાકારની વિદાય થાય ત્યારે ફાળ પડે. કારણ કે આપણે જાણીએ છીએ કે આવી પ્રતિભા ફરી નહીં થાય. બદલાયેલા સમય સાથે, ગતિ સાથે બધું એટલું ઝડપી બન્યું છે કે ધીમી ગતિની મહત્ત્વતા સમજનારા લોકો પણ ઘટી રહ્યા છે. પંડિત રવિશંકર હોય કે પંડિત શિવકુમાર શર્મા - તેમની વિદાયથી એક યુગનો અંત આવ્યો છે. આજના જમાનામાં સંતુર - સરોદ - સિતાર - તાનપુરાનો ભેદ જાણવા માટે ગૂગલ કરવું પડશે. આંખના પલકારામાં મળતી માહિતી તે આંખના પલકારામાં ભૂલી પણ જશે. જે સંજોગોમાં પંડિત શિવકુમાર શર્મા જેવા દિગ્ગજ સર્જાયા એ આદર્શ, એ વિચારો, એ તાણ છતાંય સમન્વય તરફ ગતિ કરનારા લોકો, બૌદ્ધિક રીતે સમૃદ્ધ હોવું અનિવાર્ય છે તે જાણનારા લોકો સમયાંતરે લઘુમતીમાં હશે તે ચોક્કસ છે.

પોતાના સંગીતથી કાશ્મીરના સૌંદર્યને ક્યાંય પણ ખડું કરી શકતા પંડિત શિવકુમાર શર્માની વિદાયથી સર્જાયેલો ખાલીપો ભરવો અશક્ય જ છે. આમ છતાં આપણે એટલું કરી શકીએ કે સંતુર જે સ્તરે તેમના પ્રયાસોને કારણે તે પહોંચ્યું છે તેનો દરજ્જો જાળવવા પ્રયાસ કરીએ. લોકવાદ્યને વૈશ્વિક સ્તરે મુકનાર પંડિત શિવકુમારનું નામ ભારત સંગીત જગતમાં સદા ગૂંજતુ રહેશે.



# સ્ટાઈલની સાથે આકર્ષક લુક પણ આપતાં ચિકનકારી આઉટફિટ



ચિકનકારી ગ્લોબલ ઓળખ ધરાવે છે. ચિકનકારીને ઈન્ડિયનની સાથે વેસ્ટર્ન ટચ આપવામાં આવી રહ્યો છે. તે એલિગન્ટ લુક આપે છે ગરમીમાં દરેક યુવતી એવાં કપડાં પહેરવા ઈચ્છે છે જેમાં તેઓ કૂલ મહેસૂસ કરે. કોટન, લિનન મટીરિયલના આઉટફિટની સાથે ચિકનકારી આઉટફિટ હોટ ફેવરિટ છે, કારણ કે તે સિમ્પલ લુક આપવાની સાથે કૂલ લાગે છે. તેથી ગરમીમાં ચિકનકારી બેસ્ટ ઓપ્શન માનવામાં આવે છે. ચિકનકારી એક ટ્રેડિશનલ એમ્બ્રોઈડરી સ્ટાઈલ છે. એનાં મૂળ લખનઉમાં છે. ચિકનકારી એ બારીક રીતે કરવામાં આવતી એમ્બ્રોઈડરી છે. તેને મસલિન, કોટન, સિલ્ક, શિફોન, નેટ જેવાં ફેબ્રિક પર કરાય છે. તેની શરૂઆત સુંદર સફેદ રંગના કોટન દોરાથી થઈ હતી. જોકે હવે લગભગ દરેક રંગના દોરાનો ઉપયોગ એમ્બ્રોઈડરી માટે થવા લાગ્યો છે. હવે તો સિલ્કના દોરાનો ઉપયોગ પણ ચિકનકારી એમ્બ્રોઈડરી માટે થવા લાગ્યો છે, કારણ કે ચિકનકારી લેટેસ્ટ માર્કેટ અને ટ્રેન્ડ્સ મુજબ અપ ટૂ ડેટ રહે છે. એક સમય એવો હતો જેમાં ચિકનકારીને ગણ્યાગાઠ્યા લોકો જાણતા હતા, પરંતુ જ્યારથી બોલિવૂડ અને વિદેશી લોકોએ તેને અપનાવી છે ત્યારથી તેની ઓળખ વધવા લાગી છે. બોલિવૂડની દરેક એક્ટ્રેસ ચિકનકારી કુરતાં પહેરતી જોવા મળે છે.

## ચિકનકારી કુરતી

આ કુરતીની ખાસિયત એ છે કે તે બહુ સિમ્પલ લુક આપે છે. તેથી તમારે અલગથી કંઈ કરવાની જરૂર પડતી નથી. ચિકનકારીમાં સલવાર સૂટના સેટ સિવાય પણ ઘણાં ઓપ્શન હવે ઉપલબ્ધ છે. ચિકનકારી ડિઝાઈનવાળી અનારકલી કુરતી આકર્ષક લાગે છે. ગરમીમાં ફેમિલી ફંક્શનમાં તેને પહેરીને તમે સામેલ થઈ શકો છો. ચિકનકારીમાં એલાઈન કુરતી સ્લિમ દેખાવામાં મદદ કરે છે. ચિકનકારીમાં લૉંગ, શોર્ટ, ની એમ વિવિધ લેન્થની કુરતી ઈન ટ્રેન્ડ છે. તમે ચિકનકારી કુરતીને જિન્સ, લેગિંગ્સ, પેન્ટ, પ્લાઝો કોઈપણની સાથે પૅર કરીને પહેરી શકો છો. હવે પ્લેન કુરતી ઉપર ડિફરન્ટ લુક આપતી ચિકનકારી કોટી પણ અવેલેબલ છે. જેમને ફ્યૂઝન ફેશન પસંદ હોય તેમના માટે ચિકન કોટી પરફેક્ટ છે. શોર્ટ ચિકનકારી કુરતીને લૉંગ સ્કર્ટની સાથે પણ પૅર કરી શકાય છે.

## ચિકનકારી પ્લાઝો

ચિકનકારી કુરતાંની સાથે ચિકન પ્લાઝો એલિગન્ટ લુક આપે છે. ચિકન પ્લાઝોમાં પણ હાફ ચિકન વર્કવાળો પ્લાઝો, પ્લાઝોમાં ચિકનની બોર્ડર વગેરે અવેલેબલ છે. શોર્ટ કે ની લેન્થ પ્લેન કુરતીની સાથે ચિકનકારી પ્લાઝો સિમ્પલ અને સૉબર લુક આપશે. સિગાર પેન્ટની સાથે ડિઝાઈનર કુરતી, એડિશનલ વર્કની સાથે ગોટાપત્તી સૂટ પહેરી શકો છો. ચિકનકારીમાં ઈન્ડિયનની સાથે વેસ્ટર્ન વૅરનું ચલણ વધ્યું છે. ચિકનકારી વર્કવાળા કુરતાંમાં હવે કલરના ઓપ્શન પણ આવવા લાગ્યા છે. અલગ અલગ શેડ્સ પણ એમાં ઉપલબ્ધ છે. એમાં તમે તમારા ફેવરિટ કલર મુજબ તેની પસંદગી કરી શકો છો. ચિકન ડ્રેસીસની સાથે ઓક્સોડાઈઝ્ડ જ્વેલરી કમાલનો લુક આપે છે.

---

**શીર્ષક : મૃત્યુ પહેલાં**
**મૂળ રચનાકાર : રેણુકા 'લતા'**
**મૂળ રચનાકાર : તેલુગુ**
**ગુજરાતી અનુવાદ: હિના મોદી**

મૃત્યુ સાથે આંખો પરોવીને જતાં પહેલાં
એટલી તો યોગ્ય બની જાઉં...
મોત પણ મને મારી ન શકે
જીવંત રહું હું, બધાનાં હૃદયમાં.
મૃત્યથી ડરતી નથી હું, ડરું છું જીંદગીથી
પાપ પુણ્યનાં મેળામાં ક્યાંક હું રહીં નહીં જાઉં કોઈ ખૂણામાં !
મૃત્યુથી ડરતી નથી હું, ડરું છું જીંદગીથી
અન્યાયને ઓળખીને ચૂપચાપ સહન કરી લઉં છું.
ઉફ઼ પણ નથી કરતી, શું આ જીંદગી છે !
મૃત્યુ પણ આપણને પ્રેમથી ગોદમાં સમેટી લે છે
એવી જીંદગી શું કામની !?
જો મૃત્યુથી પહેલાં મારી નાંખે છે?
અન્યાય અત્યાચાર ત્યારે થાય છે
જ્યારે તમે સહન કરી લો છો મિત્રો -
અન્યાય બળાત્કાર ત્યારે થાય છે
જ્યારે તમે લડત નથી આપતા મિત્રો-
જાતને ઊભી કર, સામનો કર
એનો - જે તમને રસ્તો ચિંધતા પહેલાં છીનવી લે છે,
જીંદગી સડવાનું નામ નથી, લડત આપવાનું નામ છે.
મૃત્યથી ડરીને શું પ્રાપ્ત થાય? જીંદગીને લડત આપો.

---




ફિટનેસ, ફોટો એડિટિંગ અને પઝલ એપ્સ તરીકે છવાયેલી 200 થી વધુ એન્ડ્રોઈડ એપ્સ ફેસસ્ટીલર નામના સ્પાયવેરને યુઝર પાસવર્ડ અને અન્ય મૂલ્યવાન માહિતીને સાઈફન કરવા માટે વિતરિત કરતી જોવા મળી છે. ટ્રેન્ડ માઈક્રો વિશ્લેષકો સિફર ફેંગ, ફોર્ડ ક્વિન અને ઝેન્ગ્યુ ડોંગે એક નવા અહેવાલમાં જણાવ્યું હતું કે જોકરની જેમ મોબાઈલ માલવેરનો બીજો ભાગ ફેસસ્ટીલર તેના કોડને વારંવાર બદલે છે. તેની શોધ થઈ ત્યારથી સ્પાયવેર સતત Google Play (PlayStore) ને મુશ્કેલીમાં મૂકે છે.

જુલાઈ 2021માં ડૉક્ટર વેબ દ્વારા સૌપ્રથમ દસ્તાવેજીકરણ કરાયેલ Facestealer, કપટપૂર્ણ એપના એક જૂથનો સંદર્ભ આપે છે જે ફેસબુક લૉગિન આઈ.ડી. અને પાસવર્ડ જેવા સંવેદનશીલ ડેટાને લૂંટવાના ધ્યેય સાથે Android માટે અધિકૃત એપ્લિકેશન માર્કેટપ્લેસ પર આક્રમણ કરે છે. જેમાં ૨૦૦ થી વધુ એપ્સનો સમાવેશ છે. જેમાં ૪૨ VPN એપ્સ, ૩૩ કેમરા અને ફોટો એડીટીંગ એપ્સ અને ૧૨ સર્વે એપ્સ છે. આ એપ્સ ફેસબુક કૂકીઝનો ઉપયોગ કરીને વાંચી શકાય તેવી યુઝર્સની માહિતી એકત્રિત કરવા માટે ડીઝાઈન કરવામાં આવી છે. વધુમાં ટ્રેન્ડ માઈક્રો એ ખુલાસો કર્યો છે કે તેણે 40 થી વધુ ઠગ ક્રિપ્ટોકરન્સી માઈનર એપ્સનો પર્દાફાશ કર્યો છે જે યુઝર્સને જાહેરાતો જોવા અને સબ્સ્ક્રિપ્શન સેવાઓ માટે ચૂકવણી કરવા માટે બનાવાયેલ માલવેર સાથે વર્ચ્યુઅલ કરન્સીમાં રસ ધરાવતા યુઝર્સને લક્ષ્ય બનાવે છે.

કેટલીક ફેક ક્રિપ્ટો એપ્લિકેશનો જેમ કે Cryptomining Farm Your own Coin એપ પ્રાઈવેટ કી તથા ક્રીપ્ટો કરન્સી ચોરી કરવાના પ્રયાસ પણ કરે છે. આવી સ્કેમ એપ્સથી બચવા માટે એપ્સના નેગેટીવ રીવ્યુ જોવા જોઈએ, પરમીશનની ચકાસણી કરવી જોઈએ અને થર્ડ પાર્ટી એપ સ્ટોર પરથી એપ્લીકેશન ડાઉનલોડ કરવી જોઈએ નહિ.

નોર્ટનલાઈફલોક અને બોસ્ટન યુનિવર્સિટીના સંશોધકોએ 2019 અને 2020 ની વચ્ચે 11.7 મિલિયન Android-આધારિત ડિવાઈસ પર ઈન્સ્ટોલ કરેલા 8.8 મિલિયન PHAs (potentially harmful apps) પરથી આ તારણો જોવા મળ્યા. PHAs Google Play પર સરેરાશ 77 દિવસ અને થર્ડ પાર્ટી એપ સ્ટોર પર 34 દિવસ સુધી ચાલુ રહે છે. અભ્યાસમાં નોંધવામાં આવ્યું છે કે PHAs ક્યારે ઓળખવામાં આવે છે અને તેને દૂર કરવામાં આવે છે. પરતું 3,553 એપ્લિકેશન્સ ઈન્સ્ટોલ કર્યા પછી તેમાં કોઈ બદલાવ જોવા મળ્યા નહિ. પરતું આ એપ્સ યુઝર્સની માહિતીનો સંગ્રહ કરતી જોવા મળી.

સંશોધન એ પણ દર્શાવે છે કે જ્યારે યુઝર્સ પોતાના ડિવાઈસને બેકઅપ માંથી પુનઃસ્થાપિત કરે છે અને એપ્સ આપમેળે ઈન્સ્ટોલ થાય છે ત્યારે PHAs સરેરાશ લાંબા સમય સુધી લંબાય છે. સેમસંગ સ્માર્ટ સ્વિચ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને 14,000 જેટલા PHAs ને 35,500 નવા સેમસંગ ઉપકરણોમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે, જેમાં એપ્લિકેશનો લગભગ 93 દિવસના સમયગાળા માટે ફોન પર ચાલે છે.

એન્ડ્રોઈડ સિક્યુરિટી મોડલ મેલીસીયસ એપ્લીકેશનને શોધી કાઢવા માટે સિક્યુરીટી પેચ અપડેટ કરતું જ રહે છે. જેનાથી PHAs નું પ્રમાણ ઘટાડી શકાય. મોબાઈલ સિક્યુરિટી પ્રોગ્રામ્સ દ્વારા કાર્યરત વર્તમાન ચેતવણી પ્રણાલી યુઝર્સને PHAs ને તાત્કાલિક અનઈન્સ્ટોલ કરવા માટે સમજાવવામાં અસરકારક નથી.

beinghumanmj

---

## અપનાવો આ ઘરેલું ટીપ્સ

- રાતના સફરજન નિયમિત ખાવાથી અનિંદ્રાની તકલીફ દૂર થાય છે.
- પલાળેલા સાબુદાણા કડક થઇ ગયા હોય તો તેના પર થોડું પાણી કે દૂધ છાંટી બરાબર હલાવી વઘારવાથી તે મુલાયમ થઇ જશે.
- એક ચમચો દહીં અને એક ચમચી વાટેલી અડદની દાળ ભેળવી મુલાયમ પેસ્ટ બનાવી ચહેરા અને ગરદન પર લગાવી 15 મિનિટ બાદ ધોઇ નાખવું ત્વચા મુલાયમ તથા સુંદર બને છે.
- માખણમાં ઈંડાની સફેદી ભેળવી આંખ નીચે લગાડવાથી આંખ નીચેની કરચલી તેમજ કાળાશ દૂર થાય છે.
- મેથીના સુકાયેલા પાનને પાણીમાં ભીંજવવા. બરાબર પલળે પછી તેને મસળીને ગાળી લેવું અને તેમાં થોડું મધ ભેળવી પીવાથી લૂથી છૂટકારો મળે છે.
- હુંફાળા પાણીમાં લીંબુ નીચોવી તથા મીઠું ભેળવી કોગળા કરવાથી મુખ દુર્ગંધ દૂર થાય છે.



- ચમેલીના પાનનો રસ પગની એડીના ચીરા પર લગાડવાથી લાભ થાય છે.
- તુલસીના રસમાં મધ ભેળવી ચાટવાથી ઊલટીમાં લાભ થાય છે.
- તુલસી અને આદુનો રસ સમાનમાત્રામાં ભેળવી દિવસમાં બે-ત્રણ વાર પીવાથી ઉધરસમાં રાહત થાય છે.
- વારંવાર હેડકી આવતી હોય અને સામાન્ય પ્રકૃતિની હોય તો થોડું ઠંડુ દૂધ પીવાથી રાહત થાય છે.
- ટમેટાની ફાડ પર મરીનો ભૂક્કો ભભરાવી ખાવાથી પેટમાના કૃમિ નાશ પામે છે.
- સવાર-સાંજ ભોજન બાદ એક-એક સંતરું ખાવાથી રૂક્ષ, કાળી પડેલી ત્વચામાં ચેતના આવે છે અને મુલાયમ થાય છે.
- ગાજરના રસમાં જૈતૂનનું તેલ ભેળવી નખની માલિશ કરવાથી નખ મજબૂત થાય છે.
- ખીલ પર દહીં અને ચણાના લોટનું મિશ્રણ લગાડવાથી ખીલમાં રાહત થાય છે.
- ફળોનો સ્વાદ કુદરતી જળવાઇ રહે માટે ફળોને ફ્રિજમાં રાખવા નહીં.

# હળવદમાં કારખાનાની દિવાલ ધરાશાયી થતાં 12ના મોત

## મીઠાની થેલીઓ ભરવાની કામગીરી વખતે દુર્ઘટના : દટાઇ ગયેલા શ્રમજીવીઓને ગંભીર ઈજા થઇ હતી

**હળવદ**

હળવદ જીઆઈડીસીમાં આવેલા સાગર સોલ્ટ નામના મીઠાના કારખાનામાં બુધવારે બપોરે બાર વાગ્યા આસપાસ રાબેતા મુજબ શ્રમિકો મીઠાની કોથળી ભરવાનું કામ કરી રહ્યા હતા, તે દરમિયાન કોઈ કારણોસર ધડાકાભેર 12-15 ફૂટ ઉંચી દીવાલ ધસી પડી હતી. પરિણામે ત્યાં કામ કરતા ૧૩ જેટલા શ્રમિકો દટાઈ ગયા હતા. જેમાં દીવાલનાં કાટમાળ અને મીઠાની થેલીઓ નીચે દટાઈ જવાથી ત્રણ બાળકો સહિત 12 શ્રમિકોનાં ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે એક શ્રમિકને કાટમાળ નીચેથી બહાર કાઢીને સારવાર માટે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.ગોઝારી દુર્ઘટનાને પગલે



સરકારી તંત્રને દોડધામ થઈ ગઈ હતી અને મુખ્યમંત્રીએ પણ હળવદ દોડી આવીને ત્વરીત તપાસ રીપોર્ટ તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો. હળવદ જીઆઈડીસીમાં રાજસ્થાનનાં આત્મારામ અને ક્રિષ્નારામ નામનાં કારખાનેદારનું ‘સાગર સોલ્ટ’ નામનું કારખાનું આવેલું છે, જેમાં મીઠાની થેલીઓ ભરીને અન્ય રાજ્યોમાં મોકલવાની કામગીરી થાય છે. વર્ષ-2009માં ચાલુ થયેલા સાગર સોલ્ટ કારખાનાનું સંચાલન હળવદનાં અફઝલ અલારખા ઘાંચીએ સંભાળ્યું હતું. આજે બપોરે 12 વાગ્યે કારખાનામાં 12-15 ફૂટ ઉંચી દિવાલની બન્ને તરફ મીઠાની થેલીઓ ગોઠવવામાં આવી રહી હતી ત્યારે પાછળની તરફથી થેલીઓનું દબાણ વધી જતાં આ ઘટના ઘટી હતી.

### હતભાગી મૃતકોની યાદી

(1) રમેશભાઈ મેઘાભાઈ કોળી (ઉ.42)
(2) દિલીપ રમેશભાઈ કોળી (ઉ. 26)
(3) શ્યામ રમેશભાઈ કોળી (ઉ. 13)
(4) દક્ષાબેન રમેશભાઈ કોળી (ઉ. 15)
(5) શીતલ દિલીપભાઈ કોળી (ઉ. 24)
(6) દીપક દિલીપભાઈ કોળી (ઉ.વ. 5)
(7) ડાયાભાઈ નાગજી સુસરા (ઉ. 42)
(૮) રાજીબેન ડાયાભાઈ સુસરા (ઉ. 41)
(9) દેવીબેન ડાયાભાઈ સુસરા (ઉ. 15)
(10) રમેશ નરસિંહ પીરાણા (ઉ. 51)
(11) કાજલ રમેશ પીરાણા (ઉ. 20)
(12) રાજેશ જેરામ મકવાણા (ઉ. 30)

# દેશના અર્થતંત્રમાં ગુજરાત શું કરી શકે: ટાસ્ક ફોર્સે રિપોર્ટ રજૂ કર્યો

**અમદાવાદ**

દેશના પાંચ લાખ કરોડ ડોલરના અર્થતંત્રના લક્ષ્યમાં ગુજરાતે પણ પોતાના નવ જેટલા મુખ્બ ક્ષેત્રો ઉપર વધારે ભાર મુકવો પડશે અને રાજ્યનો આર્થિક વિકાસ હજુ ઝડપી બનાવવો પડશે એવો એક અહેવાલ રાજ્ય સરકારના ટાસ્ક ફોર્સે રજુ કર્યો છે. કેન્દ્ર સરકારમાં નાણા સચિવ તરીકે નિવૃત્ત થનારા ગુજરાત કેડરના IAS અધિકારી હસમુખ અઢિયાના અધ્યક્ષ સ્થાને રચાયેલા આ ટાસ્ક ફોર્સે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૧માં ગુજરાતનો હિસ્સો દેશના જીડીપીમાં ૮.૩૬ ટકા હતો જે આવનારા વર્ષોમાં વધારી ૧૦ ટકા કરવો પડશે આ માટે ગુજરાતે પણ પોતાનો આર્થિક વિકાસ વેગવંતો બનાવવો પડશે.

# સિહોરમાં લગ્ન પ્રસંગના જમણવાર બાદ 200થી વધુ વ્યક્તિને ફુડ પોઇઝનની અસર

## છાશ પીધા બાદ મધ્યરાત્રીથી અસર થતા હોસ્પિટલો ઉભરાઇ

**સિહોર**

સિહોરમાં ત્રણ લગ્ન પ્રસંગોમાં છાશ પીધા બાદ લોકોને ઝાડા-ઉલ્ટી વ્યાપક પ્રમાણમાં થઈ જવા પામ્યા હતાં. જો કે, ફુડ પોઈઝનની અસર અંદાજે 200થી વધુ લોકો ઝપટે ચડયા હતાં. જેમાં મોટાભાગના બાળકોને સવિશેષ અસર જોવા મળી હતી.

સિહોરમાં અલગ અલગ ત્રણ સ્થળોએ મોટાપાયે મિઠાઈ, દુધ, છાશની ડેરી ધરાવતા અશોકભાઈ મુનિની દુકાનેથી ગઈકાલે રાત્રીના જુદા જુદા ત્રણ પ્રસંગોમાં મોટા ચોકમાં આવેલ મુનિ મિઠાઈની દુકાનેથી છાશના કેરબાઓ પ્રસંગમાં પહોંચ્યા હતાં. જમણવાર પત્યા બાદ મોડી રાત્રીના 12.30 કલાકથી સવારે 4 કલાક સુધી ફુડ પોઈઝનના કારણે ઝાડા-ઉલ્ટીના કેસો હોસ્પિટલ ખાતે આવવા લાગ્યા હતાં. સરકારી દવાખાને 93 તથા 150 જેટલા દર્દીઓ પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર લેવા પહોંચ્યા હતાં. તપાસ દરમિયાન ફુડ પોઈઝનીંગનું કારણ આવતા તંત્ર પણ સફાળુ જાગ્યું હતું. સિહોર ડે.કલેક્ટર પોતાની ટીમ સાથે સરકારી દવાખાને દોડી આવી મિઠાઈવાળાની દુકાનનું ચેકીંગ હાથ ધરાવ્યું હતં,.

# ચેક રીટર્ન કેસમાં દંપતી પૈકી પતિને એક વર્ષની કેદ

**સુરત**

ટેલરીંગના ધંધા માટે હાથ ઉછીના લીધેલા 60 હજારના લેણાં ચુકવવા આપેલા ચેક રીટર્ન થયા હતા. રૂા.57 હજારના ચેક રીટર્નના કેસમાં આરોપી દંપતિ પૈકી પતિને એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ચેતનકુમાર આર.મોદીએ દોષી ઠેરવી એક વર્ષની કેદ, ફરિયાદીને 57 હજાર વળતર ન ચુકવે તો વધુ 60 દિવસની કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે. ભેસ્તાન ખાતે ગણેશ એપાર્ટમેન્ટમાં રહેતા ધર્મેશકુમાર રૂપાવાલાએ એપ્રિલ-2015માં મિત્રતાના સંબંધના નાતે ટેલરિંગનો ધંધો કરતાં સ્નેહલકુમાર શશીકાંત કાપડીયા તથા તેમના પત્ની નીરાલીબેનને નાણાંકીય જરૂરિયાત પડતાં રૂ.60 હજાર હાથ ઉછીના આપ્યા હતા. જે અંગે અપાયેલા બે ચેક રીટર્ન થતા કોર્ટમાં ફરિયાદ નોંધવાઈ હતી.

# ગુજરાતમાં આ વખતે ચોમાસું એક અઠવાડિયું વહેલું શરૂ થશે

## જૂનના પ્રારંભે પ્રી મોન્સૂન એક્ટિવિટીનો પ્રારંભ

**અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી કેર વર્તાવી રહેલી કાળઝાળ ગરમીમાંથી હવે એક મહિના કરતાં પણ ઓછા સમયમાં રાહત મળી શકે છે. ગુજરાતમાં આ વખતે સામાન્યથી વહેલું એટલે કે ૧૫ જૂનની આસપાસ જ ચોમાસાનું આગમન થઈ જાય તેવી સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, ‘નૈઋત્યના ચોમાસાએ સોમવારે ભારતમાં આગમન કરી લીધું છે. જેમાં બંગાળની ખાડીના કેટલાક જ્યારે આંદમાન નિકોબાર ટાપુનો સમાવેશ થાય છે. પ્રી મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે આગામી ૪-૫ દિવસમાં કેરળ, કર્ણાટકના દરિયાઈ વિસ્તાર તેમજ મેઘાલય-આસામ-અરૂણાચલ પ્રદેશમાં આગામી ૪-૫ દિવસમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત ઉત્તરપશ્ચિમ તેમજ મધ્ય ભારતમાં ગરમીની તીવ્રતા ઘટવાનું પણ શરૂ થઈ જશે. કેરળમાં ૨૭ મે થી ૧ જૂનની વચ્ચે સત્તાવાર રીતે નૈઋત્યના ચોમાસાનું આગમન થાય તેવી સંભાવના છે. ‘ ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં ગત વર્ષે ચોમાસામાં ૩૨.૫૬ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૯૮.૪૮% વરસાદ નોંધાયો હતો. આ વખતે ગુજરાતમાં સામાન્ય ચોમાસું રહે તેમ મનાઈ રહ્યું છે.

# ગુજરાતમાં ૬૧% પાસે ટુ વ્હિલર, ૧૧% કારના માલિક: ફેમિલી હેલ્થ સર્વેનું તારણ

## ૧૨.૭૦% ઘરમાં વોશિંગ મશિન, ૫૨.૨૦% ઘરમાં ફ્રીઝ, ૧૭.૫૦% ઘરમાં એસીની સુવિધા

**અમદાવાદ**

ગુજરાતમાં ૬૧% પાસે ટુ વ્હિલર અને અંદાજે ૧૧% પાસે કાર હોવાનું સામે આવ્યું છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તામિલનાડુ, મધ્ય પ્રદેશ જેવા રાજ્યો કરતાં પણ ગુજરાતમાં કારનું પ્રમાણ વધારે છે.

નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૨૦૧૯-૨૧ પ્રમાણે જમ્મુ કાશ્મિરમાં સૌથી વધુ ૨૩.૭%, હિમાચલ પ્રદેશમાં ૨૨.૧૦%, પંજાબમાં ૨૧.૯૦%, નાગાલેન્ડમાં ૨૧.૩૦% સાથે સૌથી વધુ લોકો કારના માલિક છે. બીજી તરફ મહારાષ્ટ્રમાં ૮.૭%, રાજસ્થાનમાં ૮.૨%, ઉત્તર પ્રદેશમાં ૫.૫%,મધ્ય પ્રદેશમાં ૫.૩% પાસે કાર છે. સમગ્ર દેશમાં કાર ધરાવનારાઓનું સરેરાશ પ્રમાણ ૭.૫% છે. વર્ષ ૨૦૧૮માં આ પ્રમાણ ૬% હતું. ગુજરાતમાં ૬૧.૧૦% લોકો પાસે ટુ વ્હિલર છે. બીજી તરફ પંજાબમાંથી સૌથી વધુ ૭૫.૬૦%, રાજસ્થાનમાં ૬૬.૪૦%, તામિલનાડુમાં ૬૩.૯૦% ટુ વ્હિલર ધરાવે છે. સમગ્ર દેશમાં ટુ વ્હિલર ધરાવનારાઓનું પ્રમાણ ૪૯.૭૦% છે.

ગુજરાતમાં ૧૨.૭૦% ઘરોમાં વોશિંગ મશિન છે જ્યારે સમગ્ર દેશમાં આ પ્રમાણ ૧૮% છે. સૌથી વધુ ઘરમાં વોશિંગ મશિન હોય તેવા રાજ્યોમાં પંજાબ ૬૬.૪૦% સાથે માખરે, દિલ્હી ૬૫.૩૦% સાથે બીજા, હરિયાણા ૬૧.૨૦% સાથે ત્રીજા સ્થાને છે.

# રાજકોટમાં લગ્નમાં સ્ટેજ પર દારૂ પીવાનું વરરાજાને મોંઘુ પડયું

**રાજકોટ**

રાજકોટમાં એક લગ્ન સમારોહમાં સ્ટેજ ઉપર વરરાજાને જાહેરમાં તેના મિત્રો અંગ્રેજી દારૂ પીવડાવતા હોવાનો વિડીયો વાયરલ થયા બાદ પ્રનગર પોલીસે ગુનો નોંધી યુવાનની ધરપકડ કરી હતી. વિડીયોમાં દેખાતા યુવાનનું નામ ચિરાગ અતુલભાઈ ઠાકેચા છે. પોલીસ ફરિયાદ મુજબ તે વખતે ચિરાગ નશાખોર હાલતમાં જણાયો હતો. પોતાના શરીરનું સમતોલન પણ જાળવી શકતો ન હતો. જેથી તેને રાઉન્ડઅપ કરી વિડીયો બતાવતા તેણે ગઈ તા. 14ના રોજ રાત્રે પોતાના લગ્ન સમારોહમાં મિત્ર કપિલ (રહે. પરસાણાનગર શેરી નં-8) પોતાને દારૂ પીવડાવતો હોવાનું જણાવ્યું હતું. જેના આધારે પોલીસ કપિલને પકડવા પરસાણાનગર ગઈ હતી. ત્યાંથી તે પણ નશાખોર હાલતમાં મળી આવ્યો હતો.

# ૧૪% પુરૂષ, ૧૧% મહિલા હાયપર ટેન્શનનો શિકાર

## ગુજરાતમાં હાયપર ટેન્શનના દર્દીઓ વધ્યા : આહારમાં મીઠાના ઓછા સેવનથી બિમારીને નિયંત્રણમાં લાવી શકાય

**અમદાવાદ**

ગુજરાતમાં ૧૫થી ૪૯ની વયજૂથમાં ૧૪% પુરુષ અને ૧૧% મહિલાઓ હાયપર ટેન્શન ધરાવતા હોવાનું સામે આવ્યું છે. આવતીકાલે ‘વર્લ્ડ હાયપર ટેન્શન ડે’ છે ત્યારે આ હાયપર ટેન્શનના વધતા દર્દીઓનું પ્રમાણ ચિંતાજનક છે. આ વખતે ‘વર્લ્ડ હાયપરટેન્શન ડે’ની થીમ ‘મેઝર યોર બ્લડ પ્રેશર એક્યુરેટલી, કન્ટ્રોલ ઈટ, લિવ લોંગર’ એટલે કે તમારું બ્લડ પ્રેશર સચોટતાપૂર્વક માપો, એને નિયંત્રણમાં રાખો, લાંબો જીવો તે છે.

ડોક્ટર્સના મતે કોરોનાથી સાજા થયેલા અનેક દર્દીઓ સ્વાસ્થ્ય સંબધિત વિવિધ સમસ્યાઓ ધરાવે છે. જેમાં હાયપર ટેન્શન, થાક, અનિદ્રા અને હતાશા સામેલ છે. આ તમામ કોરોનાની



લાંબા ગાળાની અસર છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે ૨૦૧૯-૨૧ના રિપોર્ટ મુજબ, ગુજરાતમાં ૧૫થી ૪૯ની વયજૂથની ૧૧ ટકા મહિલાઓ હાયપરટેન્શન છે, જેમાં ૭ ટકા મહિલાઓ સ્ટેજ ૧માં, ૨ ટકા મહિલાઓ સ્ટેજ ૨ અને ૧ ટકા મહિલાઓ સ્ટેજ ૩ હાયપરટેન્શનમાં છે. એ જ રીતે ૧૫થી ૪૯ વર્ષની વયજૂથમાં ૧૪ ટકા પુરુષો હાયપરટેન્શન છે, જેમાં ૧૦ ટકા સ્ટેજ ૧, ૨ ટકા સ્ટેજ ૨ અને ૦.૮ ટકા સ્ટેજ ૩ હાયપરટેન્શનમાં છે. પુરુષો અને મહિલાઓ એમ બંને માટે વય સાથે હાયપરટેન્શન વધે છે.

ડોક્ટરોના મતે તમામ વયજૂથના હાયપરટેન્સિવ દર્દીની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ માટે તણાવ, બેઠાળું જીવનશૈલી, કસરતનો અભાવ, આલ્કોહોલ અને તમાકુનું સેવન તેમજ અનુચિત આહાર જવાબદાર મહત્વપૂર્ણ પરિબળો છે. તમામ વયજૂથના હાયપરટેન્સિવ દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

# ‘કોંગ્રેસમાં સૌથી મોટું જાતિવાદનું રાજકારણ છે’ રાજીનામા બાદ હાર્દિક પટેલ કોંગ્રેસ પર ગજર્યો

## પાટીદાર સમાજના યુવા નેતાના રાજીનામાથી ગુજરાતના રાજકારણમાં નવા સમીકરણો રચાશે



**અમદાવાદ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પર પાટીદાર નેતા હાર્દિક પટેલે આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ પ્રથમવાર પત્રકાર પરિષદ સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે મેં ગઈકાલે ગર્વ સાથે રાજીનામું આપ્યું છે. એક કાર્યકર્તા સારું કાર્ય કરવાની ભાવના સાથે પાર્ટીમાં જોડાઈ છે. હાર્દિક પટેલે જણાવ્યું હતું 2015 થી 2019 સુધી ઈમાનદારીથી અસંખ્યક લોકોના અધિકાર માટે આંદોલન કર્યું હતું. સરકારના વિરોધમાં લડાઈ લડ્યા હતા અને બિન અનામત વર્ગને 10 ટકા અનામત આપવાનું કામ કર્યું છે.

વર્ષ 2015 અને 2017 ની ચૂંટણીમાં કોંગ્રેસને ફાયદો કરાવ્યો હતો. લોકોનો અવાજ ઉપાડવા માટે રાજકારણમાં જોડાવા નક્કી કર્યું અને 2019 માં કોંગ્રેસમાં જોડાયો હતો. 2019 થી 2022 સુધી મેં કોંગ્રેસને જાણી, કોંગ્રેસમાં સૌથી વધારે જાતિવાદ છે. કોંગ્રેસમાં મને કાર્યકારી જવાબદારી સોંપવામાં આવી હતી. કાર્યકારી પ્રમુખની જવાબદારી માત્ર શોભાના ગાંઠિયા સમાન છે. બે વર્ષ સુધી કોઈ મને કાર્યકારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી ન હતી. આજે હું ખુલ્લા મનથી ચર્ચા કરવા માટે આવ્યો છું. કોંગ્રેસમાં સૌથી મોટું જાતિવાદનું રાજકારણ છે. કોંગ્રેસ માત્ર લોકોનો દુરુપયોગ કરીને તેમને ફેંકી દેવાની જ નીતિ અપનાવે છે. નરહરિ અમીન, ચીમનભાઈ પટેલને કોંગ્રેસમાં હટાવી દેવાયા છે. જ્યારે જ્યારે કોંગ્રેસમાં સાચી વાત કરવામાં આવી ત્યારે કેટલાક લોકો દ્વારા બદનામ કરવાનું કામ કરવામાં આવે છે

### હાર્દિક ખોટું બોલે છેઃ જગદીશ ઠાકોરનો જવાબ

હાર્દિકના કોંગ્રેસ પર લગાવેલા આક્ષેપ પર જગદીશ ઠાકોરે નિવેદન આપ્યું છે. જેમાં જણાવ્યું છે કે હાર્દિક પાસેથી વફાદારીની આશા હતી. તથા હાર્દિકને કોંગ્રેસે મોટું સ્થાન આપ્યું હતું. તેમજ હાર્દિક પટેલ બધું ખોટું બોલે છે. તથા કોંગ્રેસ ACમાં બેસતી હોત તો દાહોદમાં રેલી ના થઈ હોત. તેમજ હાર્દિકના આક્ષેપો પાયાવિહોણા છે.

### વડોદરામાં અનેક કાર્યકરો રાજીનામા આપવાના મૂડમાં

વડોદરાઃ ભૂતકાળમાં હાર્દિક પટેલ સાથે વડોદરા શહેર-જિલ્લાના અનેક સમર્થકો કોંગ્રેસમાં જોડાઇ ગયા હતા જેમાં છાણી વિસ્તારના વોર્ડ નંબર 1 ના કોંગ્રેસના કોર્પોરેટર હરીશ પટેલનો પણ સમાવેશ થાય છે હવે જ્યારે હાર્દિક પટેલ કોંગ્રેસ છોડી ભાજપમાં જશે તેવી અટકળો ચાલી રહી છે ત્યારે વડોદરા કોર્પોરેશનના કોંગ્રેસના કોર્પોરેટર હરીશ પટેલ પણ કોંગ્રેસ છોડી હાર્દિક પટેલ સાથે ભાજપમાં જાય તેવી શક્યતા રહેલી છે આ ઉપરાંત કેટલાક સાથીદારો પણ કોંગ્રેસ છોડી દેશે તેમ માનવામાં આવે છે.

## અમદવાદમાં પાણીજન્ય રોગચાળો, ઝાડા ઉલટીનાં 395, ટાઈફોઈડનાં 111 કેસ

**અમદાવાદ**

અમદાવાદના મહત્તમ તાપમાનમાં વધારો થતાં મે મહિનાની શરુઆતથી ૧૪ દિવસમાં ઝાડા ઉલટીનાં ૩૯૫ જયારે ટાઈફોઈડના ૧૧૧ કેસ નોંધાવા પામ્યા છે.આ વર્ષે અત્યારસુધીમાં પાણીના ૧૧૯ સેમ્પલ અનફીટ જાહેર કરવામાં આવ્યા છે.

શહેરના મહત્તમ તાપમાનમાં ગત સપ્તાહ દરમ્યાન વધારો થતા પ્રદૂષિત પાણીની સમસ્યા વધતા પાણીજન્ય રોગના કેસમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો હતો.૧૪ મે સુધીમાં કમળાના ૪૮ કેસ નોંધાયા હતા.કોલેરાનો એક પણ કેસ નોંધાયો નથી.આ વર્ષે જાન્યુઆરીથી ૧૪ મે સુધીમાં ઝાડા ઉલટીના કુલ ૧૯૫૭ કેસ નોંધાવા પામ્યા હતા.

## ધર્મની બહેનને 24 લાખમાં મકાન વેચી કબજો ના સોંપ્યોઃ 4 સામે લેન્ડગ્રેબિંગ

**અમદાવાદ**

નિકોલ ખોડીયારનગરમાં ઓતંબા સોસાયટીમાં ચંદ્રિકાબહેન સોની પતિ રાજુભાઇ અને પુત્રી અવનીબહેન સાથે રહે છે. રાજુભાઇ સરદાર મોલ ઠક્કરનગર ખાતે પદમાવતી જ્વેલર્સના નામે 15 વર્ષથી સોના ચાંદીનો વેપાર કરે છે. સોના ચાંદીના વેપાર દરમિયાન ખરીદી કરવા આવતા સુરેશ રવજી પટેલ(દેસાઈ), તેમની પત્ની રૂપલ, પિતા રવજીભાઈ અને માતા મીનાબહેન સાથે ફરિયાદીને ઘરેલુ સબંધો થયા હતા. સુરેશભાઈએ ફરિયાદીને ધર્મની બહેન બનાવ્યા હતા. ફરિયાદીને મકાન ખરીદવું હોય આરોપીઓએ તેઓનું નીકોલ શુકન બંગલો ખાતેનું મકાન વેચવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જે મુજબ ફરિયાદી અને તેમના પતિએ મકાન જોઈ વેચાણ લેવાનું નક્કી કર્યું હતું. જે મુજબ 23.95 લાખ મકાનની કિંમત નક્કી થઈ અને 2019માં ફરિયાદીએ તમામ રકમ ચૂકવી હતી. આરોપીઓએ મકાનનો દસ્તાવેજ કરી આપી 20 દિવસમાં કબજો સોંપવાનું કહ્યું હતું. તે પછી કબજો લેવા ગયા તો આરોપીએ કલરકામ ચાલુ હોવાની વાત કરી ત્યારબાદ રૂપલબહેને કલરકામ ચાલુ હોવાનું અને પુત્રની એક્ઝામ સુધી રાહ જોવા જણાવ્યું હતું. ફરિયાદીએ ભરોસો રાખી રાહ જોઈ દરમિયાનમાં આરોપી પરિવારે તે પછી નોટિસ મોકલી કોર્ટ કમિશન કરાવી મિલકત તકરારી જાહેર કરી હતી. 2021માં કોર્ટમાં કેસ હારી ગયા બાદ પણ આરોપીએ મકાનનો કબજો સોંપ્યો ન હતો. ફરિયાદીએ આ મામલે કલેક્ટરમાં મકાનનો કબજો લેવા અને લેન્ડગ્રેબિંગ દાખલ કરવા અરજી કરી હતી. બનાવને પગલે કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં વર્ષ 2021 માં 17,865 વાહન અકસ્માત, 204 લોકોના મોત

**અમદાવાદ**

અમદાવાદમાં વર્ષ ૨૦૨૧માં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના ૧૨ માસમાં વાહન અકસ્માતમાં કુલ ૨૦૪ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે રોડ પર રખડતી ગાયને કારણે નરોડા કૃષ્ણનગરમાં એક વ્યક્તિનું મોત થયું હોવાનું જાણવા મળે છે.

**ગત વર્ષે નરોડા કૃષ્ણનગરમાં ગાયના કારણે અકસ્માતમાં એક મોત થયું**

ઈમરજન્સી સેવા ૧૦૮ના આંકડા મુજબ ગત વર્ષે અમદાવાદ શહેરમાં ૧૭,૮૬૫ વાહન અકસ્માત થયા હતા. સ્માર્ટસિટી અમદાવાદમાં વાહનોની સંખ્યા દિનપ્રતિદીન વધી રહી છે, અમદાવાદમાં લાખોની સંખ્યામાં વાહનો નોંધાયેલા છે. ટ્રાફિક સેન્સ, ટ્રાફિક નિયમનના ભારે અભાવ વચ્ચે શહેરમાં રોજ કોઈને કોઈ વાહન અકસ્માત થયા કરતા હોય છે. જેમાં નિર્દોષ લોકોના જીવ જઈ રહ્યા છે. ઈમરજન્સી સેવા ૧૦૮ના અધિકારીઓના જણાવ્યા મુજબ રાજ્યમાં સૌથી વધુ વાહન અકસ્માતના કોલ અમદાવાદમાંથી આવતા હોય છે. અમદાવાદમાં વર્ષે ૧૭ થી ૨૦ હજાર સુધીના વાહન અકસ્માતના કોલ આવતા રહેતા હોય છે. ઈમરજન્સી સેવા ૧૦૮ની તાત્કાલિક મદદ મળી રહેતા અકસ્માતમાં મોતના પ્રમાણની ટકાવારી ઘટી છે.

## સહકારી મહાસંમેલનઃ પ્રધાનમંત્રી અને શાહ એક જ સ્ટેજ પર દેખાશે

**અમદાવાદ**

ગુજરાતભરની સહકારી સંસ્થાઓના ભાજપના હોદ્દેદારોને એક છત્ર હેઠળ લાવીને ૨૮મી મેએ ગાંધીનગરમાં મહાત્મા ગાંધી મંદિરમાં ખાતે યોજાનારા મહાસંમેલનમાં વરસો બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ એક જ સ્ટેજ પર જોવા મળશે. પહેલા ૨૯મી મેએ આ સંમેલન યોજવાનું આયોજન કરાયું હતું. હવે આ આયોજન ૨૮મી મે કરાયું છે. ભાજપ હવે સહકારી સંસ્થાઓના માધ્યમથી જ તેઓ ચૂંટણીની વૈતરણી પાર ઉતારવા માગે છે તેવો નિર્દેશ મળી રહ્યો છે. તેની મદદથી ૧૫૦ સીટનું લક્ષ્યાંક આંબી જવાનું વિચાર રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સમગ્ર ગુજરાતમાંથી 50 હજારથી વધુ શ્રદ્ધાળુઓ અમરનાથ યાત્રાએ જશે

અમદાવાદઃ પવિત્ર અમરનાથ યાત્રાનો ૩૦ જૂનથી પ્રારંભ થવા જઇ રહ્યો છે. બે વર્ષ બાદ અમરનાથ યાત્રા યોજાઇ રહી હોવાથી શ્રદ્ધાળુઓમાં અનેરો ઉત્સાહ છે. માત્ર ગુજરાતમાંથી ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ આ વખતે અમરનાથમાં બાબા બર્ફાનાની દર્શન માટે ઉમટશે. અમરનાથ યાત્રા આ વખતે ૩૦ જૂનથી ૧૧ ઓગસ્ટ સુધી યોજાશે. કોરોનાને કારણે બે વર્ષથી અમરનાથ યાત્રા યોજાઇ શકી નહોતી. આ વખતે અમરનાથ યાત્રાની જાહેરાત કરવામાં આવતાં જ ઓનલાઇન, પોસ્ટલ માધ્યમથી શ્રદ્ધાળુઓના રજીસ્ટ્રેશન માટે ભારે ધસારો જોવા મળી રહ્યો છે. અમરનાથ યાત્રાએ જનારા માટે ફિટનેસ સર્ટિફિટે લેવું ફરજીયાત છે. ગુજરાતમાંથી ૯૬ સરકારી હોસ્પિટલ-મેડિકલ કોલેજને તેના માટે માન્યતા આપવામાં આવી છે. આ વખતે અમરનાથ યાત્રાએ જનારા શ્રદ્ધાળુઓના કાંડે રેડિયો ફ્રિકવન્સી આઇડેન્ટિફિકેશન (આરએપઆઇડી)થી સજ્જ કરાશે, જેથી તેમનું લોકેશન મળતું રહે. આ ઉપરાંત દરેક શ્રદ્ધાળુને રૂપિયા પાંચ લાખના વીમા કવચથી સુરક્ષિત કરવામાં આવશે.

### ગુજરાતમાં કોરોનાના 75% એક્ટિવ કેસ માત્ર અમદાવાદ શહેરમાં જ

અમદાવાદઃ છેલ્લા ૭ દિવસમાં જ અમદાવાદ શહેરમાંથી ૧૪૯ વ્યક્તિ કોરોના સંક્રમિત થઇ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદમાં સોમવારે નોંધાયેલા ૨૫ કેસમાંથી અડધોઅડધ પશ્ચિમ ઝોન-ઉત્તરપશ્ચિમ ઝોનમાંથી છે. જેમાં પાલડી, નવરંગપુરા, થલતેજ, બોડકદેવ સહિતના વિસ્તારનો સમાવેશ થાય છે.
છેલ્લા કેટલાક દિવસથી ટેસ્ટિંગ વધારવામાં આવ્યું છે તેના કારણે કેસમાં વધારો થયો છે. વેકેશનમાં વિદેશ જઇ રહેલાઓ દ્વારા પણ ટેસ્ટિંગ કરાવાતાં તેમાંથી કેટલાકના રીપોર્ટ પોઝિટિવ આવી રહ્યા છે. હાલ અમદાવાદમાં જે કેસ નોંધાયા છે તેમાં કોઇની ટ્રાવેલ હિસ્ટ્રી નથી. ગુજરાતમાં હાલ કુલ ૨૨૨ એક્ટિવ કેસ છે અને તેમાંથી ૧૬૬ એટલે કે ૭૫% માત્ર અમદાવાદમાંથી છે.

### અમદાવાદથી વધુ 11 નવી ડોમેસ્ટિક ફ્લાઇટ શરૂ કરવા શાસકોની જાહેરાત

અમદાવાદઃ આગામી જૂન મહિનાથી અમદાવાદથી ડોમેસ્ટિક સેક્ટરની નવી ૧૨ જેટલી ફ્લાઇટો શરૂ થશે. નવી ફ્લાઇટોમાં ગો ફર્સ્ટ કોચી, જયપુર, ગોવા અને હૈદરાબાદની નવી ફ્લાઇટ શરૂ કરશે. થોડા દિવસ પહેલા વારાણસીની ફ્લાઇટ શરૂ કરી હતી. આમ, ગો એરની આગામી સમયમાં એરપોર્ટ પરથી ૩૬ ફ્લાઇટોની આવાગમન થઇ જશે. ઇન્ડિગો પહેલી જૂનથી વીકમાં ચાર દિવસ જોધપુર અને બીજી જૂનથી ચંડીગઢ અને દેહરાદૂનની ડેઇલી ફ્લાઇટ અને ત્રીજી જૂનથી કોલ્હાપુરની ફ્લાઇટ વીકમાં ત્રણ દિવસ ઓપરેટ કરશે. આ ઉપરાંત વિસ્તારા પણ અમદાવાદથી મુંબઇની નવી ત્રણ પૈકી બે ૧૫ મે થી ત્રીજી ફ્લાઇટ પહેલી જૂનથી શરૂ કરશે. સ્ટાર એર ત્રીજી જૂનથી વિકમાં પાંચ દિવસ ઉડાન હેઠળ અમદાવાદ ભુજ શરૂ કરશે.

### રાજકોટ જિલ્લા કોંગ્રેસ દ્વારા મોંઘવારીના વિરોધમાં કાર્યક્રમ, 30ની અટકાયત

રાજકોટઃ મોંઘવારી બેકાબુ બની રહી છે. ખાસ કરીને પેટ્રોલ, ડીઝલ અને ગેસ સહિતની જીવન જરૂરી ચીજોના ભાવ આસમાને આંબતા મધ્યમ અને ગરીબ વર્ગ પીસાઈ રહ્યો છે. સરકાર સામે રોષ વ્યકત કરવા રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિએ આજે રાજકોટના બહુમાળી ભવન ખાતે વિરોધ કાર્યક્રમ આપ્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અર્જુન ખાટરીયાની આગેવાનીમાં બેનર સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. કોંગી આગેવાનોએ લીંબુ મરચાના હાર પહેરી અને ભોજનની ખાલી થાળી રાખી તેમાં મીઠું મરચું જ રાખી વિરોધ વ્યક્ત કર્યો હતો. પોલીસે કાર્યક્રમની શરૂઆત થતા જ 30 જેટલા આગેવાનોની અટકાયત કરી હતી. આ વેળાએ કાર્યકરો સાથે ઝપાઝપી થઈ હતી.

### પાવગઢ ખાતે ઇતિહાસમાં પ્રથમ વખત 14.50 કરોડના 8 કળશ પ્રસ્થાપિત કરાયા

પંચમહાલઃ યાત્રાધામ અને શક્તિપીઠ પાવગઢ ખાતે હાલ નવીનીકરણ અને વિકાસનું કાર્ય અંતિમ તબક્કામાં છે, ત્યારે મહાકાળી નિજ મંદિર ઉપર ઇતિહાસમાં પ્રથમ વખત સોનાના કળશ પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. જે હાલ ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. શક્તિપીઠ પાવગઢ ખાતે મહાકાળી મંદિરનું નવીન મંદિર બન્યા બાદ મંદિરની ટોચ પર આવેલ મુખ્ય શિખર પર સોનાના આઠ કળશની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. મંદિરના શિખરનું કામ પૂર્ણ થતાં દાતાઓ તરફથી મળેલ સોનાના દાનમાંથી પ્રથમવાર મંદિરના મુખ્ય શિખર સહિત કુલ 8 શિખરો પર સોનાના ઢોળ ચઢાવેલ કળશની પૂજા વિધી કરી સ્થાપના કરવામાં આવી છે. કુલ 13 કળશમાંથી મંદિરના મુખ્ય શિખર પર 6 ફૂટનો એક કળશ અને ધ્વજા દંડ પર 1.50 કિ.ગ્રા.નો સોનાનો ઢોળ ચઢાવવામાં આવ્યો હતો. મંદિરના અન્ય 2 ફૂટના 7 શિખરો પર પણ સોનાનો ઢોળ ચઢાવી કળશ સ્થાપિત કરવામાં આવ્યા હતા.

# ચારધામની યાત્રાએ ગયેલા ગુજરાતના 8000 પ્રવાસીઓ યમુનોત્રીમાં ફસાયા

## હોટેલ, રેસ્ટોરન્ટ લૂંટ ચલાવતાં હોવાની ફરિયાદઃ ગુજરાત સરકાર પાસે મદદની અપીલ

**યમુનોત્રી**

કોરોનાના કપરા કાળ બાદ બે વર્ષે શરૂ થયેલી ચારધામયાત્રામાં દેશ સહિત ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં યાત્રિકો ઊમટી પડ્યા છે. જેને પગલે યાત્રીકોને વિવિધ પ્રકારની મુશ્કેલી પણ પડી રહી હોવાની ફરિયાદો ઊઠી છે. આ દરિમયાન યમુનોત્રી ખાતે રસ્તો તૂટી જવાના કારણે ગુજરાતના 8 હજાર સહિત મહારાષ્ટ્રના પણ કેટલાક યાત્રિકો છેલ્લા 2 દિવસથી રાણીચટ્ટામાં જ ફસાઈ ગયા છે. બીજી તરફ હોટેલ-રેસ્ટોરન્ટવાળા તકનો લાભ ઉઠાવી ખાણી-પીણી માટે લૂંટ ચલાવી રહ્યાં હોવાની પણ ફરિયાદ ઊઠી છે. સ્થાનિક તંત્ર મદદ કરતું ન હોવાથી યાત્રિકોએ ગુજરાત સરકારને તાત્કાલિક મદદ કરવા અપીલ કરી છે.

રાણાચટ્ટી નજીક માર્ગ તૂટી ગયો હોવાથી સ્થાનિક તંત્રે રસ્તો બંધ કરી દીધો હતો. જેના કારણે ભાવનગર જિલ્લાના વિવિધ આયોજકો દ્વારા આવેલા 300 પ્રવાસીઓ અને ગુજરાતના વિવિધ ભાગોમાંથી આવેલ અંદાજે 8 હજાર પ્રવાસીઓ રાણાચટ્ટી ખાતે ફસાયા છે. આ ઉપરાંત તેમની સાથે મુંબઈ અને મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાંથી આવેલા લોકો પણ અટવાયા છે. 2 દિવસથી અટવાયેલા પ્રવાસીઓ પાસેથી સ્થાનિક હોટેલ, રેસ્ટોરેન્ટ, ઢાબાવાળાઓએ ખુલ્લી લૂંટ ચલાવી છે. પ્રવાસીઓ પાસે લાવેલું પાણી, નાસ્તો અને ભોજન પણ ખૂટી ગયું છે. પાણીની બોટલના રૂા.40 થી 50 લેવાય છે. રસ્તો બંધ હોવાથી ફરજિયાત રોકાવું પડે તેમ હોવાથી 4 થી 5 હજાર જેટલું ભાડું માંગી રહ્યાં છે. આ ઉપરાંત સ્થાનિક તંત્ર પણ મદદ કરતું ન હોવાથી યાત્રીકોની સ્થિતિ કફોડી બની જવા પામી છે.

# રાજીવ ગાંધીનો હત્યારો પેરારિવલન 31 વર્ષ પછી આખરે જેલમાંથી છુટયો

**નવી દિલ્હી**



ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના હત્યારા એ.જી. પેરારિવલનને છોડી મુકવામાં આવ્યો છે. જેને પગલે તે જેલમાંથી બહાર આવ્યો હતો. રાજીવ ગાંધીની હત્યાના કેસમાં ૧૯૯૮માં પેરારિવલનને દોષી ઠેરવીને ફાંસીની સજા આપવામાં આવી હતી, જેને બાદમાં કોર્ટે આજીવન કેદમાં ફેરવી નાખી હતી. ૧૯૯૧માં જ્યારે રાજીવ ગાંધીની હત્યા થઈ ત્યારે તેની ઉંમર માત્ર ૧૯ વર્ષની હતી, તેણે ૩૦ વર્ષથી વધુની સજા કાપી લીધી હોવાથી અંતે તેને છોડી મુકવામાં આવ્યો હતો.

૫૦ વર્ષીય પેરારિવલન પર આરોપ હતો કે તેણે રાજીવ ગાંધીની હત્યાના માસ્ટરમાઈન્ડ સિવાસરનને બે નવ વોલ્ટની બેટરી આપી હતી, જેનો ઉપયોગ બોમ્બમાં કરવામાં આવ્યો હતો. અને બાદમાં આ બોમ્બથી રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી. જેલમાંથી બહાર આવ્યા બાદ પેરારિવલને કહ્યું હતું કે મારી માતા છેલ્લા ૩૧ વર્ષથી મને છોડાવવા માટે લડી રહી હતી.

# મહારાષ્ટ્રમાં 6 રાજ્યસભા સીટો ઉપર જૂનના બીજા અઠવાડિયામાં ચૂંટણી

## શિવાજીના વંશજ સંભાજી રાજે અપક્ષ તરીકે ચૂંટણી લડશે

**મુંબઈ**


મહારાષ્ટ્રમાં ૬ રાજ્યસભા સીટો પર ૧૦ જૂને ચૂંટણી યોજાશે. મહારાષ્ટ્ર વિધાનસભાની બેઠકોનું ગણિત જોઈએ તો ભાજપ સરળતાથી ૨ બેઠકો પર પોતાના ઉમેદવારને ઉપલા ગૃહમાં મોકલી શકે છે. જ્યારે શિવસેના, એનસીપી અને કોંગ્રેસ એક એક સીટ પર સરળતાથી પોતાના ઉમેદવારને રાજ્યસભા મોકલી શકે છે. સાથે જ મહાવિકાસ અઘાડી અને ભાજપમાં કેટલાક સભ્યો વધારાના હોવાથી બંને છટ્ટી બેઠક જીતવા પ્રયત્ન કરી રહ્યા છે અને ઉમેદવારો ઉતારવા માંગે છે.પરંતુ હાલના રાજ્યસભા સાંસદ સંભાજી રાજે છત્રપતિને આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર ઉતારવાનો નિર્ણય કર્યો છે. જોકે, હાલમાં તેઓ રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત રાજ્યસભાના સદસ્ય છે. સંભાજી રાજેએ બધી પાર્ટીઓને તેમને સમર્થન આપવાની અપીલ કરી છે. સંભાજી રાજે આ અગાઉ મરાઠા આરક્ષણ માર્ચમાં મુખ્ય ચહેરો હતા અને હવે તેમના રાજ્યસભા ચૂંટણીમાં ઉતરવાના એલાને મહારાષ્ટ્રના બધા રાજકીય દળોને ચિંતામાં મૂકી દીધા છે.

# તાજમહેલના રૂમોમાં હિંદુ દેવીની મૂર્તિઓ છે કે નહીં? ASIએ જાહેર કરી તસવીરો

## વર્ષ 2020માં થયેલા સમારકામ દરમિયાન અનેક તસવીરો લેવાઈ હતી

**લખનૌ**

તાજમહેલના જે બંધ 22 ઓરડાને લઈને વિવાદ ચાલી રહ્યો છે તે રૂમોની તસવીરો ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ)એ જારી કરી છે. આ રૂમોને ખોલવા માટે દાખલ કરેલી અરજી પર સુનાવણીના ત્રણ દિવસ પહેલા આ તસવીરો જારી કરવામાં આવી હતી. ASIએ 9 મેના રોજ પોતાના જાન્યુઆરી 2022 ન્યૂઝલેટરને ટ્વીટ કર્યું હતું. આ ટ્વીટમાં ઓરડાની કેટલીક તસવીરો શેર કરી હતી. આ



બંધ રૂમોમાં રેનોવેશનનું કામ કરવામાં આવ્યું હતું. ASIના જણાવ્યા પ્રમાણે જ્યારે વર્ષ 2020માં તેમનું સમારકામ કરવામાં આવ્યું હતું તે દરમિયાન આ તસવીરો ખેંચવામાં આવી હતી. આ તસવીરો એસએસઆઈની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે.

હાલમાં કોર્ટે આ રૂમને ખોલવાની અરજીને બરતરફ કરી દીધી છે. આગરામાં ભાજપના યુવા મીડિયા પ્રભારી રજનીશ સિંહે અલ્હાબાદ હાઈ કોર્ટેની લખનૌ બેન્ચ સમક્ષ એર અરજી દાખલ કરી ASIને તાજમહેલના 22 બંધ દરવાજાની તપાસ કરવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી. જેથી એ જાણી શકાય કે, હિન્દુ દેવી દેવતાઓની મૂર્તિઓ છે કે, નહીં.

# નૌસેનાની તાકાતમાં થશે વધારો, 'INS સુરત', 'INS ઉદયગિરિ'ને લોન્ચ કરાયા

## અગાઉ સીએ સુમનકુમારની ધરપકડ થઈ હતી : પૂજા પર મનરેગા ભંડોળમા ઉચાપતનો આરોપ

**નવી દિલ્હી**

ભારતીય નૌ સેના પોતાની કોલકાતા ક્લાસ ડિસ્ટ્રોયર્સને અપગ્રેડ કરીને તેને વિશાખપટ્ટનમ ક્લાસ ડિસ્ટ્રોયર્સની કેટેગરીમાં સામેલ કરી રહી છે. આ પ્રોજેક્ટનુ નામ પી-15 બ્રાવો ક્લાસ પ્રોજેક્ટ છે. આ પ્રોજેકટ હેઠળ ચાર જહાજો બનવાના હતા. બે બની ચુકયા છે અને બે તૈયાર છે. આ પૈકી આઈએનએસ વિશાખાપટ્ટનમ ડ્યુટી પર છે. આઈએનએસ મોરમુગાઓની ટ્રાયલ ચાલી રહી છે અને આઈએનએસ ઈમ્ફાલનુ ફિટિંગ થઈ રહ્યુ છે. જે આ વર્ષના અંત સુધીમાં નૌસેનામાં સામેલ થશે. જ્યારે આઈએનએસ સુરતનુ નિર્માણ ચાલી રહ્યુ છે. આઈએનએસ સુરત 2025માં નૌસેનામાં સામેલ



થશે.તે 7400 ટન વજનનુ છે અને 163 મીટર લાંબુ છે. તેની ઝડપ પ્રતિ કલાક 56 કિલોમીટર હશે. તેના પર ચાર ઈન્ટરસેપ્ટ બોટ રાખી શકાશે અને 50 ઓફિસર તથા 250 નૌસૈનિકો તેના પર રહી શકશે. તે એક સાથે 7400 કિલોમીટરની મુસાફરી કરી શકે છે અને 45 દિવસ દરિયામાં રહી શકે છે.

# યોગીનો આદેશઃ ધર્મસ્થળોમાં ફરી લાગવા નહીં જોઈએ લાઉડસ્પીકર

**લખનઉ**

યુપીમાં ધર્મસ્થળોથી લાઉડસ્પીકર હટાવવાનું કામ સતત ચાલી રહ્યું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અધિકારીઓને ઉતારવામાં આવેલા લાઉડસ્પીકરને સ્કૂલોમાં પ્રાર્થના સભામાં ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ધર્મસ્થળથી લાઉડસ્પીકરનો અવાજ નક્કી કરેલી મર્યાદાથી બહાર ન જવો જોઈએ. જે લાઉડસ્પીકર ઉતારવામાં આવ્યા છે, તેને શાળામાં પ્રાર્થના સભામાં ઉપયોગ કરવામાં આવે તો કામ સારૂ થશે. શાળામાં તેનો સારો ઉપયોગ થઈ શકે છે. મુખ્યમંત્રી યોગીએ કહ્યુ કે, મોટા પાયે જે ધર્મ સ્થળોથી લાઉડસ્પીકર ઉતારવામાં આવ્યા છે, તેની પ્રશંસા થઈ છે. આપણે તે નક્કી કરવાનું છે કે જે લાઉડસ્પીકર ઉતારવામાં આવ્યા છે, તે બીજીવાર ન લાગવા જોઈએ. દરેક જિલ્લામાં જિલ્લાધિકારી અને પોલીસ કમિશનર આ વાત નક્કી કરે. મુખ્યમંત્રીએ કહ્યુ કે જો બીજીવાર ધર્મસ્થળમાં લાઉડસ્પીકરનો અવાજ આવ્યો તો એસએચઓ અને અન્ય અધિકારીઓ પાસે જવાબ લેવાશે. તેમણે એમ પણ કહ્યું કે, આ વખતે પ્રદેશમાં રસ્તા પર અલવિદા નમાજ ન થઈ.

# કાશ્મીરી અલગાવવાદી નેતા યાસીન મલિક ટેરર ફંડિંગ કેસમાં દોષી જાહેર

**નવી દિલ્હી**

કાશ્મીરી અલગાવવાદી નેતા યાસીન મલિકને ટેરર ફંડિંગ કેસમાં દોષી ઠેરવવામાં આવ્યો છે. એનઆઈએ કોર્ટે યાસીન મલિકને દોષિત ગણાવ્યો છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની સ્પેશ્યલ કોર્ટે આ કેસમાં મલિકને દોષિત ઠેરવ્યો છે. જોકે આ કેસમાં તેને કેટલી સજા થશે તેનો નિર્ણય ૨૫ મેના રોજ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે યાસીન મલિકે પોતે ભૂતકાળમાં કબૂલ્યું હતું કે તે કાશ્મીરમાં આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ હતો. આ સિવાય યાસીન કબૂલ્યું હતુ કે તે આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતો અને ગુનાહિત કાવતરા પણ ઘડયયાં હતા.

**સળંગ 13 મહિનાથી જથ્થાબંધ ફુગાવો ડબલ ડિજિટમાં**

# એપ્રિલમાં જથ્થાબંધ ફુગાવો વધી 15.08 ટકા થયોઃ 30 વર્ષની ટોચે

**નવી દિલ્હી**

એપ્રિલમાં જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો વધીને ૧૫.૦૮ ટકાના વિક્રમજનક સ્તરે પહોંચી ગયો છે. શાકભાજી અને ફળોના ભાવ વધવાને કારણે એપ્રિલમાં જથ્થાબંધ ફુગાવામાં થયો છે. જથ્થાબંધ ફુગાવો વિક્રમજનક સ્તરે પહોંચી જતાં આગામી મહિને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આગામી મહિને ફરી એક વખત વ્યાજ દરમાં વધારો કરે તેવી શક્યતા છે. એપ્રિલમાં હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (ડબ્લ્યુપીઆઈ) ૧૫.૮ ટકા રહ્યો છે જે વર્તમાન સિરીઝ ૨૦૧૧-૧૨નો સૌથી વધુ છે. જૂની સિરીઝની વાત કરવામાં આવે તો ૧૫.૮ ટકાથી વધુ જથ્થાબંધ ફુગાવો ઓગસ્ટ, ૧૯૯૧માં ૧૬.૦૬ ટકા નોંધવામાં આવ્યો હતો. ૨૦૨૨માં નોંધવામાં આવેલો જથ્થાબંધ ફુગાવો છેલ્લા ૩૦ વષનો સૌથી વધુ રહ્યો છે. એપ્રિલ મહિનામાં ખાદ્ય, ઈંધણ, મેન્યુફેકચરિંગ અને વીજળીના ભાવમાં વધારો જોવા મળ્યો છે.

# બારામુલ્લામાં આતંકીઓનો દુકાન પર ગ્રેનેડ હુમલો : એકનું મોત, ત્રણ ઘાયલ

**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરમાં આતંકી હુમલામાં એકનું મોત નિપજ્યું હતું. જ્યારે ત્રણ ઘાયલ થયા હતા. આ હુમલો બારામુલ્લામાં થયો હતો. રાત્રીના સમયે આતંકીઓએ અહીંના કોર્ટરોડ પર એક દારુની દુકાન પર ગ્રેનેડથી હુમલો કર્યો હતો. જેમાં જે પણ લોકો ઘવાયા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા, જેમાં એકનું મોત નિપજ્યું હતું. જે ચાર લોકો આ હુમલામાં ઘવાયા તે આ દારુની દુકાન ચલાવતા હતા. જેમાંથી એકનું મોત નિપજ્યું હતું. હાલમાં જ આ દુકાન ખોલવામાં આવી હતી, જેમાં આતંકીઓએ આ ગ્રેનેડ ફેકીને હુમલો કર્યો હતો. પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી હુમલાખોરોની ઓળખ કરવામાં આવી રહી છે.

# આસામમાં પૂરઃ 8નાં મોત, 5 લાખથી વધુ લોકો પ્રભાવિત

ભારે પૂરના કારણે આસામનો ત્રિપુરા, મિઝોરમ અને મણિપુરના કેટલાક ભાગો સાથેનો સંપર્ક તૂટી ગયો, સ્ટેશન પર ઊભેલી ટ્રેન પલટી ગઇ

**ત્રિપુરા**

આસામમાં ભારે વરસાદ અને પૂરના કારણે કુલ 8 લોકોના મોત નોંધાયા છે અને પૂરના કારણે રાજ્યના પાંચ લાખથી વધારે લોકો પ્રભાવિત થયા છે. આસામમાં વરસાદ અને પૂરની સૌથી વધારે અસર દીમા હસાઓ જિલ્લામાં થઈ છે, જ્યાં ભારે પૂરના કારણે સ્ટેશન પર ઊભેલી ટ્રેન પલટી ગઈ હતી અને રેલવેના પાટા પાણીમાં વહી ગયા હતા. ભારે પૂરના કારણે આસામનો ત્રિપુરા, મિઝોરમ અને મણિપુરના કેટલાક ભાગો સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. આસામ ઉપરાંત મેઘાલયમાં પણ ઘણા સ્થાનો પર માર્ગ અને રેલવેના પાટા પાણીમાં વહી ગયા છે. દરમિયાન ભારે વરસાદને પગલે આસામમાં બુધવારથી શરૂ થતી ધોરણ 11ની પરીક્ષાને આંશિક રદ કરવામાં આવી હતી. ભારતીય હવામાન ખાતા દ્વારા આસામમા રેડ એલર્ટ સાથે આગામી 21 મે સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આસામ ઉપરાંત મેઘાલય, અરુણાચલપ્રદેશ, આંદામાન-નિકોબાર દ્વીપ સમૂહ, દક્ષિણ કર્ણાટક અને કેરળમાં મધ્યમથી ભારે વરસાદ આવી શકે છે. તામિલનાડુ, રાયલસીમા તથા સિક્કિમમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. પશ્ચિમી હિમાલય, બિહારના પૂર્વિય હિસ્સાઓ તથા પશ્ચિમ બંગાળમાં એક કે બે સ્થાન પર મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગણા અને વિદર્ભ તથા ગોવાના કેટલાક સ્થાનો પર હળવા વરસાદની શક્યતા છે.

દેશના ઘણા રાજ્યોમાં વરસાદ પહોંચી ગયો છે. હવામાન ખાતાએ ઘણા રાજ્યોમાં ભારે વરસાદનું અનુમાન મૂક્યું છે જેને જોતાં કેન્દ્રીય ગૃહસચિવ અજય ભલ્લાએ બુધવારે તમામ રાજ્યોના રાહત કમિશનરો સાથે વાર્ષિક સમીક્ષા બેઠક યોજી હતી.



# જ્ઞાનવાપી મસ્જિદ કેસ અંગેની સુનાવણી સ્થગિત : વારાણસી કોર્ટમાં પણ સુનાવણી નહીં થાય

**નવી દિલ્હી**

વારાણસીના જ્ઞાનવાપી મસ્જિદ પર સુપ્રીમ કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી. કોર્ટે હાલ આ કેસમાં શુક્રવાર સુધી આ સુનાવણી સ્થગિત કરી છે. એમ પણ કહેવામાં આવ્યું કે, ત્યાં સુધી વારાણસી કોર્ટમાં પણ તેના પર સુનાવણી નહીં થશે.



હિન્દુ પક્ષે વકીલ વિષ્ણુ જૈનને સુનાવણી સ્થગિત કરવાની માંગ કરી અને પોતાનો જવાબ દાખલ કરવા માટે કાલ સુધીનો સમય માગ્યો છે. જૈને કહ્યું કે, વરિષ્ઠ વકીલ હરીશંકર જૈનની તબિયત ખરાબ છે. આ વાતને ધ્યાનમાં રાખી આ મામલાને સ્થગિત કરવામાં આવ્યો છે. હિન્દુ પક્ષની આ માંગ પર મુસ્લિમ પક્ષે વિરોધ કર્યો છે. મુસ્લિમ પક્ષે વકીલ હુફૈઝા અહમદીએ કેસને સ્થગિત ન કરવાની માંગ કરી હતી. સુપ્રીમ કોર્ટે બંને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ કાલ સુધી વારાણસી કોર્ટની કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. હવે આ મામલે કાલે સુનાવણી થશે.

આ પહેલા જ્ઞાનવાપી મસ્જિદ પર વારાણસી કોર્ટમાં સર્વે રિપોર્ટ રજૂ કરવામાં આવી ચૂક્યો હતો. આ ઉપરાંત આજે શાહી ઈદગાહ મસ્જિદ મામલે મથુરા કોર્ટમાં સુનાવણી થવાની છે જેના પર અમારી નજર રહેશે.

ચીફ જસ્ટિસે કહ્યું કે, અમે કાલે આ મામલે સુનાવણી કરીશું. ચીફ જસ્ટિસે પોતાના આદેશમાં કહ્યું કે, મુસ્લિમ પક્ષે આશંકા વ્યક્ત કરી છે કે, નીચલી અદાલતમાં કેસ ચાલી રહ્યો છે પરંતુ જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ સુનાવણી નહીં કરે ત્યાં સુધી નીચલી અદાલત સુનાવણી નહીં કરે. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ કાલ સુધી વારાણસી કોર્ટની કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટ હવે કાલે એટલે કે, શુક્રવારે 3:00 વાગ્યે જ્ઞાનવાપી મામલે સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તરત જ નીચલી કોર્ટના વકીલો અને સંબંધિત અધિકારીઓને કાર્યવાહી ન કરવા અંગે સૂચના આપી દેવામાં આવી છે. બીજી તરફ

આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો છે. તે જ સમયે, જ્ઞાનવાપી મસ્જિદના AIMIM ચીફ, ઓવૈસીથી લઈને અખિલેશ યાદવ સહિત તમામ નેતાઓએ રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું છે.

# પ્રયાગરાજમાં કોરોનાકાળ જેવી ભયાનક તસવીર, ગંગા કિનારે મૃતદેહોના ઢગલાં

ફાફામાઉ ઘાટની તસવીરો ખુબજ ડરામણી, મૃતદેહોને દફનાવવાની રમત આડેધડ ચાલી રહી છે

**અલાહાબાદ**

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ (અલાહાબાદ)માં ફરી એકવાર ગંગા નદીના કિનારે રેતીમાં મોટી સંખ્યામાં મૃતદેહો દફનાવવામાં આવી રહ્યા છે. ફાફામાઉ ઘાટની તાજેતરની તસવીરોએ ફરી એકવાર કોરોના કાળની યાદ અપાવી છે.

જો કે અહીં પહેલાથી જ મૃતદેહને દફનાવવાની પરંપરા રહી છે. પરંતુ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) અને જિલ્લા વહીવટીતંત્રે ગંગાના ઘાટો



પર મૃતદેહોને દફનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. આમ છતાં પરંપરાના નામે જે રીતે મૃતદેહોને દફનાવવામાં આવે છે તે ચિંતાજનક છે. ફાફમૌ ઘાટ પર દરરોજ ડઝનેક મૃતદેહો રેતીમાં દફનાવવામાં આવી રહ્યા છે. જેના કારણે દરેક જગ્યાએ માત્ર કબરો જ દેખાય છે.

ચોમાસું આવવામાં એક મહિના કરતાં ઓછો સમય બાકી છે. આવી સ્થિતિમાં ગંગા નદીના કિનારે જે મૃતદેહો દફનાવવામાં આવી રહ્યા છે, જો નદીનું જળસ્તર વધશે તો તે ગંગામાં સમાઈ જવાનો પણ ભય છે. આના કારણે રેતીમાં દાટવામાં આવેલા મૃતદેહો જ ગંગામાં વહી જશે એટલું જ નહીં, તે નદીને પણ પ્રદૂષિત કરશે.

# અમરનાથ યાત્રાઃ તીર્થયાત્રીઓને મળશે રૂપિયા પાંચ લાખનો વીમો

અમિત શાહ દ્વારા શ્રેણીબદ્ધ સમીક્ષા બેઠકો બાદ જાહેરાત કરાઈ

**નવી દિલ્હી**

આ વર્ષે અમરનાથ યાત્રાની સુરક્ષા સામે મોટો ખતરો પ્રવર્તી રહ્યો હોવાથી સરકારે તમામ તીર્થયાત્રીને રૂપિયા પાંચ લાખનો વીમો આપવા તેમજ તમામ તીર્થયાત્રીને યુનિક રેડિયો ફિકવન્સી આઈડેન્ટિફિકેશન ટેગ આપવા નિર્ણય લીધો છે. ભૂતકાળમાં પ્રત્યેક વાહનને યુનિક રેડિયો ફિકવન્સી આઈડેન્ટિફિકેશન ટેગ આપવામાં આવતું હતું. મંગળવારે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના અધ્યક્ષપદે અમરનાથ યાત્રાની તૈયારી માટે યોજાયેલી ઉચ્ચ કક્ષાની બેઠક બાદ જમ્મુ-કાશ્મીરના મુખ્ય સચિવ અરવિંદ મહેતાએ આ માહિતી આપી હતી. 30 જૂનથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. ગૃહપ્રધાન અમિત શાહે ત્રણ બેઠક યોજી હતી. તે પૈકી બે બેઠકમાં અમરનાથ યાત્રાની સુરક્ષા અને બાકી વ્યવસ્થા વિશે ચર્ચા થઈ હતી. જમ્મુ-કાશ્મીરની એકંદર સુરક્ષા સ્થિતિની સમક્ષી કરવામાં આવી હતી. ખીણ પ્રદેશમાં માઈગ્રન્ટ અને બિન મુસ્લિમ કાશ્મીરીઓને નિશાન બનાવીને થતા હુમલા વધી રહ્યા હોવાના સંજોગોમાં કવાયત કરવામાં આવી હતી.

# દિલ્હીમાં નાઈજિરિયન સહિત બેની 40 કરોડના હેરોઈન સાથે ધરપકડ

**નવી દિલ્હી**

દિલ્હી પોલીસે ૪૦ કરોડ રૂપિયાનું હેરોઇન સાથે નાઇજિરિયાના નાગરિક સહિત ડ્રગ્સની હેરાફેરી કરનારા બે લોકોની ધરપકડ કરી છે તે સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.ધરપકડ કરવામાં આવેલા આરોપીઓની ઓળખ જનકપુરના રહેવાસી ૩૭ વર્ષીય રાકેશ કુનાર અને દિલ્હી સ્થિત નાઇજિરિયાના નાગરિક ૪૭ વર્ષીય ઓબુમુનેમે ન્વાચુકવુ તરીકે કરવામાં આવી છે. મકરબા ચોક પાસેથી પોલીસે કુમારની ધરપકડ કરી હતી.

# RSS મોહન ભાગવતની બંગાળની યાત્રાનો આરંભઃ મમતાનો કટાક્ષમય આવકાર

**કોલકાતા**

RSSના વડા મોહન ભાગવત મંગળવારે પશ્ચિમ બંગાળ પહોંચી ગયા છે તેઓ રાજ્યમાં ઘણા કાર્યક્રમોમાં ભાગ લેવાના છે. ત્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનું એક મોટું નિવેદન આવ્યું છે કે જે તેમના તરફથી બંગાળની પોલીસ અને સ્થાનિક તંત્રને આપવામાં આવ્યો છે. મમતાએ પોલીસને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે રાજ્યમાં કાયદા અને વ્યવસ્થાની સંપૂર્ણ કાળજી રાખવામાં આવે અને કોઈપણ કિંમત પર રાજ્યમાં તોફાનો થવા જોઇએ નહીં. આપણે આપણા મહેમાનોનું ધ્યાન રાખીએ છીએ. જો કે વધારે મહત્ત્વ પણ ના આપતા, અન્યથા તેનો ખોટો ફાયદો ઉઠાવી શકાય છે.

ટ્રાઇની રજત જંયતિ પ્રસંગે વડાપ્રધાનનું નિવેદન

# ૨૦૩૦ સુધીમાં ૬જી ટેલિકોમ નેટવર્ક લોન્ચ કરવા ભારતનો લક્ષ્યાંક : મોદી

**નવી દિલ્હી**

ભારતનો લક્ષ્યાંક ચાલુ દાયકાના અંત સુધીમાં ૬જી ટેલિકોમ નેટવર્ક શરૂ કરવાનો છે તેમ વડાપ્રધાન મોદીએ એક નિવેદનમાં જણાવ્યું છે. ૬જી ટેકનોલોજી નેટવર્કથી અલ્ટ્રા હાઇ સ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટી મળશે.

ભારતમાં હાલ થ્રીજી અને ફોરજી નેટવર્ક ઉપલબ્ધ છે અને આગામી કેટલાક મહિનાઓમાં ફાઇવજી ટેકનોલોજી નેટવર્ક લોન્ચ થશે. ટેલિકોમ સેક્ટર રેગ્યુલેટર ટ્રાઇની રજત જંયતિના પ્રસંગે સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે દેશમાં ફાઇવજી નેટવર્ક લોન્ચ થયા પછી ભારતીય અર્થતંત્રમાં ૪૫૦ અબજ ડોલરનો ઉમેરો થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ફાઇવજી ટેકનોલોજી ફક્ત ઈન્ટરનેટની જ ઝડપ નહીં પણ વિકાસની પણ ઝડપ વધશે અને અનેક લોકોને રોજગારી મળશે. દેશના વહીવટી તંત્રમાં પણ ફાઇવજી ટેકનોલોજીને કારણે સકારાત્મક ફેરફાર જોવા મળશે.

# દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલે પોતાના પદ પરથી રાજીનામું આપ્યું

**નવી દિલ્હી**

દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલે બુધવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધુ છે. તેમણે પોતાનું રાજીનામું રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને સોંપ્યું છે. અનિલ બૈજલે રાજીનામાં પાછળ વ્યક્તિગત કારણો હોવાનું જણાવ્યું છે. પૂર્વ IAS અધિકારી અનિલ બૈજલને 31 ડિસેમ્બર, 2016માં દિલ્હીના ઉપરાજ્યપાલ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા હતા. રાજ્યપાલ અનિલ બૈજલ અને દિલ્હીમાં સત્તાધારી આમ આદમી પાર્ટી વચ્ચે અનેક મુદ્દે મતભેદ રહ્યા છે. આ વર્ષે પણ કોરોનાની લહેર દરમિયાન ઓડ-ઈવન નિયમ પર દિલ્હી સરકાર અને ઉપરાજ્યપાલ વચ્ચેના મતભેદો સપાટી પર જોવા મળ્યા હતા.

# કેશુબાપાને ભજિયાં, બાબુભાઈ પટેલને ખાદી અને માધવસિંહ સોલંકીને લાઈબ્રેરી પ્રિય રહ્યા

### ડૉ. જીવરાજ મહેતા

ગુજરાતના અલગ રાજ્યની સ્થાપના તા. ૧લી મે, ૧૯૬૦ના રોજ થઈ. તેના પહેલાં મુખ્યમંત્રી હતા ડૉ. જીવરાજ મહેતા હતા. એ વખતે દિલ્હીમાં ગુજરાતના સર્વોચ્ચ ગણાતા મોરારજી દેસાઈની ઈચ્છા વિરુદ્ધ એ વખતના વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ ડૉ. જીવરાજ મહેતાને ગુજરાતના મુખ્યમંત્રી બનાવ્યા હતા. ડૉ. જીવરાજ મહેતા મૂળ અમરેલીના હતા. તેઓ મ્યુનિસિપલ બત્તી નીચે ભણી ડૉક્ટર થયા હતા. પાછળથી મોરારજી દેસાઈએ ગુજરાતમાં કૉંગ્રેસના ધારાસભ્યોમાં ભેદભાવ ઊભા કરી ડૉ. જીવરાજ મહેતા જેવા બુદ્ધિશાળી અને વિકાસ પુરુષ એવા ડૉ. જીવરાજ મહેતાને અધવચ્ચેથી જ હટાવી દીધા હતા.

### બળવંતરાય મહેતા

ડૉ. જીવરાજ મહેતાને ઉથલાવ્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કૉંગ્રેસના જ બળવંતરાય મહેતાને મૂકવામાં આવ્યા હતા. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન તેઓ નાના વિમાન દ્વારા કચ્છની સરહદે નિરીક્ષણ કરવા ગયા હતા. એ વખતે કરાંચીના રડાર મથકેથી દેખાયેલા આ વિમાનને પાકિસ્તાની યુદ્ધ વિમાને આકાશમાં જ તોડી પાડયું હતું અને તા. ૨૦ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ તેમનું અવસાન થયું.

### હિતેન્દ્ર દેસાઈ

દક્ષિણ ગુજરાતમાંથી જ આવતા અને મોરારજી દેસાઈના વફાદાર એવા હિતેન્દ્ર દેસાઈની ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તા. ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ શપથગ્રહણ વિધિ થઈ હતી. સાથીઓ તેમને 'હિતુભાઈ' કહેતા. તેઓ જ્યારે પણ બહાર જાય કે કૉંગ્રેસ ભવનમાં આવે ત્યારે તેમનાં ધર્મપત્ની સગુણાબહેનને હંમેશાં સાથે રાખતાં. સુંદર અને શ્વેત વસ્ત્રો પહેરતા હિતેન્દ્રભાઈ સ્વચ્છ વહીવટ માટે જાણીતા હતા. કૉંગ્રેસના ભાગલા વખતે તેઓ મોરારજી દેસાઈની સંસ્થા કૉંગ્રેસ સાથે રહ્યા હતા. પાછળથી તેઓ ઈન્દિરા ગાંધીની કૉંગ્રેસમાં જોડાઈ ગયા.

### ઘનશ્યામ ઓઝા

સૌરાષ્ટ્રમાંથી આવતા ઘનશ્યામ ઓઝા તા. ૧૭ માર્ચ, ૧૯૭૨ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. તેઓ ઈંદિરા ગાંધીની છાવણીના માણસ હતા. પરંતુ ચીમનભાઈ પટેલે તેમની સામે બળવો પોકાર્યો હતો અને અમદાવાદની નજીક આવેલા પંચવટી ફાર્મમાં બળવાખોર ધારાસભ્યોને રાખ્યા હતા. વિરોધીઓએ તેને પ્રપંચવટી પણ કહી હતી. અલબત્ત ઘનશ્યામ ઓઝાની સરકાર ઊથલી ગઈ હતી.

### ચીમનભાઈ પટેલ


ચીમનભાઈ પટેલ એક જમાનામાં સેંટ ઝેવિયર્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના અધ્યાપક હતા. તેઓ સાઈકલ લઈને કૉલેજમાં ભણાવવા જતા. તે પછી રાજનીતિમાં આવ્યા હતા. એ વખતના વડાપ્રધાન ઈંદિરા ગાંધીની સામે થવાની તેમણે હિંમત કરી હતી. ઘનશ્યામ ઓઝાને ઊથલાવી દીધા બાદ ચીમનભાઈ પટેલ તા. ૧૮ જુલાઈ, ૧૯૭૩ના રોજ મુખ્યમંત્રી બની ગયા હતા. પરંતુ એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના ફુડબિલથી શરૂ થયેલું વિદ્યાર્થી આંદોલન 'નવનિર્માણ આંદોલન'માં ફેરવાઈ ગયું હતું. પોલીસ ગોળીબારમાં ૧૦૦ જેટલા લોકોના મોત નીપજ્યા હતા. તા. ૯ ફેબ્રુઆરી, ૧૯૭૪ના રોજ તેમણે સત્તા છોડવી પડી હતી. તેઓ વહીવટીતંત્ર પર જબરદસ્ત પકડ ધરાવતા હતા. નવનિર્માણ વખતે તેમની સાથે આંદોલન કરનારા કેટલાક યુવા નેતાઓને તેઓ જ્યારે બીજીવાર મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમના મંત્રીમંડળમાં સ્થાન આપ્યું હતું. તેઓ અત્યંત વ્યવહારુ હતા.

### બાબુભાઈ જ. પટેલ

મોરારજી દેસાઈના નિકટના સાથીદાર અને ચુસ્ત ગાંધીવાદી બાબુભાઈ જશભાઈ પટેલ સાદગીના પર્યાય હતા. ઈસ્ત્રી કર્યા વગરનો ઝભ્ભો અને ધોતિયું પહેરતા. મુખ્યમંત્રી થયા પછી હાથમાં લીલા રંગની થેલી રાખતા. મૂળ નડિયાદના વતની બાબુભાઈ પટેલને બહુ ઓછા લોકો મળવા જતા, કારણ કે તેમની પાસે બદલી કે ટેન્ડર પાસ કરાવવાનાં કામો લઈને જવાની કોઈ હિંમત કરી શકતું નહીં. કોઈ લગ્નની કંકોત્રી લઈને આવે તો બાબુભાઈ પટેલની પહેલી શરત એ હતી કે 'વર અને કન્યા આજીવન ખાદી પહેરવાનો સંકલ્પ કરતાં હોય તો જ લગ્નમાં આવું.' પરિણામે તેમને ભાગ્યે જ કોઈ લગ્નમાં જવાનું થતું.

### માધવસિંહ સોલંકી

એક જમાનામાં પત્રકાર રહેલા અને વ્યવસાયે ધારાશાસ્ત્રી એવા માધવસિંહ સોલંકી તા. ૨૪ ડિસેમ્બર, ૧૯૭૬ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. સુંદર વક્તા, વાત કરવામાં વિચક્ષણ અને વહીવટીતંત્ર પર જબરદસ્ત પકડ ધરાવતા માધવસિંહ સોલંકી 'ખામ' થિયરી માટે જાણીતા છે. તેઓ એટલા જ જાણીતા તેમની અબ્રાહમ લિંકન વિષેની જોક્સના કારણે છે. ૧૯૮૪-૮૫માં તેમની સરકાર સામે અનામત વિરોધી આંદોલન આવ્યું. આંદોલનને કચડી નાખવાના સરકારના સખત પ્રયાસને કારણે પોલીસે ગોળીબારો કરવા પડયા. કેટલાંય મોત નીપજ્યાં. દિવસો સુધી ગુજરાત કર્ફ્યુમાં કેદ રહ્યું. પાટીદારો નારાજ થઈ ભાજપ તરફ વળ્યા પરંતુ ઓબીસી વર્ગ માટે માધવસિંહ 'મસીહા' તરીકે જ જાણીતા રહ્યા. તેઓ વાંચનના શોખીન અને વિદ્વાન છે. તેમની પાસે કોઈ મુખ્યમંત્રી પાસે નહીં હોય તેવી વિશાળ અંગત લાઈબ્રેરી છે.




**કેશુબાપાને હટાવીને તા. 7 ઑક્ટોબર 2001ના રોજ નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. ગુજરાતમાં અવારનવાર વાઈબ્રન્ટ સમિટ યોજીને તેઓ ગુજરાતના વિકાસપુરુષ તરીકે જાણીતા બન્યા. ગુજરાતને તેઓ વિશ્વના નકશા પર લઈ ગયા. આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓને પણ તેઓ ગુજરાત લાવ્યા. રતન તાતાથી માંડીને અનેક ઉધોગપતિઓને ગુજરાતમાં મૂડીરોકાણ કરવા તેમણે આકર્ષિત કર્યા.**

### અમરસિંહ ચૌધરી

તા. ૬ જુલાઈ, ૧૯૮૫ના રોજ કૉંગ્રેસના જ અમરસિંહ ચૌધરી ગુજરાતના મુખ્યમંત્રી પદે આવ્યા. તેઓ આદિવાસી પરિવારમાંથી આવતા હોવા છતાં સમાજના તમામ વર્ગોમાં લોકપ્રિય હતા. સમાધાન વૃત્તિના અમરસિંહ ચૌધરી મૂળ એન્જિનિયર હતા. ગુજરાતના ખેડૂતો પર તેમના મોટા ઉપકાર છે. ગુજરાતમાં સિંચાઈ માટે ખેડૂતોને મોટરના હૉર્સ પાવર આધારિત વાર્ષિક ચાર્જ લેવાની યોજના અમરસિંહ ચૌધરીની હતી. ગુજરાતના ખેડૂતો આત્મહત્યા કરવામાંથી બચી ગયા હોય તો અમરસિંહ ચૌધરીના કારણે છે. તેઓ એક લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે જાણીતા બન્યા.

### શંકરસિંહ વાઘેલા

ગુજરાતના બીજા જે નોંધપાત્ર મુખ્યમંત્રીઓ આવ્યા તેમાં એક શંકરસિંહ વાઘેલા છે. મૂળ ભાજપના પરંતુ ભાજપ સામે જ બળવો કરીને તેમણે વાસણિયા ગામમાં બળવાખોર ધારાસભ્યોનો કૅમ્પ કર્યો. તે પછી તે ધારાસભ્યોને ચાર્ટર્ડ વિમાન દ્વારા તેઓ ખજૂરાહો લઈ ગયા અને કૉંગ્રેસના ટેકાથી રાજપાના નેજા હેઠળ સરકાર રચી. તેઓ 'ટનાટન સરકાર'ના શબ્દથી જાણીતા હતા. એક તબક્કે તેમણે કૉંગ્રેસને માંદી મિલ કહી અને પાછળથી તે જ કૉંગ્રેસના પ્રમુખ પણ બન્યા. બાપુના હુલામણા નામથી જાણીતા શંકરસિંહ વાઘેલા તેમના વ્યવહારુ સ્વભાવ માટે જાણીતા રહ્યા. તેમને મળવું કોઈ પણ વ્યક્તિ માટે આસન રહ્યું. આજે પણ નાનામાં નાના માણસ કે કાર્યકર્તાના ઘેર શુભ કે અશુભ પ્રસંગમાં તેઓ અચૂક હાજરી આપે છે. તેમના પછી તેમના જ નિકટના સાથી દિલીપ પરીખ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. હાઈ સોસાયટીમાંથી આવતા દિલીપ પરીખ તેમના સૌમ્ય અને શાલીનતાથી ભરેલા મૃદુ સ્વભાવ માટે જાણીતા છે.

### કેશુભાઈ પટેલ

મૂળ આરએસએસમાંથી આવતા કેશુભાઈ પટેલ ૧૯૯૮માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. તેઓ પણ તેમની સાદગી માટે જાણીતા રહ્યા. તેઓ અસલ ગ્રામ્ય-કિસાનની ભાષા વાપરતા. કેશુબાપાએ એક વાર પ્રવચન કરતાં કહ્યું હતું : 'કોઈએ મને પૂછયું કે ડીઝલના ભાવો વધે છે અને બીજી બાજુ તમે એસ.ટી.ના ભાડા ઘટાડો છો તો પૈસા ક્યાંથી લાવશો ? ત્યારે મેં એ પ્રશ્નકર્તાને જવાબ આપ્યો કે તારા બાપના તબેલામાંથી ?' કેશુબાપાનું આ વક્તવ્ય સાંભળી લોકો ખડખડાટ હસ્યા હતા. આ વાત લાંબા સમય સુધી મીડિયા માટે રમૂજનો વિષય રહ્યો. લોકો તેમને 'કેશુબાપા' પણ કહે છે. તેઓ ખાવાના શોખીન રહ્યા. એક વાર અમદાવાદમાં સાબરમતી વિસ્તારમાં આવેલી જેલના કેદીઓ દ્વારા ચાલતી ભજિયાની દુકાનમાં ભજિયા ખાવા તેમણે મુખ્યમંત્રીનો કાફલો થોભાવી દીધો હતો.

### નરેન્દ્ર મોદી

કેશુબાપાને હટાવીને તા. ૭ ઑક્ટોબર ૨૦૦૧ના રોજ નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. ગુજરાતમાં અવારનવાર વાઈબ્રન્ટ સમિટ યોજીને તેઓ ગુજરાતના વિકાસપુરુષ તરીકે જાણીતા બન્યા. ગુજરાતને તેઓ વિશ્વના નકશા પર લઈ ગયા. આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓને પણ તેઓ ગુજરાત લાવ્યા. રતન તાતાથી માંડીને અનેક ઉદ્યોગપતિઓને ગુજરાતમાં મૂડીરોકાણ કરવા તેમણે આકર્ષિત કર્યા. તેમણે ગુજરાતનાં ગામડાંઓને ચોવીસે કલાક વીજળી આપનારું દેશનું પહેલું રાજ્ય બનાવ્યું. સુજલામ્ સુફલામ્ યોજનાથી તેમણે ઉત્તર ગુજરાતને સિંચાઈથી નવપલ્લવીત કર્યું. તેમના શાસન દરમિયાન ગુજરાત કર્ફ્યુ અને તોફાનોથી મુક્ત થયું. ટેગ વિહોણા અને આઉટ ઑફ બૉક્સ વિચારનારા નેતા તરીકે તેમની છાપ ઊપસી. તેમની સફળતા રાજકીય પંડિતો માટે એક રહસ્ય રહ્યું. યુવાનો અને મહિલાઓમાં તેમની લોકપ્રિયતા આજે પણ અકબંધ છે.

### આનંદીબહેન પટેલ

એક જમાનામાં અમદાવાદની જ એક જાણીતી સ્કૂલનાં આચાર્યા એવાં આનંદીબહેન પટેલ તા. ૨૪ મે, ૨૦૧૪ના રોજ ગુજરાતના પહેલા મહિલા મુખ્યમંત્રી બન્યાં. તેમના શાસનકાળ દરમિયાન રેવન્યુમાં અનેક વહીવટી સુધારાઓ થયા. સ્ત્રીસશક્તિકરણની અનેક યોજનાઓ શરૂ થઈ. મક્કમ અને કડક સ્વભાવ ધરાવતા આનંદીબહેન પટેલ સચિવાલયના વર્તુળોમાં 'બેન' તરીકે જ સંબોધાયા. મહેસૂલ વિભાગના ૪૨ જેટલા નકામા કાયદા રદ કર્યા. રાજ્યના તમામ કલેક્ટરો અને ઉચ્ચ અધિકારીઓને નિયત મર્યાદામાં કામ પૂરું કરવા ફરજ પાડી. તેમણે અધિકારીઓને કામગીરી પ્રત્યે જવાબદાર બનાવ્યા. ગરીબોને અસાધ્ય રોગોમાં મફત સારવાર આપવાની તેમની મુખ્યમંત્રી અમૃતમ્ 'મા' યોજના, રસ્તાઓને ટોલ ફ્રી કરવાનો આદેશ તથા સાતમા પગાર પંચ અંગેના તેમના નિર્ણયો લોકપ્રિય રહ્યા.

### વિજય રૂપાણી

તેમના પછી વિજય રૂપાણી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે આવ્યા. સ્વભાવથી મૃદુ એવા વિજય રૂપાણી એકંદરે બિન વિવાદાસ્પદ અને લોકપ્રિય મુખ્યમંત્રી તરીકે જાણીતા બન્યા. તેઓ સખત પરિશ્રમ માટે જાણીતા છે. તેમની સામે અનેક પડકારો છતાં ૫૦ હજાર કરતાં વધુ અને જંગી બહુમતીથી રાજકોટનો ચૂંટણી જંગ જીતી ગયા. વિજય રૂપાણીને બીજી વાર ગુજરાતના મુખ્યમંત્રી બનવાની તક સાંપડી છે. ગુજરાતમાં વિકાસનાં કામો આગળ ધપાવવાની જવાબદારી હવે તેમના શિરે ફરી સોંપવામાં આવી છે. વિજય રૂપાણીએ આર. એસ. એસ.ના પ્રચારક અને તે પછી મ્યુનિસિપલ કૉર્પોરેટરથી શરૂ કરેલી કારકિર્દી હવે ગુજરાતના ઉચ્ચ પદ સુધી પહોંચી છે. કટોકટી દરમિયાન તેઓ જેલમાં પણ રહ્યા છે. તેઓ સ્વભાવે લૉ પ્રૉફાઈલ હોઈ લોકપ્રિય બન્યા છે.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

# IPL ક્લોઝિંગ સેરિમની: ફાઈનલ ૮.૦૦ વાગ્યાથી શરૂ થશે

## 29મીએ આઈપીએલ 2022ની ફાઇનલ પહેલાં સમર્થકોને 50 મિનિટ સુધી બોલિવૂડ સ્ટારનું મનોરંજન કોકટેલ મળશે



મુંબઇ

આઈપીએલ ૨૦૨૨ની સિઝનમાં સાંજે રમાનારા તમામ મુકાબલા ભારતીય સમય અનુસાર ૭:૩૦ કલાકથી શરૂ થઈ રહ્યા છે પરંતુ ફાઈનલમાં મેચ શરૂ થવાના ટાઈમિંગમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અમદાવાદમાં આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૨૯મી મેએ ફાઈનલ મુકાબલો રમાવાનો હતો અને તેનો અગાઉની યોજના મુજબ ટાઈમિંગ ૭:૩૦નો હતો પરંતુ હવે તેને રાત્રે ૮:૦૦ વાગ્યાથી શરૂ કરવામાં આવશે. બીસીસીઆઈ અને આઈપીએલ આયોજન સમિતિના અધિકારીઓના અનુસાર ફાઈનલ પહેલાં ક્લોઝિંગ સેરેમની યોજાશે તેમાં બોલિવૂડની હસ્તીઓ પણ સામેલ છે. આ કાર્યક્રમ લગભગ ૫૦ મિનિટ ચાલશે જેના કારણે ફાઈનલ શરૂ થવામાં થોડોક વિલંબ થઈ શકે છે. ફાઈનલમાં ટોસનો સમય ૭:૩૦નો કરવામાં આવ્યો છે અને મેચ ૩૦ મિનિટ મોડી એટલે કે રાત્રે ૮:૦૦ વાગ્યે શરૂ કરાશે. ૧૨ જૂન બાદ આગામી પાંચ વર્ષ માટે પ્રસારણ અધિકારની હરાજી કરવામાં આવશે.

### 4 વર્ષ બાદ ક્લોઝિંગ સેરિમની યોજાશે

૨૦૧૯માં પુલવાલા હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફના જવાનોના સન્માનમાં આઇપીએલની ક્લોઝિંગ સેરિમની સ્થગિત કરી દેવામાં આવી હતી. ૨૦૨૦ની સિઝનમાં કોરોના વાઇરસની મહામારીના કારણે લીગને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. ૨૦૨૧માં પણ કોરોનાની બીકના કારણે ટૂર્નામેન્ટને ભારતના બદલે યુએઇમાં રમાડવામાં આવી હતી. આમ ચાર વર્ષ બાદ એટલે કે ૨૦૧૮ પ્રથમ વખત આઇપીએલ ૨૦૨૨માં સમર્થકોને મનોરંજનનું કોકટેલ મળશે. આઇપીએલની ઓપનિંગ અને ક્લોઝિંગ સેરિમનીમાં બોલિવૂડ સ્ટાર્સનો દબદબો રહેતો હોય છે. નોંધનીય છે કે ચાલુ વર્ષે પણ ૨૬મી માર્ચે કોઈ ઉદ્ઘાટન સમારંભ યોજવામાં આવ્યો નહોતો.

## કોહલીની અડધી સદી, બેંગ્લોરે પ્લે ઓફની આશા જીવંત રાખી

મુંબઇ : અણીના સમયે વિરાટ કોહલીએ નોંધાવેલા આક્રમક ૭૩ રનની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે અહીં રમાયેલી આઈપીએલની મેચમાં ગુજરાત ટાઈટન્સને આઠ વિકેટે હરાવીને પ્લે ઓફની આશા જીવંત રાખી હતી. બેંગ્લોર ચોથા ક્રમે પહોંચી ગઈ છે અને પ્લે ઓફ માટે ક્વોલિફાય થવા માટે તેને અન્ય મેચના પરિણામ તથા રનરેટ ઉપર મદાર રાખવો પડશે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર ગુજરાતની ટીમના સુકાની હાર્દિકના અણનમ ૬૨ રનની મદદથી પાંચ વિકેટે ૧૬૮ રન બનાવ્યા હતા. બેંગ્લોરે ૧૮.૪ ઓવરમાં બે વિકેટના ભોગે ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. બેંગ્લોર માટે ડુ પ્લેસિસે ૪૪ તથા ગ્લેન મેક્સવેલે ૧૮ બોલમાં અણનમ ૪૦ રન બનાવ્યા હતા. રાશિદ ખાને ૩૨ રનમાં બંને વિકેટ ઝડપી હતી.

**પોઈન્ટ્સ ટેબલ**

| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| ગુજરાત | 14 | 10 | 4 | 20 |
| લખનૌ | 14 | 9 | 5 | 18 |
| રાજસ્થાન | 13 | 8 | 5 | 16 |
| બેંગલુરુ | 14 | 8 | 6 | 16 |
| દિલ્હી | 13 | 7 | 6 | 14 |
| કોલકાતા | 14 | 6 | 8 | 12 |
| પંજાબ | 13 | 6 | 7 | 12 |
| હૈદરાબાદ | 13 | 6 | 7 | 12 |
| ચેન્નાઈ | 13 | 4 | 9 | 8 |
| મુંબઈ | 13 | 3 | 10 | 6 |

### લખનઉનો છેલ્લા બોલે બે રનથી વિજય

મુંબઈ : છેલ્લા બોલ સુધી રસપ્રદ બનેલી આઈપીએલની મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને બે રનથી પરાજય આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર લખનઉની ટીમે ડી કોકના અણનમ ૧૪૦ રનની મદદથી વિના વિકેટે ૨૧૦ રન બનાવ્યા હતા. જેના જવાબમાં કોલકાતાની ટીમ આઠ વિકેટે ૨૦૮ રન નોંધાવી શકી હતી. સુકાની શ્રોયસ ઐયરના આક્રમક ૫૦ રન એળે ગયા હતા. કોલકાતા માટે સ્ટોનિસે ૨૩ રનમાં ત્રણ તથા મોહસિન ખાને ૨૦ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. અગાઉ વર્તમાન આઈપીએલમાં સદી નોંધાવનાર ડી કોક ત્રીજો ખેલાડી બન્યો છે. આ પહેલાં રાજસ્થાન રોયલ્સના જોસ બટલરે ત્રણ તથા લખનઉના સુકાની લોકેશ રાહુલે બે સદી નોંધાવી હતી.

### રસાકસી બાદ હૈદરાબાદે મુંબઇને ત્રણ રનથી હરાવ્યું

મુંબઈ : રાહુલ ત્રિપાઠીના આક્રમક ૭૬ રન બાદ ઉમરાન મલિકે ૨૩ રનમાં ત્રણ વિકેટ ઝડપતા સનરાઈઝર્સ હૈદરાબાદે અહીં રમાયેલી આઈપીએલની લીગ મેચમાં ભારે રસાકસી બાદ મુંબઈ ઈન્ડિયન્સને ત્રણ રનથી પરાજય આપ્યો હતો. હૈદરાબાદના છ વિકેટે ૧૯૩ રનના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર મુંબઈની ટીમ સાત વિકેટે ૧૯૦ રન બનાવી શકી હતી. વિજય મેળવીને હૈદરાબાદની ટીમે પ્લે ઓફ માટેની તેની નહિવત્ આશા જીવંત રાખી હતી. મુંબઈની ઈનિંગમાં સુકાની રોહિત શર્માએ ૪૮ તથા ટિમ ડેવિડે ૧૮ બોલમાં ૪૬ રન બનાવ્યા હતા.

### પંજાબને ૧૭ રનથી હરાવી દિલ્હી ટોપ-૪માં

મુંબઈ : મિચેલ માર્શે અડધી સદી નોંધાવ્યા બાદ શાર્દુલ ઠાકુરે ઝડપેલી ચાર વિકેટની મદદથી દિલ્હી કેપિટલ્સે અહીં રમાયેલી આઈપીએલની લીગ મેચમાં પંજાબ કિંગ્સને ૧૭ રનથી પરાજય આપવા ઉપરાંત ૧૪ પોઈન્ટ સાથે ટોપ-૪માં સ્થાન મેળવ્યું હતું. બેંગ્લોરના પણ ૧૪ પોઈન્ટ હોવા છતાં દિલ્હીએ વધારે સારા રનરેટ વડે પ્લે ઓફ માટે પોતાનો દાવો વધારે મજબૂત કર્યો હતો. બીજી તરફ પંજાબની ટીમનું અભિયાન લગભગ પૂરું થઈ ચૂક્યું છે. તેણે છેલ્લી મેચ સારા માર્જિનથી જીતવા ઉપરાંત અન્ય મેચોના પરિણામ પોતાની તરફેણમાં આવે તેવી આશા રાખવી પડશે. દિલ્હીના સાત વિકેટે ૧૫૯ રનના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર પંજાબની ટીમ નવ વિકેટે ૧૪૨ રન નોંધાવી શકી હતી.

## ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનમાં અડિંગો જમાવી બેઠેલા પ્રફુલ્લ પટેલ સમિતિની બરતરફી કરાઈ

### ફૂટબોલમાં પણ ક્રિકેટવાળી.. સુપ્રીમ કોર્ટના આદેશના પગલે પ્રમુખપદેથી પ્રફુલ્લ પટેલની હકાલપટ્ટી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનમાંથી એનસીપી નેતા પ્રફુલ્લ પટેલના નેતૃત્વ હેઠળની સમિતિને હટાવવાનો આદેશ આપ્યો છે. દિલ્હી ફૂટબોલ ક્લબે કરેલી અરજી અંગે સુનાવણી કરીને આ આદેશ આપવામાં આવ્યો હતો. બરતરફ કરવામાં આપેલી સમિતિના સભ્યોમાં પ્રફુલ્લ પટેલ પણ સામેલ છે. સુપ્રીમ કોર્ટે ત્રણ સભ્યની એડમિનિસ્ટ્રેટર્સ સમિતિ (સીઓએ) રચી છે જે રોજિંદા કામકાજ, ટૂર્નામેન્ટના આયોજન, ખેલાડીઓની ચૂંટણી તથા પસંદગી માટે સેશન આયોજિત કરવાની જવાબદારી આપી છે. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ સૂર્યકાંત તથા જસ્ટિસ પીએસ નરસિમ્હાની બેન્ચે જણાવ્યું હતું કે જસ્ટિસ દવેના નેતૃત્વ હેઠળની સમિતિમાં ભારતના ભૂતપૂર્વ ચીફ ઈલેક્શન કમિશનકર એસવાય કુરેશી તથા ભારતીય ફૂટબોલ ટીમના ભૂતપૂર્વ સુકાની ભાસ્કર ગાંગુલીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ક્લબના વકીલ પ્રશાંત ભૂષણે સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીમાં જણાવ્યું હતું કે ફેડરેશનમાં છેલ્લા ૧૦ વર્ષથી કોઈ ચૂંટણી થઈ નથી અને આ બાબતનો ૨૦૧૭માં દિલ્હી હાઈકોર્ટમાં પણ કેસ ચાલી રહ્યો છે.

## પીવી સિંધુ ક્વાર્ટર ફાઇનલમાં, શ્રીકાંત વોકઓવર આપી ટૂર્નામેન્ટમાંથી ખસી ગયો



બેંગકોક

હૈદરાબાદની સ્ટાર શટલર પીવી સિંધુએ થાઈલેન્ડ ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી હતી અને આ ટૂર્નામેન્ટમાં ભારતની એકમાત્ર ખેલાડી બચી છે. વિશ્વની સાતમી ક્રમાંકિત તથા બે વખતની ઓલિમ્પિક મેડાલિસ્ટ સિંધુએ સિમ યૂ જિનને માત્ર ૩૭ મિનિટમાં ૨૧-૧૬, ૨૧-૧૩થી હરાવી હતી. તેનો આગામી મુકાબલો બીજી ક્રમાંકિત જાપાનની અકાને યામાગુચી સામે થશે. જાપાનીઝ ખેલાડીએ બીજા રાઉન્ડની મેચમાં કોરિયાની કિમ ગા યુનને ૨૧-૨૩, ૨૧-૧૫, ૨૧-૧૬ના સ્કોરથી હરાવી હતી. થોમસ કપમાં ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરનાર કિદામ્બી શ્રીકાંત મેન્સ સિંગલ્સના બીજા રાઉન્ડમાં હરીફ ખેલાડીને વોકઓવર આપીને ટૂર્નામેન્ટની બહાર થઈ ગયો હતો.

## સર્વિસિસના રેસલર સતેન્દરે રેફરીને લાફો માર્યો, આજીવન સસ્પેન્ડ કરાયો

નવી દિલ્હી: સર્વિસિસના રેસલર સતેન્દર મલિકે કોમનવેલ્થ ગેમ્સના ટ્રાયલ દરમિયાન ૧૨૫ કિલોગ્રામ વેઈટ કેટેગરીની ફાઈનલમાં હાર્યા બાદ રેફરી જગબીરસિંને લાફો મારી દીધો હતો. આ સમયે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના બ્રિજભૂષણ શરનસિંઘ પણ હાજર હતા અને તેમણે તાત્કાલિક અસરથી સતેન્દરને આજીવન માટે સસ્પેન્ડ કરી દેવાનો આદેશ આપ્યો હતો. સતેન્દ્ર નિર્ણાયક મુકાબલો પૂરો થવાની ૧૮ સેન્કડ પહેલાં ૩-૦થી આગળ હતો પરંતુ મોહિતે તેને ટેક-ડાઉન કરીને મેટની બહાર ધકેલી દીધો હતો. રેફરી વીરેન્દ્ર મલિકે મોહિતને ટેકડાઉનના બે પોઈન્ટ આપ્યા નહોતો જેના કારણે મોહિતે રેફરીના નિર્ણયને પડકાર્યો હતો. આ બાઉટના જ્યૂરી સત્યદેવ મલિકે નિષ્પક્ષતાનો હવાલો આપીને પોતાને આ નિર્ણયથી અલગ કરી દીધો હતો. સત્યદેવ અને સતેન્દર બંને એક જ ગામના છે.

## વિમેન્સ ટી20 ચેલેન્જમાંથી મિતાલી રાજ અને ઝૂલનની બાદબાકી

મુંબઈ : ભારતની ત્રણ સ્ટાર મહિલા ખેલાડી સ્મૃતિ મંધાના, હરમનપ્રીત કૌર તથા દીપ્તિ શર્માને ૨૩મી મેથી પૂણે ખાતે યોજાનારી વિમેન્સ ટી૨૦ ચેલેન્જ ક્રિકેટ ટૂર્નામેન્ટ માટે ત્રણ ટીમોની સુકાની બનાવવામાં આવી છે. બીસીસીઆઈએ પ્રત્યેક ટીમમાં ૧૬ ખેલાડીઓને સ્થાન આપ્યું છે. હરમનપ્રીતને સુપરનોવાઝ, મંધાનાને ટ્રેલબ્લેઝર્સ તથા દીપ્તિને વેલોસિટીનું નેતૃત્વ સોંપાયું છે. છેલ્લે ૨૦૨૦માં આ ટૂર્નામેન્ટ યોજાઈ હતી જેમાં ટ્રેલબ્લેઝર્સ ટીમ ચેમ્પિયન બની હતી. ભારતની સિનિયર બેટ્સવુમન મિતાલી રાજ, પેસ બોલર ઝૂલન ગોસ્વામી તથા શિખા પાંડેને કોઈ ટીમમાં સામેલ કરવામાં આવી નથી. આ આઈપીએલમાં વિદેશની ૧૨ ખેલાડીઓ ભાગ લેશે જેમાં સાઉથ આફ્રિકાની લૌરા વોલવાર્ટ અને વિશ્વની નંબર-૧ બોલર સોફી એક્લેસ્ટોન પણ સામેલ છે. થાઈલેન્ડની નથાકેન ચેનતમ બીજી વખત આ લીગમાં રમશે.

## વર્લ્ડ ચેમ્પિયનશિપમાં થાઇ બોક્સરને હરાવી નિખત ઝરીને ગોલ્ડ મેડલ જીત્યો



ઇસ્તમ્બુલ

ભારતીય બોક્સર નિખત ઝરીને વિમેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. તેણે થાઈલેન્ડની બોક્સર જૂટામાસ જિતપોંગ સામે એકતરફી અંદાજમાં ૫-૦ના સ્કોરથી વિજય હાંસલ કર્યો હતો. ગોલ્ડ મેડલ જીતવાની સાથે ઝરીન વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનાર પાંચમી ભારતીય મહિલા બોક્સર બની ગઈ છે. છ વખતની ચેમ્પિયન એમસી મેરિકોમ, સરિતા દેવી, જેની આરએલ તથા લેખા કેસી આ પહેલાં વર્લ્ડ ટાઈટલ જીતી ચૂકી છે. ઝરીનના ગોલ્ડ મેડલ ઉપરાંત મનીષા મોને ૫૭ કિલોગ્રામ તથા પરવીન હુડાએ ૬૩ કિલોગ્રામ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. ચાર વર્ષના ગાળા બાદ કોઈ ભારતીય બોક્સર વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતી છે. મેરિકોમે ૨૦૧૮માં ભારત માટે છેલ્લો ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# 82 દિવસ પછી રશિયાનો મારિયુપોલ પર કબજો, યુક્રેન સેનાએ કર્યું આત્મસમર્પણ

## રશિયા સામેના યુદ્ધમાં યુક્રેને દક્ષિણમાં વધુ એક કિલ્લો ગુમાવી દીધો છે

**મોસ્કો**

રશિયા સાથેના યુદ્ધમાં યુક્રેન, દક્ષિણમાં એક કિલ્લો ગુમાવી ચૂક્યું છે. 82 દિવસથી રશિયન દળોના હુમલાનો સામનો કરી રહેલું મારિયુપોલ શહેર હવે યુક્રેનના હાથમાંથી નીકળી ગયું છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે, યુક્રેનની સેનાની છેલ્લી ટુકડીએ મારીયુપોલના એઝોવાસ્ટલ સ્ટીલ પ્લાન્ટમાં રશિયન સેનાને આત્મસમર્પણ કરી દીધું છે.

260 થી વધુ યુક્રેનિયન સૈનિકો સ્ટીલ પ્લાન્ટમાં મહિનાઓથી બંધ હતા અને અહીંથી રશિયન સેના પર જવાબી હુમલાઓ કરી રહ્યા હતા. 24 ફેબ્રુઆરીએ જ્યારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન સામે યુદ્ધની ઘોષણા કરી ત્યારે પહેલા જ દિવસે મારીયુપોલ પર રશિયન સેનાના ભીષણ હુમલા ચાલુ હતા. રશિયન સૈન્યના હુમલાઓને કારણે મારિયુપોલ સંપૂર્ણપણે ખંડેરમાં છે. આટલા દિવસોની ભીષણ લડાઈ બાદ રશિયન સેના દ્વારા મારિયુપોલ પર કબજો મેળવવો એ પુતિન માટે મોટી જીત માનવામાં આવે છે. મારીયુપોલ પર કબજો મેળવ્યા પછી, રશિયન સૈન્યએ હવે એઝોવ સમુદ્રથી ખાર્કિવ સુધીના વિશાળ વિસ્તાર પર કબજો કર્યો છે.

બીજી તરફ ફિનલેન્ડ અને સ્વીડને નાટો સંગઠનમાં સામેલ થવા માટે અરજીઓ જમા કરાવી દીધી છે. નાટોના મહામંત્રી જેન્સ સ્ટોલેનબર્ગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે ફિનલેન્ડ અને સ્વીડને વિશ્વના સૌથી શક્તિશાળી સૈન્ય સંગઠનના સભ્ય બનવા સત્તાવાર રીતે અરજી આપી દીધી છે. તેમણે બંને દેશોએ કરેલી અરજીને આવકાર આપ્યો હતો.

# ટ્વિટરમાં 20% નકલી એકાઉન્ટ સોદો અટકાવી દેવા જાહેરાત થઈ

**ડેટ્રોઈટ**

ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક અને ટ્વિટરના સીઈઓ પરાગ અગ્રવાલ વચ્ચે ટ્વિટરમાં નકલી એકાઉન્ટ્સ (બોટ્સ) મુદ્દે વિવાદ સતત વકરી રહ્યો છે. પહેલાં ઈલોન મસ્કે અચાનક જ ટ્વિટરના નકલી એકાઉન્ટ્સ પાંચ ટકા કરતાં વધુ હોવાનો દાવો કરીને ડીલ અટકાવી દેવાની જાહેરાત કરી હતી. હવે મસ્કે ટ્વિટર ખરીદવા માટે અગાઉ ઓફર કરેલી ૪૪ અબજ ડોલર કરતાં ઓછી કિંમત ચૂકવવાના સંકેત આપ્યા છે.

મસ્કે જણાવ્યું હતું કે, ટ્વિટરના ચીફ એક્ઝિક્યૂટિવ ઓફિસર પરાગ અગ્રવાલ નકલી એકાઉન્ટની સંખ્યા પાંચ ટકાથી ઓછી છે તેવું જાહેરમાં પૂરવાર ન કરે ત્યાં સુધી ટ્વિટર સાથેનો ૪૪ અબજ ડોલરનો સોદો આગળ નહીં વધે. મસ્કના આ નિવેદનથી ટ્વિટર સાથેનું તેમનું બહુચર્ચિત ડીલ ઘોંચમાં પડવાની ધારણાં છે. મસ્કે કહ્યું હતું કે, ટ્વિટર ખરીદવા માટે ૪૪ અબજ ડોલરની તેમની ઓફર કંપનીના એસઈસી ફાઈલિંગના આધારે હતી. જોકે, ટ્વિટરમાં ૨૨૯ મિલિયન એકાઉન્ટ્સમાંથી ૨૦ ટકા નકલી એકાઉન્ટ હોઈ શકે છે. ઈલોન મસ્કે ગયા સપ્તાહે નકલી એકાઉન્ટ મુદ્દે અચાનક જ સોદાને અટકાવી દેવાની જાહેરાત કર્યા બાદ પરાગ અગ્રવાલે નકલી એકાઉન્ટના પુરાવા દર્શાવવાની ના પાડી દીધી હતી.

# ક્વાડ સમિટમાં ભાગ લેવા મોદી 24 મેએ જાપાન જશે

**ટોકિયો**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૪ મેએ જાપાનના પ્રવાસે જશે. અહીં ચોથા ક્વાડ સંમેલનમાં ભાગ લેવા માટે પીએમ મોદી ટોકયો જઈ રહ્યા છે. ટોકયોમાં પીએમ મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિશન અને જાપાનના પીએમ ફુમિઓ કિશિદા સાથે મુલાકાત કરશે. તેમની અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડેન સાથે દ્વિપક્ષીય વાર્તા પણ થશે. ભારતીય વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી છે. ક્વાડમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ભારત અને જાપાન સભ્ય છે. આજે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યુ કે, આ હિન્દ પ્રશાંત ક્ષેત્ર અને પરસ્પર હિતના બીજા વિશ્વ મુદ્દા પર ચર્ચા કરવાનો એક સારો અવસર હશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યુ કે, પીએમ મોદી જાપાની બિઝનેસ લીડર્સની સાથે એક બિઝનેસ ઈવેન્ટમાં પણ ભાગ લેશે. તો જાપાનમાં ભારતીય સમુદાયને પણ મળશે અને તેને સંબોધિત કરશે. પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સાથે પણ દ્વિપક્ષીય વાર્તા કરશે.

# ઉત્તર કોરિયામાં કોરોનાનો રાફડો : એક જ દિવસમાં 2 લાખથી વધુ કેસ નોંધાયા

## સંક્રમિતોની સંખ્યા વધતા દેશની સ્વાસ્થ્ય વ્યવસ્થાને ખતરો, 740,160 લોકો ક્વોરન્ટાઈન

**સિઓલ**

ઉત્તર કોરિયામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે. એક અઠવાડિયામાં દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા 20 લાખની નજીક પહોંચી છે. 24 કલાકમાં કોરોનાના 262,270થી વધુ નવા કેસ આવ્યા છે. ઉત્તર કોરિયાના એન્ટી વાયરસ મુખ્યાલયે આપેલી માહિતી અનુસાર છેલ્લા 24 કલાકમાં 1 મોત થયું છે. અહીં સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે પણ મોતની સંખ્યા નહીંવત હોવાથી થોડી રાહત મળી રહી છે. વિશેષજ્ઞો માને છે કે મોતના આંકડા છૂપાવવામાં આવી રહ્યા નથી. એપ્રિલ અંત સુધીમાં અહીં 1.98 મિલિયનથી વધુ લોકો તાવ જેવા લક્ષણોથી પીડિત હતા પણ સરકારે ઓછા આંકડા બતાવ્યા હતા. મળતી માહિતી અનુસાર અહીં 7,40,160 લોકો ક્વોરન્ટાઈનમાં છે. દેશની રાજધાની પ્યોંગયાંગમાં મોટી સંખ્યામાં ઓમિક્રોનથી સંક્રમિત લોકો છે. દેશના નેતા કિમ જોંગ ઉને સરકારી અધિકારીઓને બેદરકારી દેખાડવાને લઈને આરોપ લગાવ્યા છે અને સાથે ઠપકો પણ આપ્યો છે. ઉત્તર કોરિયાએ સંયુક્ત રાષ્ટ્ર સમર્થિત કોવૈક્સ રસીકરણ કાર્યક્રમથી મદદ લેવાનો પ્રસ્તાવ ઠુકરાવ્યો છે. એવામાં દેશની મોટી આબાદીને વેક્સીન લગાવાઈ નથી. મળતી માહિતી અનુસાર એકસાથે આટલી મોટી સંખ્યામાં લોકોના સંક્રમિત થવાથી દેશની સ્વાસ્થ્ય વ્યવસ્થા બગડી છે.

# ચીની વિમાન જાણીજોઈને ક્રેશ કરાવાયું, બ્લેક બોક્સના ડેટા પરથી થયો ઘટસ્ફોટ

## 23 માર્ચની આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર બધા 123 યાત્રીઓ માર્યા ગયા હતા

**બેઈજિંગ**

ચીનમાં આ વર્ષે થયેલી ભીષણ વિમાન દુર્ઘટનાને લઈને ચોંકાવનારી માહિતી સામે આવી છે. બ્લેક બોક્સ ડેટા પ્રમાણે ચાઈના ઈસ્ટર્ન જેટના પ્લેનને જાણીજોઈને ઊંચાઈ પરથી નીચે લાવીને ક્રેશ કરવામાં આવ્યું હતું. કોકપિટમાં કોઈ વ્યક્તિએ જાણીજોઈને વિમાનને નીચે લાવીને ક્રેશ કરાવાયેલું હતું અને થોડી જ સેકન્ડમાં તે ચકનાચૂર થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર બધા યાત્રીઓ માર્યા ગયા હતા. ગુઆંગ્જી પ્રાંતમાં થયેલી આ દુર્ઘટનામાં 123 યાત્રીઓ માર્યા ગયા હતા. પ્લેન ક્રેશની પ્રાથમિક તપાસમાં એવું કહેવામાં આવ્યું હતું કે, નષ્ટ થયેલા વિમાનના બ્લેક બોક્સના ફ્લાઈટ ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.



આ ડેટા સંકેત આપે છે કે, કોકપિટમાં હાજર રહેલા કોઈ વ્યક્તિએ ઈરાદાપૂર્વક એરક્રાફ્ટને નીચે ડાઈવ કરવા મજબૂર કર્યું હતું. જોકે, એરલાઈન અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડે આ રિપોર્ટ પર હજુ કોઈ પ્રતિક્રિયા નથી આપી.

# યુએસમાં ફાયરિંગના 2 બનાવો 4 નાગરિકોનાં મોત, 8ને ઈજા

## કેલિફોર્નિયાના ચર્ચમાં, હ્યુસ્ટનના માર્કેટમાં ફાયરિંગ થયું

**હ્યુસ્ટન**

અમેરિકામાં ફાયરિંગની બે ઘટનાઓ બની હતી. આ ફાયરિંગની ઘટનાઓમાં ચારનાં મોત થયા હતા, આઠને ઈજા પહોંચી હતી. ફાયરિંગ કરનારાઓની ધરપકડ થઈ છે અને પૂછપરછ શરૂ કરવામાં આવી છે. અમેરિકાના કેલિફોર્નિયામાં ઓરેન્જ કાઉન્ટીના લાગુના વૂડ્સમાં આવેલા એક ચર્ચના પટાંગણમાં ભોજન સમારોહ ચાલતો હતો. એ વખતે એક વ્યક્તિએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં બેનાં મોત થયા હતા અને પાંચને ઈજા પહોંચી હતી. બીજું ફાયરિંગ હ્યુસ્ટનમાં થયું હતું. હ્યુસ્ટનના એક વ્યસ્ત માર્કેટમાં બે જૂથ વચ્ચે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. એ દલીલો વચ્ચે એક જૂથે ગોળીબાર કર્યો હતો, જેમાં બેનાં મોત થયા હતા. ત્રણને ઈજા પહોંચી હતી. આ ગોળીબારમાં કોઈ અન્ય નાગરિકોને ઈજા પહોંચી નથી. જૂથના લોકો જ સામ-સામા ઘવાયા છે. પોલીસના કહેવા પ્રમાણે જે ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, એમાંથી જ બે આરોપીઓએ ગોળીબાર કર્યો હતો. પોલીસે તેની પૂછપરછ હાથ ધરી હતી.

# આર્થિક નુકસાનની ભરપાઈ કરવા શ્રીલંકા રાષ્ટ્રીય એરલાઈન્સ વેચાશે

**કોલંબો**

શ્રીલંકાની નવી સરકારે આર્થિક નુકશાનની ભરપાઈ કરવા માટે પોતાની રાષ્ટ્રીય એરલાઈનને વેચવાની યોજના બનાવી છે. જેથી દેશની નાણાકીય સ્થિતિને સંભાળી શકાય. અધિકારીઓને સરકારી કર્મચારીઓની સેલેરી આપવા માટે નવી નોટ છાપવા માટે મજબૂર થવું પડ્યું છે.

શ્રીલંકાના નવા તંત્રની યોજના છે કે, શ્રીલંકાની એરલાઈનને પ્રાઈવેટ હાથોમાં સોંપી દેવામાં આવે. વડા પ્રધાન રાનિલ વિક્રમસિંઘે ટીવી પર આપેલા એક સંબોધનમાં એ કહ્યું કે, માર્ચ 2021માં પૂર્ણ થયેલા નાણાકીય વર્ષમાં શ્રીલંકાની એરલાઈન 45 બિલિયન રૂપિયાના નુકશાનમાં હતી.

શ્રીલંકા અભૂતપૂર્વ આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે અને દેશ વિદેશી દેવું પર ડિફોલ્ટ થવાથી થોડા દિવસો દૂર છે. વિક્રમસિંઘે કહ્યું કે, એવું ન થવું જોઈએ કે, જેમણે ક્યારેય કોઈ વિમાનમાં પગ ન મૂક્યો હોય તેવા ગરીબ લોકો આ નુકશાનનો ભાર ઉઠાવે.

# દુનિયામાં અન્ન સંકટ ગંભીર બનશે, ઘઉંની નિકાસ પરના ભારતના પ્રતિબંધનો USએ કર્યો વિરોધ

**વોશિંગ્ટન**

ઘર આંગણે ઘઉંની કિંમતોમાં થયેલા વધારાના કારણે ભારતે ઘઉંની નિકાસ પર મુકેલા પ્રતિબંધનો અમેરિકાએ વિરોધ કર્યો છે. અમેરિકાના સંયુક્ત રાષ્ટ્રના રાજદૂત લિન્ડા થોમસ ગ્રીનફિલ્ડે આશંકા વ્યક્ત કરી છે કે, ભારતના આ નિર્ણયથી વિશ્વ પર અનાજનુ સંકટ વધશે. ગ્રીનફિલ્ડે કહ્યુ છે કે, અમે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ અંગે ભારતના નિર્ણયનો અભ્યાસ કર્યો છે. અમને લાગે છે કે, નિકાસ પર આ પ્રકારના પ્રતિબંધથી વિશ્વ પર તોળાઈ રહેલુ અન્ન સંકટ વધારે ગંભીર બનશે.આશા છે કે, આ નિર્ણય પર ભારત ફરી વિચારણા કરશે. તેમણે કહ્યુ હતુ કે, સુરક્ષા પરિષદ દ્વારા આ મુદ્દે બેઠક બોલાવવામાં આવી છે અને અમને આશા છે કે, ભારત આ બેઠકમાં સામેલ થશે. અન્ય દેશો દ્વારા જે ચિંતા



વ્યક્ત થઈ રહી છે તેને ભારત ધ્યાનમાં લેશે. દરમિયાન ભારત સરકારે પ્રતિબંધમાં થોડી ઢીલ મુકી છે અને કહ્યુ છે કે, નિકાસ માટે 13 મે પહેલા કસ્ટમ ઈન્સ્પેક્શન માટે સુપરત થઈ ગયેલી અથવા રજિસ્ટર થઈ ગયેલી ઘઉંની ખેપને નિકાસ માટે પરવાનગી આપી દેવાશે.

# ચાર્લી ચેપ્લિનનું નામ લઈ યુક્રેન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી દ્વારા પુતિન ઉપર કટાક્ષ કરાયો

## કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત ઝેલેન્સકીના વીડિયો સંદેશ સાથે થઈ

**ખારકીવ**

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2022 ની શરૂઆત મંગળવારના રોજ રશિયન હુમલાનો સામનો કરી રહેલા યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીના વીડિયો સંદેશ સાથે થઈ હતી. પહેલા, 2020 કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ કોરોના વાયરસ રોગચાળાને કારણે રદ કરવામાં આવ્યો હતો, જ્યારે ગયા વર્ષે તે ખૂબ જ નાના પાયે યોજાયો હતો.

યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ કાન ફિલ્મ ફેસ્ટિવલ 2022 દરમિયાન ચર્ચામાં હતું. ઉદ્ઘાટન સમારોહ દરમિયાન, વોલોડીમીર ઝેલેન્સકીએ સિનેમા અને વાસ્તવિકતા વચ્ચેના સંબંધ વિશે લાંબી વાત કરી. તેમણે ફ્રાન્સિસ ફોર્ડ કોપોલાની 'એપોકેલિપ્સ નાઉ' અને ચાર્લી ચેપ્લિનની 'ધ ગ્રેટ ડિક્ટેટર' જેવી ફિલ્મોને તેમની પ્રેરણા માની હતી.



યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ પોતાના સંદેશમાં મહાન હાસ્ય કલાકાર ચાર્લી ચેપ્લિનનો ઉલ્લેખ કર્યો હતો અને ફિલ્મ ધ ગ્રેટ ડિક્ટેટરમાં તેમનું છેલ્લું ભાષણ વાંચીને કહ્યું હતું કે, 'લોકોની નફરતનો અંત આવશે અને સરમુખત્યારોને મારી નાખવામાં આવશે.

# ભારતને રશિયાથી અલગ કરવા USની પેરવી : શસ્ત્ર સહાય આપવા તૈયારીઓ

**વોશિંગ્ટન**

ભારત અમેરિકા સંબંધો અત્યારે ટોચ ઉપર છે અમેરિકા આ 'વિશેષ સંબંધો'ને આગળ વધારવા પ્રયત્નો કરી રહ્યું છે. તે સંરક્ષણ ક્ષેત્રે ભારતની રશિયા ઉપરની નિર્ભરતા દૂર કરવા ભારતને શસ્ત્ર સહાય આપવા તૈયાર છે તે માટે એક પેકેજ પણ તૈયાર કરી રહ્યું છે. તે ભારતને ૫૦ કરોડ ડોલરની ઈકોનોમિક મિલિટરી સહાય આપવા તૈયાર છે. આ સહાય પ્રાપ્ત કરનાર દેશોમાં ઈઝરાયેલ અને ઈજીપ્ત પછી ભારત ત્રીજો દેશ બની રહેશે. કે જેને અમેરિકાએ આટલી મોટી સહાય આપી હોય. આ અંગે અમેરિકી અધિકારીએ જણાવ્યું હતું કે, ભારતને લાંબા સમયના સંરક્ષણ ભાગીદાર તરીકે રાખવામાં તે પગલું મહત્ત્વનું બની રહેશે.

અમેરિકા ભારતને યુદ્ધ વિમાનો, યુદ્ધ જહાજ અને ટેન્કો જેવા મહત્ત્વના શસ્ત્ર સરંજામ આપવા માગે છે. અમેરિકા અને તેના સાથી રાષ્ટ્રો શરૂમાં તો ભારત અંગે નિરાશ હતા પરંતુ હવે મોદી સરકારને મહત્ત્વના સંરક્ષણ ભાગીદાર તરીકે લલચાવવાના પ્રયાસો અમેરિકા અને તેના સાથીઓએ શરૂ કરી દીધા છે. આગામી સપ્તાહે મોદી દક્ષિણ કોરિયામાં બાયડન સાથે શિખર મંત્રણા યોજશે આ બેઠકમાં ક્વાડના નેતાઓ પણ ઉપસ્થિત રહેશે. તે બેઠકમાં અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા તથા ભારતના દેશો ભાગ લેવાના છે.

# પાકિસ્તાનના ખૈબર પ્રાંતમાં 2 શીખ ઉદ્યોગપતિની ઘાતકી હત્યા

## બાઇક પર આવેલા અજાણ્યા શખ્સોએ ગોળીબાર કર્યો

**ઇસ્લામાબાદ**

પાકિસ્તાનના ખૈબર પ્રાંતમાં બે શીખ બિઝનેસમેનની હત્યા કરી દેવામાં આવી હતી. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે હત્યા પાછળ આતંકીઓનો હાથ હોઈ શકે છે. જે શીખોની હત્યા કરાઇ તેઓ અફઘાનિસ્તાન સરહદે ખૈબર પ્રાંતમાં રહેતા હતા.

અફઘાનિસ્તાન સરહદના ખૈબર પ્રાંતમાં વસતા હિન્દૂઓ, શીખો સહિતના પાકિસ્તાની લઘુમતીઓ પર આતંકીઓ દ્વારા હુમલાનું પ્રમાણ વધ્યું છે. હાલમાં જ શીખ બિઝનેસમેન ૪૨ વર્ષીય સલજીતસિંહ, ૩૮ વર્ષીય રણજીતસિંહની હત્યા કરવામાં આવી હતી. વહેલી સવારે આ બન્ને પર બાઈક પર સવાર થઈને આવેલા અજાણ્યા શખ્સોએ ગોળીબાર કર્યો હતો. આ બન્ને શીખ પેશાવરથી ૧૭ કિમી દુર મસાલાનો વેપાર કરતા હતા અને દુકાન પણ ચલાવતા હતા. આ હુમલાની જવાબદારી હજુસુધી કોઇ આતંકી સંગઠન દ્વારા લેવામાં નથી આવી.

# બ્રિટનમાં કોરોનાને કારણે અર્થતંત્રને ફટકો, ૯૧ હજાર સરકારી કર્મચારીની નોકરી જશે

## 38 હજાર લોકો સરકારી નોકરી છોડી રહ્યા હોવાનો દાવો કરાયો

**લંડન**

બ્રિટન સરકાર લગભગ ૯૧ લાખ સરકારી કર્મચારીઓને નોકરીમાંથી કાઢવાની તૈયારી કરી રહી છે. બ્રિટન સરકારના વરિષ્ઠ પ્રધાન જેકબ રીસ મોગના જણાવ્યા અનુસાર સરકાર ખર્ચ ઘટાડવાના ઉદ્દેશથી આ કર્મચારીઓની સંખ્યા ઘટાડશે.

આ વાત માનવામાં અસામાન્ય લાગે છે પણ સરકારી કર્મચારીઓની સંખ્યા ઘટાડીને ૨૦૧૬ જેટલી કરી નાખવામાં આવશે. આ રીતે જોઈએ તો બ્રિટનમા દર પાંચમાંથી એક સરકારી કર્મચારીની નોકરી જશે.

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને પણ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે અમે સરકારી ખર્ચમાં ઘટાડો કરવા માગીએ છીએ. કોરોનાને કારણે અર્થતંત્ર મોટા પાયે નુકસાન થયું છે. તેમણે જણાવ્યું હતું કે ૯૧ લાખ સરકારી નોકરીઓ સમાપ્ત કરવામાં આવશે. જેનો અર્થ થાય છે કે બ્રિટન લગભગ ૨૦ ટકા સરકારી નોકરીઓ સમાપ્ત થઈ જશે. તેનાથી વાર્ષિક ૩.૫ અબજ પાઉન્ડની બચત થશે.

જેકબ રીસ મોર્ગના જણાવ્યા અનુસાર દર વર્ષે ૩૮૦૦૦ લોકો સરકારી નોકરીમાં રાજીનામું આપી રહ્યાં છે. આ સ્થિતિમાં એ જ યોગ્ય છે કે સરકારી નોકરીઓમાં ભરતી રોકી દેવામાં આવે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોરોનાનું જોખમ સમાપ્ત થયા પછી પણ લોકો ઘરેથી કામ કરી રહ્યાં છે.

॥ સ્વામી શ્રીજી ॥

પ. પૂ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા

# માનવજીવનની કિંમત કેટલી? એક કપ ચા જેટલી

**પ્રશ્ન : માનવજીવનની કિંમત કેટલી ?**

**જવાબ : એક કપ ચા જેટલી.**

આ કેવો વિચિત્ર જવાબ લાગે છે ! પણ આ એક હકીકત છે !


આણંદ જિલ્લાના એક ગામમાં, એક ભાઈએ પોતાની બહેન પાસે ચા માગી. બહેને ચા બનાવી આપી, પરંતુ પેલાએ વધુ એક કપ ચા માગી અને બહેને ના પાડી. એટલામાં તો ભાઈનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો અને બાજુમાં પડેલી કુહાડીથી બહેનને પતાવી દીધી. માનવ જીવનની કિંમત કેટલી? તે જગતને બતાવી.

આવો જ એક પ્રસંગ મુંબઈના પરેલ વિસ્તારમાં ત્રીજા માળે થયો. પત્નીએ બપોરે કઢી બનાવી. પતિએ પીધી, તો ઘણી સ્વાદિષ્ટ લાગી. એટલે સાંજ માટે રાખી મૂકવાનું કહી તે નોકરીએ ગયો. આ બાજુ પત્ની જ્યારે પાછળથી જમવા બેઠી, તો તેને પણ ભાવી અને જોતજોતામાં કઢી પૂરી થઈ ગઈ. સાંજે જ્યારે પતિ ઘરે આવ્યો અને કઢી માંગતાં તે ન મળી, તો પત્નીને ત્રીજા માળેથી ફેંકી દીધી. અહીં માનવજીવનની કિંમત કેટલી ? એક વાટકી કઢી જેટલી.

આજનો માનવી સ્વાદની લોલુપતામાં એટલો બધો ઘેલો થયો છે કે, સંજોગોની પાર કાંઈ જ વિચારી શકતો નથી. અનાદિકાળથી માણસ સુખ મેળવવા માટે દરેક ક્ષેત્રમાં ખેડાણ કરી રહ્યો છે. તો રસોઈનું ક્ષેત્ર તેનાથી બાકાત કેવી રીતે રહે ?! કારણ કે, આ તો જીવપ્રાણીમાત્રના રસનો વિષય કહેવાય.

એન્થની બ્રિલેટ નામની લેખિકાએ પોતાનું પુસ્તક 'સાયકોલોજી ઓફ ટેસ્ટ'માં લખ્યું છે કે, "એક નવા ગ્રહની શોધ કરતાં, નવી વાનગીની શોધ માનવજાતને વધુ આનંદ આપી શકે છે." એટલે જ તો ઘરમાં નાસ્તાના ડબ્બાથી લઈને હોટલમાં ફૂડના મેન્યુ સુધી, બધું જ સમયે-સમયે અપડેટ કરવું પડે છે.

સ્વાદ ઈન્દ્રિયનું વાનગીઓ પ્રત્યે ઉત્પન્ન થતું સાહજીક આકર્ષણ, સૌના જીવ સાથે જડાયેલું હોય છે. પરંતુ આ આકર્ષણ જ્યારે આસક્તિમાં પરિવર્તે છે, ત્યારે મોહાન્ધ થયેલા માનવો, માનવજીવનની કિંમત એક કપ ચા કે એક વાટકી કઢી જેટલી બનાવી દે છે.



રોટલીમાં ઘી કેમ ઓછું પડ્યું ? શાકમાં મીઠું કેમ વધારે છે ? રોજ એકનું એક મેન્યુ ! બીજું બનાવતા આવડે છે કે નહીં ? વગેરે પ્રશ્નોની પરંપરાએ આજના સમાજને સ્વાદરૂપી સાંકળથી બાંધી દીધો છે. આવા પ્રશ્નો ઝઘડાની ચિનગારીરૂપે પેદા થાય છે, ને પછી એ ઝઘડાના અગ્નિમાં કાં તો સંબંધો હોમાય છે, કાં તો વ્યક્તિ પોતે. શું આવા ઝઘડાનો અંત આણવા કોઈ ઉપાય છે ખરો ?

હા, આવા ઝઘડાને શરૂ કરનાર પ્રશ્નોરૂપી જે ચિનગારી છે, તેને જ જો દાબી દઈએ, તો આપણા સંબંધો અને પરિવારના સભ્યોને આપણે બચાવી શકીએ. આ માટે કેવળ થોડો દૂરનો વિચાર કરવાની જરૂર છે.

સંસ્કૃતના એક વિદ્વાન વિમલશંકર શાસ્ત્રીનો પ્રસંગ આ બાબતમાં ખૂબ પ્રેરણારૂપ છે. એક વાર તેમના પુત્રવધુથી બપોરે ભોજનમાં મીઠું વધારે નંખાઈ ગયું. આથી તેઓ થોડું જમીને ઊભા થઈ ગયા. પુત્રવધૂને જ્યારે ખબર પડી કે, રસોઈમાં મીઠું વધારે નંખાઈ ગયું છે, ત્યારે તેણે સસરાની માફી માગી. એ વખતે વિમલશંકર શાસ્ત્રી બોલ્યા, "દીકરી ! આ મારું અંતિમ ભોજન નહોતું, કંઈ વાંધો નહીં, હું સાંજે વધુ જમી લઈશ."

જો આવો થોડો દૂરનો વિચાર હોય, તો ઝઘડાનું કોઈ કારણ જ સંભવે નહીં.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા, "આપણે ખાવા માટે જીવવાનું નથી, પરંતુ જીવવા માટે ખાવાનું છે." આ જ વાત શબ્દશ: તેઓના જીવનમાં પણ દેખાતી. તેઓએ ક્યારેય જમવા માટે કોઈ માંગણી કે ફરિયાદ કરી જ નથી. જે આવે તે બધું ભગવાનને સંભારીને જમી જ લીધું છે.

ઈંગ્લેન્ડમાં એક વખત પ્રમુખસ્વામી મહારાજ ભોજનના અંતે ખીચડી જમી રહ્યા હતા, ત્યારે સેવક સંતે આગ્રહ કરીને કઢી વધારે આપી. તેમણે જમી લીધું, ત્યાં તો બીજા સંતે અંદરથી બૂમ મારતાં કહ્યું, "કઢી ન આપતા, બહુ જ ખરાબ સ્વાદ છે, ખૂબ ગંધાય છે."

સેવક સંતે તપાસ કરી તો ખબર પડી, કે જે વસ્તુને દહીં સમજીને તેમણે કઢી બનાવી હતી, તે દહીં નહોતું. પણ ફ્રિઝમાં ઘણા દિવસની પડી રહેલી વાસી દૂધની મલાઈ હતી. તેમણે ચાખ્યું તો તેનો સ્વાદ કેવળ વિચિત્ર નહીં, પણ અત્યંત વિચિત્ર હતો. તેમણે જ્યારે પ્રમુખસ્વામી મહારાજની માફી માગી, ત્યારે પ્રમુખસ્વામી મહારાજ ઠંડા કલેજે બોલ્યા, "ઠાકોરજી જમ્યા પછી આપણે શું વાંધો ?"

સતત ગામોગામ વિચરણ કરતા પ્રમુખસ્વામી મહારાજને આવા તો કેટકેટલા અનુભવ થયા છે. એકવાર મુંબઈમાં વિચિત્ર સ્વાદવાળો મોસંબીનો રસ પી ગયા હતા. તો એકવાર એક હરિભક્તના ઘરે કોઈ પણ ફરિયાદ વગર કડવી કાકડી જમી ગયા. એકવાર ગોંડલમાં દૂધીના ખારા ઢેબરાં જમી ગયા, તો એકવાર અમદાવાદમાં નવી ઘંટીમાં દળાયેલા લોટની રોટલીમાં, પથ્થરની કરકર આવી ગઈ હતી, તો તે પણ એક શબ્દ ઉચ્ચાર્યા વગર જમી ગયા. આવા તો અનેક પ્રસંગો છે.

માટે જમવા જેવી ક્ષુલ્લક બાબતોને લીધે આપણા સંબંધો અને પરિવારને ખોવાનો વારો આવે, એમાં ક્યાંનું શાણપણ ? પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાપુરુષો આવા પ્રશ્નોમાં આપણા માટે દીવાદાંડીરૂપ છે. તેમનામાંથી પ્રેરણા લઈએ અને ખાવા માટે નહીં, પરંતુ જીવવા માટે ખાઈએ.

**• સાધુ અચલકીર્તિદાસ**

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price
- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

VOTE



Sandra TAM
Liberal Candidate
Markham-Thornhill

મારખમ મારું ઘર છે.
મેં ૨૦ વર્ષથી વધુ સમયથી આર્થિક વિકાસના નિયામક તરીકે કામ કર્યું છે અને હજારો નોકરીઓ અને વ્યવસાયોને મારખમમાં લાવવામાં મદદ કરી છે.

Libéral

ઓન્ટારિયો લિબરલ સરકાર શું કરશે :
- ૪૦૦,૦૦૦ વરિષ્ઠો માટે હોમ કેર પ્રદાન કરશે, જેથી વરિષ્ઠોને તેમના પરિવારો સાથે ઘરે રહેવાની મંજૂરી મળે.
- વૃદ્ધાવસ્થાની સુરક્ષા ડબલ કરાશે.
- ૨ વર્ષ માટે સાર્વજનિક પરિવહન માટે રાઈડ દીઠ $1 ડોલર પ્રદાન કરશે.
- રેસ્ટોરન્ટમાંથી ટેક્સ દૂર કરાશે.
- નાના વ્યવસાયો માટે કોર્પોરેટ ટેક્સ દૂર કરાશે.

" હું સાન્દ્રાને ૨૦ વર્ષથી ઓળખું છું. સાન્દ્રાએ હજારો વ્યવસાયોને વિકસાવવામાં અને સફળ થવામાં મદદ કરી છે. મારખમના લોકો ભાગ્યશાળી હશે કે તેઓને સાન્દ્રા ટેમ MPP તરીકે મળી
Frank Scarpitti
Mayor of Markham.

" હું મારખમ–થોર્નહિલમાં આગામી MPP તરીકે સાન્દ્રા ટેમ સાથે કામ કરવા આતુર છું.
Mary Ng
Member of Parliament.

" સાન્ડ્રા માને છે કે લોકો તેમની જાતિ અથવા ધાર્મિક માન્યતાઓને ધ્યાનમાં લીધા વિના સલામત પડોશમાં રહેવા અને કામ કરવા માટે સક્ષમ હોવા જોઈએ.
Khalid Usman
Markham City Councillor

" "સાન્ડ્રાએ મારખમ શહેરમાં રોકાણ અને નોકરીઓ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે"
Nirmala Armstrong
Former Markham Regional Councillor.

Vote
- Advance Poll : May 19-22 10 am – 8 pm Aaniin Community Centre 5665 14th Ave
  May 19-28 10 am – 8 pm Milliken Community Centre 7600 Kennedy
- Election Day : June 2 9 am – 9 pm

મતદાર યાદી માટે ? : www.elections.on.ca
સાન્દ્રાને જીતાડવા મદદ કરો: 289-806-1788
Sandratam.ca

Authorized by the CFO for the Sandra Tam Campaign